Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यन्निभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीमितेन तदपनयनाय हेयोपादेय--पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक ११ ] वीर संवत् २४४०, जेष्ठ. आत्म. संवत् १८ [ अंक ११ मो.

## પ્રભુસ્તુતિ.

### શાર્દૂલવિક્રીડિત.

[1]વાણી શીતલ છાય સર્વ જગમાં જેની છવાઇ રહી,
જ્યાં દેવાસુર ભવ્ય જીવ [2]વિહગ શ્રેણી રહે આશ્રયી;
ફુલ્યો [3]આગમ પલ્લવે શુભ [4]ગતિ પુષ્પે વિકાશ્યો ફલે,
[5]મોક્ષે તે જિનકલ્પ વૃક્ષ જગમાં સત્પુણ્ય યોગે મલે. ૧

### અનુષ્ટુપ્.

જ્ઞાન દર્શન ચારિત્ર ત્રિપુટી યોગ સાધવા;
પ્રેરજો બુદ્ધિને વીર, કર્મ જાળ વિદારવા. ૨

---

૧ દેશના વાણી રૂપી જેની શીતલ છાયા છે.
૨ દેવ, અસુર અને ભવિજન રૂપી પક્ષીઓની પંક્તિ જ્યાં આશ્રય કરી રહે છે.
૩ આગમ રૂપી પલ્લવ.
૪ સારિ ગતિ રૂપી પુષ્પોથી વિકાશ પામેલો.
૫ મોક્ષરૂપ ફ્લને આપનારો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ જૈનં જયતિ શાસનમ્ ॥

## " જૈનાચાર્ય શ્રી ૧૦૮ શ્રીમદ્વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજકી " " સ્વર્ગતિથિકે ઉત્સવમેં ગાનેયોગ્ય ગાયન "

## " પ્રભુસ્તુતિ "

॥ ત્રોટક છંદ ॥

પ્રભુ વીર જીનંદ સુ ચંદ સમા, સમતા કરતા હર તાપ તમા ।
તમ દૂર કરી ભવ ભીતિ હરી, હરિ નિત્ય નમે તુમ પાંવ પરી ॥ ૧ ॥
પરમાતમ આતમ રામ રટું, રટના રટતો ભવમાં ન અટું ।
અટવી ભવતારક નાથ તમે, તમને જગતાત નમે ન ભમે ॥ ૨ ॥
નભમે પ્રભુપાદ તળે અમરા, અમરાધિપ આણુ ધરી પ્રવરા ।
વર પંકજ હેમ સુખેમ ધરે, ધરણીપર વીર થઇ વિચરે ॥ ૩ ॥
ચરણા તુમરા શરણા જગમેં, જગનાથ નિરંજન રૂપ ગમે ।
ગમતા મન માન સરોવરમેં, રમતા જન તે ભવસાગરમે ॥ ૪ ॥
ગરિમા ગુણવંત કરો કરુણા, કરૂણાકર દીન દયાળ પુના ।
પુનરાગમના નવિ થાય વિભો, વિભવાલય વીર નમો ભવિ ભો! ॥ ૫ ॥

## " ગુરૂસ્તુતિ "

॥ ત્રોટક છંદ ॥

ગુરૂ આતમ રામ સુ સાધુ યતી, યતિનાથ અનોભવ સાથ અતિ ।
અતિચાર વિના કિરિયા કરતા, કરતા ભવિ બોધ સુબોધ રતા ॥ ૧ ॥
રત નાણ વિષે યતિ ધર્મ ધની, ધન માલ તજી મુનિરાજ બની ।
બની શાંત નિજાતમ સાધનમેં, નમિ ભાવ ધરી પરમાતમમે ॥ ૨ ॥
તમ દૂર કરી ભવભીતિ હરી, હરિ પાંવ નમે જસ રીતિ ખરી ।
ખર કામ ન નામ જરા મનમે, મનસા વચસા તન દેવ નમે ॥ ૩ ॥
નમ રાગ ધરી જસ રાગ નહી, નહિ દોષ નહી નહિ તોષ સહી ।
સહતે નિત વીસ દુ સાથ કરી, કર ધાર ખમા તરવાર ઠરી ॥ ૪ ॥
ઠરતા જસ આતમ દેખ ગુની, ગુણવાન ગુણાકર જાન ધુની ।
ધુન વલ્લભ લાગ રહી સુગુરો, ગુરૂ આતમ આતમરામ ગુરો ॥ ૫ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"ધનાશ્રી"

આતમરામ આધાર ભવિકજન, આતમરામ આધાર ॥ અંચલિ ॥
સદ્ગુરૂ આતમરામ સુહંકર, નિજ સમ પર ગણનાર—ભવિકજન૦ ॥૧॥
સંવત શત અડદશ ત્રાણુમે ક્ષત્રિય કુલ અવતાર— ભવિકજન૦ ॥૨॥
સંવત ઓગણીસો દશ દીક્ષા, ઢુંઢક મત અનુસાર— ભવિકજન૦ ॥૩॥
સંવત ઓગણીસો બતીસા, સંવેગી સિરદાર— ભવિકજન૦ ॥૪॥
જ્ઞાન દરસ ચારિતર સુંદર, દેખી સંઘ મનોહાર— ભવિકજન૦ ॥૫॥
સંવત ઓગણીસો ત્રેતાલા, પાલીતાણા મોઝાર— ભવિકજન૦ ॥૬॥
**વિજયાનંદ**સૂરિ પદ દીનો, મંગલ જગ જયકાર— ભવિકજન૦ ॥૭॥
ગ્રંથ અનેક રચી જગ કીનો, નામ અમર ઉપકાર— ભવિકજન૦ ॥૮॥
અમેરિકા ચીકાગોકા શુભ, આમંત્રણ સ્વીકાર— ભવિકજન૦ ॥૯॥
ગાંધી વીર પ્રતિનિધિ ભેજી, કીનો જૈન પ્રચાર— ભવિકજન૦ ॥૧૦॥
હૅાર્નલ આદિ પ્રોફેસરકે, સંશય સઘરે નિવાર— ભવિકજન૦ ॥૧૧॥
ઈત્યાદિ ઉપકાર કિયે બહુ, કહેતે નાવે પાર— ભવિકજન૦ ॥૧૨॥
જ્યેષ્ઠ સુદિ ઓગણીસો ત્રેપન, આઠમ મંગલવાર— ભવિકજન૦ ॥૧૩॥
અનશન કરી ગુરૂ સ્વર્ગે પહુંતે, આનંદ જય જયકાર— ભવિકજન૦ ॥૧૪॥
નામ ગુરૂ આનંદસે વિચરે, વલ્લભ ગુરૂ પરિવાર— ભવિકજન૦ ॥૧૫॥

# જૈનોને ઉદયમાં આવતા અંતરાયો.

(એક અદ્ભુત સંવાદનો પ્રસંગ.)

આર્હત ધર્મના પવિત્ર તીર્થ શત્રુંજયની છાયા નીચે રહી બે જૈન વિદ્વાન્ યુવકોની વચ્ચે ચાલેલો એક સંવાદનો પ્રસંગ આકર્ષક હોવાથી આ સ્થળે પ્રગટ કરવો ઉચિત ધારીએ છીએ.

સૂર્યનું તેજસ્વી વિમાન ઉદયગિરિ ઉપર ચડયું હતું. તેના સોનેરી કિરણોએ સિદ્ધગિરિને સુવર્ણમય બનાવી દીધો હતો. આદિનાથ પ્રભુની ધ્વજાની છાયા પશ્ચિમ દિશાની રેખા ઉપર પડતી હતી. તે છાયા નીચે રહી કોઇ બે વિદ્વાન્ યુવકોના હૃદયમાં ધર્મભાવના જાગ્રત થતી હતી. ત્યાંથી જ્યારે તેઓ એક વિશ્રાંતિ સ્થળે આવ્યા, ત્યારે તેમના હૃદયમાં એક જુદીજ ભાવનાએ વાસ કર્યો. તેઓમાંથી એક વિદ્વાન્ બોલી ઉઠયો. "ધર્મબંધુ, આ સ્થળ જો કે પવિત્ર ભાવના ભાવવાનું છે–કલ્યાણના માર્ગો શોધવાનું છે, તથાપિ મારા હૃદયમાં વર્ત્તમાન કાળની સ્થિતિનો વિચાર જાગ્રત થયા વિના રહેતો નથી. સાંપ્રતકાળે આપણાં જૈન બંધુઓની અધમ દશાનો વિચાર કરતાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા હૃદયમાં કંપ છુટે છે–અરે! ભારત વર્ષના જૈન ક્ષેત્રો છતે જળે સુકાવા લાગ્યા છે. મને લાગે છે કે, જો આવી સ્થિતિ ચાલુ રહેશે તો જૈન પ્રજા ઉત્તરોત્તર હીનદશામાં આવી પડશે.”

બીજા વિદ્વાન્ યુવકે આશ્ચર્ય થઇ પ્રશ્ન કર્યો. “બંધુ, સાંપ્રતકાળે જે ભાવનાએ તમારા હૃદયમાં વાસ કર્યો છે, તેજ ભાવનાએ મારા હૃદયમાં પણ વાસ કરેલો છે. તથાપિ મારા હૃદયમાં આશાના અંકુરો હજુ વિદ્યમાન છે. તેથી હું આપણા જૈન બંધુઓના ઉદયની આશા ધરાવું છું. અને તમારી સાથે તે સંબંધી સંવાદ કરવાની ઇચ્છા રાખું છું.”

“ધર્મબંધુ, તમારી સાથે સંવાદ કરવાને હું ખુશી છું. અને તમારા હૃદયમાં જે આશાના અંકુરો છે, તે તદ્દન નકામા છે, એમ સાબીત કરવાને હું સમર્થ છું.” પેહેલા યુવકે આગ્રહ પૂર્વક કહ્યું.

“ભદ્ર, તમારી વાણીમાં કેટલીએક સત્યતા રહેલી છે, તથાપિ મારે કહેવું જોઇએ કે, હજુ જૈનો પોતાનો ઉદય કરી શકે તેમ છે. કારણ કે, ઉદયને માટે જે જે સાધનો જોઇએ તે તે સાધનો મેળવવાને જૈન પ્રજામાં અદ્વિતીય સામર્થ્ય રહેલું છે.” બીજા યુવકે ઉત્સાહથી જણાવ્યું.

“ધર્મભ્રાતા, આ તમારા હવાઇ વિચાર છે; જૈનોના ઉદયમાં મોટા મોટા અંતરાયો ઉભા થયા છે, તે અંતરાયોનો વિચાર કરતાં મારા હૃદય ઉપર મોટો આઘાત થાય છે. અરે હૃદય દગ્ધ થઇ જાય છે. મને તો ખાત્રી થઇ ગઇ છે કે, સૈરાષ્ટ્ર અને ગુજરાતના સદ્વંશી જૈન બંધુઓમાં કુસંપને લઇને કેટલેક સ્થળે ફુટ પડી ગઇ છે. જેને લઇને સંઘના સૌગ્ભાયનો અસ્ત થવા બેઠો છે. જૈનત્વનો ઉજાશ ઝાંખો થયો છે; તેમની આત્મવીર્યનો દૃઢ સ્તંભ શિથિલ થઇ પડયો છે, તેમના પ્રચંડ પ્રતાપનો તાપ મલિન થઇ ગયો છે અને સંપનું સત્તાનાશ વળી ગયું છે.” તે યુવકે અશ્રુપાત કરતાં કરતાં ગર્જનાથી કહ્યું.

“વ્હાલા, આમ ધીરજ શામાટે ત્યજી દે છે. તમારો અશ્રુપાત જોઇ મને વિશેષ ખેદ થાય છે. આવી અધીરતાથી અશ્રુપાત કરવો એ વીરના બાળકોને ઘટે નહીં. હજુ જૈનત્વ જાગતું છે. હજુ ચતુર્વિધ સંઘનું જીવન ટકી રહ્યું છે. હજુ ઉચ્ચ હૃદયના અને ચારિત્ર વિભૂષિત મુનિઓ વિચરે છે, હજુ ઉદાર અને દયાલુ શ્રીમંતો કોઇ કોઇ સ્થળે દેખાય છે, અને હજુ ક્વચિત્ ક્વચિત્ શારદાની પૂજા થાય છે. પ્રિયબંધુ, તે છતાં આમ તદ્દન નિરાશ કેમ થઇ જાઓ છો!” તે યુવકે આશ્વાસનના શબ્દો ઉચ્ચાર્યા.

“અરે ધર્મ બંધુ, તમે ગમે તેવા આશ્વાસનના શબ્દો ઉચ્ચારશો, તો પણ મારા હૃદય ઉપર તેની અસર થવાની નથી. મારા હૃદયમાં જે નિશ્ચય દૃઢીભૂત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થયો છે, તે નિશ્ચય માત્ર તમારા ખોટા મધુર શબ્દોથી કરવાનો નથી." તે યુવકે આક્ષેપથી ઉત્તર આપ્યો.

"ભદ્ર, તમારા અધીરા અને અવિશ્વાસી હૃદયને જ્યારે આશ્વાસન મળે તેમ નથી તો પછી બીજો શો ઉપાય કરવો? જો કોઈપણ ઊપાય તમારા હસ્તગત હોય તો પ્રગટ કરો." તેણે પોતાની જિજ્ઞાસા પ્રગટ કરી.

"ધર્મબંધુ, જૈનોને ઉદય મેળવવામાં કેવા કેવા અંતરાયો ઉભા થયેલા છે, તે જાણ્યા પછી તમારા સમજવામાં આવશે કે, મારા પ્રત્યેક શબ્દ સત્યતાથી ભરેલા અને યથાર્થ છે." તે યુવકે પ્રતીતિ દર્શાવતા કહ્યું.

"ધર્મભ્રાતા, મને તમારા વચનો ઉપર શ્રદ્ધા છે; કારણ કે, તમે આર્હત પ્રજાની આધુનિક સ્થિતિના પૂરેપૂરા માહિતગાર અને અનુભવી છો. માટે આપણાં ધર્મબંધુઓના ઉદયને અંતરાય કરનારી જે જે બાબતો છે, તે સવિસ્તર કહો." તે યુવકે પુનઃ પોતાની તીવ્ર જીજ્ઞાસા પ્રગટ કરી.

"ધર્મબંધુ, સાંભળો પ્રથમતો આપણાં જૈન બંધુઓ ચાલતા જમાનાનું સ્વરૂપ સમજતાં નથી. તેની અજ્ઞાનતાને લઈને ધર્મના વર્તનમાં કોઈ જાતનો સુધારો થતો નથી. આપણા આર્હત ધર્મનો સંબંધ સંસાર વ્યવહારની સાથે પણ રહેલો છે. ગૃહસ્થાવાસના શુદ્ધ સ્વરૂપના વિવેચનમાં ધર્મની પ્રધાનતા રહેલી છે; છતાં કેટલાએક ધર્મ અને સંસાર-વ્યવહારની બાબત જુદી છે, એમ સમજે છે; પરંતુ સાંપ્રતકાળે ધર્મ અને સંસાર-વ્યવહાર ઊભયનો વિચાર સાથેજ કરવાની જરૂર છે. પૂર્વાચાર્યોના હૃદયમાં પણ એવીજ ભાવના હતી. મહોપકારી મહાત્માઓએ પરલોક સાધનના માર્ગમાં ઇહલોકના સાધનો પણ આડકતરી રીતે બતાવેલા છે. આધુનિક જૈન વર્ગ એ વાત તદ્દન ભુલી ગયો છે. ધર્મ અને વ્યવહારને જુદો ગણવાથી તે બંને છિન્નભિન્ન થઈ જાય છે. વ્યવહાર અને ધર્મનો સંબંધ નિકટ છે. ધર્મના નિયમો વ્યવહારની અનુકૂળતા સાથે ગ્રથિત થયેલા છે. માત્ર જે ધર્મના ઉંચા તત્વો છે, કે જેઓ વિરતિ એ નામથી ઓળખાય છે, તેની અંદરજ સંસારનો કેટલોક સમાવેશ થતો નથી. બાકી બીજા ધર્મના સર્વ વિષયોમાં સંસારની અનુકૂલતા રહેલી છે. ધર્મબંધુ, તમારા મનમાં કદિ એવી શંકા આવશે કે, ધર્મ અને સંસાર એ બંનેમાં ધર્મ મુખ્ય છે અને સંસાર ગૌણ છે. તો તે બંનેનું સમાનાધિકરણ શીરીતે થાય? આ તમારી શંકા ક્ષણવાર પણ ટકી શકશે નહીં. કારણ, ધર્મ સંસારથી ઊન્નત છે, એ સત્યવાત છે, પણ ધર્મનું સ્વરૂપ કેવળ વ્યવહાર વિના નભી શકતું નથી. તદ્દન વ્યવહાર વિનાનો ધર્મ શુષ્ક લાગે છે, અને સાધન રહિત દેખાય છે. જો કે, કેવળ ધર્મનીજ પ્રધાનતા હોતતો ધર્મનો એકજ ભેદ ગણતા ચાર ભેદ ગણાતજ નહીં. કારણ કે, દાન, શીળ, તપ, અને ભાવ એ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુર્ભેદના સ્વરૂપમાં ધર્મ તથા વ્યવહારની છાયા આવી જાય છે. તેવીજ રીતે ચતુર્વિધ સંઘનું સ્વરૂપ પણ ધર્મ અને સંસારના સ્વરૂપથી બનેલું છે. શ્રાવક અને શ્રાવિકા બે અંગ સંસારના છે અને સાધુ અને સાધ્વી—એ બે અંગ ધર્મના છે. ઉભય સ્વરૂપના મિશ્રણથી ચતુર્વિધ સંઘનું સ્વરૂપ બંધાએલું છે. આ ઉપરથી એમ સમજવું નહીં કે ચતુર્વિધ ધર્મ અને ચતુર્વિધ સંઘમાં બે બે અંગ કેવળ ધર્મના અને સંસારના છે, તે અંગોમાં ધર્મ અને સંસારના સ્વરૂપ પ્રધાન અને ગૌણ રૂપે રહેલા છે એમ સમજવું જોઈએ. આવું છતાં અલ્પમતિ અને દુરાગ્રહી લોકો વિવેક પૂર્વક તેનું જ્ઞાન ધરાવતા નથી. આજ કાલના લોકોની પ્રકૃતિ વિચિત્ર પ્રકારની દેખાય છે. પ્રાયે કરીને મનુષ્ય જાતિની સામાન્ય પ્રકૃતિમાં એવો નિયમ જણાઇ આવે છે કે જેથી કરી સ્વચ્છંદે ચાલી શકાય એવો આચાર તુરત પકડી લેવામાં આવે છે. જેમાં કાંઇ સંકોચ વેઠવો પડે તેવો સદાચાર તેટલીજ સરળતાથી ગ્રહણ થતો નથી. આ વિષે એક વિદ્વાન્ લખે છે કે, "માત્ર કથનીરૂપે કહેવાવાળા સુધારા વાળાએ જે નાશના બીજ રોપ્યાં છે, તેનાં ફલ માણસ જાતિની સ્વચ્છંદે ચાલવાની સહજ પ્રકૃતિને લીધે ઘણાં સારાં દેખાયા અને ઉપરથી સારાં થવા લાગ્યા, પણ પરિણામે તે વિપરિત સિદ્ધ થાય છે. અને એ પ્રકૃતિને લીધે, તેમજ મુનિમહારાજ અને શ્રાવકોના અરસપરસના દ્રષ્ટિરાગને લઇને અનેક કાર્યોમાં અથડામણી થતાં આપણા સનાતન ધર્મમાં કુસંપ-કલેશ વગેરે વધતો જાય છે. જેમાં શ્રમવાળી ધાર્મિક ક્રિયા કરવી પડતી ન હોય, ધર્મના કઠિન નિયમો પાળવા પડતા ન હોય અને જેમાં સ્વચ્છંદે વર્ત્તવામાં વિરોધ આવતો ન હોય તેમાં અવિચારી અને મુગ્ધ જનોએ ભાગ લેવા માંડયો છે ધર્મબંધુ, આ પ્રકૃતિ જૈન વર્ગમાં હાલ પ્રધાનતા ભોગવવા લાગી છે, તેથી જૈન પ્રજાનો ધાર્મિક ઉદયમાં મહાન્ અંતરાય ઉભો થયેલો છે. એ વિચારતાં હૃદયમાં ભારે ખેદ ઉત્પન્ન થાય છે." આવા શબ્દોથી ગદ્ ગદિત થયેલા યુવકો જણાવ્યું.

"ધર્મ બંધુ, તમારી સાધર્મી બંધુઓ તરફ ઉચ્ચ લાગણી જોઇ મારૂં હૃદય પણ આર્દ્ર થઇ જાય છે. તમારા શબ્દોમાં સત્યતાનો પૂરેપૂરો પ્રકાશ છે, એવી મને પ્રતીતિ થાય છે. અને તમારા શબ્દો સાંભળવાની તીવ્ર ઉત્કંઠા થઇ આવે છે. તેથી કૃપા કરી તમારૂં કથન આગળ ચલાવો." તે યુવકે વિશેષ જિજ્ઞાસા પ્રગટ કરી.

તે યુવક ઉત્સાહ લાવીને બોલ્યો, પ્રિય ધર્મબંધુ, આજકાલ જૈન બંધુઓના અગ્રેસરોનું વર્ત્તન વિચિત્ર પ્રકારનું થઇ પડ્યું છે "શીયાળ તાણે સીમ ભણી અને કુતરૂં તાણે ગામ ભણી" એ કહેવત જૈન અગ્રેસરોને બરાબર લાગુ પડે છે. એક સેહેરનો સંઘ જે ઠરાવ કરે છે, તે ઠરાવ સર્વત્ર લાગુ થઇ પડતો નથી. બીજો સંઘ તેને અનુસરતો નથી તેમછતાં જો અનુસરવા પ્રયત્ન કરે તો ત્રીજો સંઘ તેનાથી વિરૂદ્ધ પગલાભરી તેને અટકાવે છે. ઉપર જણાવેલ તેનું કારણ કેટલી વખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત એમ સાલમ પડે છે કે ઇર્ષા, વગર ન્યાયનું તત્વ તેમજ ઉદારચિત્ત અને દીર્ઘદ્રષ્ટિ ધર્મના કાર્યોમાં નહીં હોવાથી બનવા સંભવ છે. અવ્યવસ્થિત સંઘ તરફ તેના આશ્રિતોની ભક્તિ કે શ્રદ્ધા રહેતી નથી, આથી સર્વ સ્થળે સ્વચ્છંદનો ઉગ્ર પ્રચાર થાય છે. અનુચિત સ્વરૂપને ધારણ કરનાર વર્ગનો વિજય થાય છે. એટલે જે વગવાળો હોય, પૈસાપાત્ર માણસો જે બાજુમાં વધારે હોય તે વિજયી બને છે. જેને માટે સાહિત્યમાં કહેવત છે કે,

**महापराधयुक्तोऽपि सपक्षो विजयी भवेत्**

" મોટો ગુન્હેગાર હોય પણ, જો તે પક્ષ-વગવાળો હોય તો તે વિજયી થાય છે."

ધર્મ બંધુ, આવી સ્થિતિને લઇને આપણા સંઘ, સમાજ કે જ્ઞાતિનો ઉદય થઇ શકતો નથી અને એજ મહાન્ અંતરાય ઊદયનો અસ્ત કરનાર ઊત્પન્ન થયો છે. હે ધર્મભ્રાતા, આપણાં જૈનોના અગ્રેસરો કે જેઓની સ્થિતિનું સ્વરૂપ હાલ કેવું છે? તે વિષે આટલેથી તમારા સમજવામાં આવ્યું હશે. હવે તેમના આશ્રિત શ્રાવકોની સ્થિતિનું સ્વરૂપ સાંભળો. પ્રાયે કરીને જૈનોનો મોટો ભાગ અજ્ઞાન દશામાં રહેલો હોય છે. તેઓના વિચાર પ્રૌઢતાથી રહિત અને હલકા હોય છે. બુદ્ધિની પરિપકવતા ન હોવાથી તેઓના મન અસ્થિર હોય છે. તેમની પ્રકૃતિ ગાડરીયા પ્રવાહમાં તણાવાવાળી અને ચારિત્ર શિથિલ હોય છે. આથી કરીને તેમનામાં અનેક પ્રકારે દ્વેષ અને કલહ પૈદા થયા કરે છે. તેમનામાં એકતાની ભાવના રહીજ નહીં. સાહસ, સ્વાર્પણ, પરમાર્થ, શાંતતા એવી ભવ્ય વાતોથી તો તેઓ તદન વિમુખ થઇ ગયા છે. તેમનામાં અંદર અંદર તફાવતો અને મત ભેદો પુષ્કળ છે.

પ્રિય ધર્મ બંધુ, આપણા જૈન બંધુઓની આધુનિક સ્થિતિ વિષે વિચાર કરતાં મહાન્ શોક ઉત્પન્ન થાય છે. તેમના હૃદયમાં ઉચ્ચ ભાવનાનો વાસ ક્યારે થશે? એ કહી શકાતું નથી. તેઓ ઉત્તમ પ્રકારના સુધારાના સાથી શી રીતે બનશે? એ ઉપાય પણ સુઝતો નથી." આટલું કહી તે વિદ્વાન્ યુવકના નેત્રોમાંથી અશ્રુધારા ચાલવા માંડી. તે જોઈ બીજા યુવકે પ્રશ્ન કર્યો—"બંધુ, શામાટે નિરાશ થાઓ છો? શ્રી વીર શાસનના અધિષ્ઠાયક સહાય કરશે. આ સમયે મારા હૃદયમાં એક શંકા ઉત્પન્ન થઈ છે, તે કૃપા કરી દૂર કરો."

તે વિદ્વાને નિઃશોક થઇને પુછ્યું, "મિત્ર, શી શંકા છે? જે હોય તે કહી આપો."

બીજા યુવકે જણાવ્યું, "પ્રિય બંધુ, તમોએ કહ્યું કે.' 'આપણા જૈન બંધુઓ ઉત્તમ પ્રકારના સુધારાના સાથી શી રીતે બને? એ ઉપાય સૂજતો નથી." તો તે ઉત્તમ પ્રકારનો સુધારો કયો સમજવો? આજકાલ લોકોમાં જે સુધારો કહેવાય છે, તે સુધારો કે કોઇ બીજો સુધારો?"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે યુવકના આ પ્રશ્ન ઉપરથી તેણે સ્પષ્ટતાથી જણાવ્યું, "ભદ્ર, જેથી ઘણાંઓની એકતા થાય, અને તેથી આખા સમૂહની ઉત્તરોત્તર કાર્ય સાધવાની શક્તિ વધે એવા જે સાધનો, સાહિત્યો, કેળવણીની વૃદ્ધિ અને તેના વિચારો ઇત્યાદિ તે ઉત્તમ પ્રકારનો સુધારો કહેવાય છે. એ સુધારાના તત્ત્વો એકતા, સંપ અને નિઃસ્વાર્થ વૃત્તિ છે. સુધારાની વ્યાખ્યા કરતાં એક વિદ્વાન્ લખે છે કે, "જેથી મન અને મનનું ઐક્ય થાય, વિચાર અને વિચારનું ઐક્ય થાય અને સર્વનું લક્ષ એકની એક ભાવના ઉપર રહે–એ સુધારાનું શુદ્ધ સ્વરૂપ છે." પ્રિય ભાઇ, આવો સુધારો જૈન વર્ગમાં દાખલ થાય, એ આકાશ પુષ્પના જેવી આશા છે. સાંપ્રતકાળે જૈન પ્રજા મહાન્ અંધકારમાં આવેલી છે. દ્વેષ, ઈર્ષા, કુસંપ અને સ્વાર્થવૃત્તિના મલિન પડદાઓ તેની આસપાસ ફરી વળ્યા છે. ઘણા સ્થલોના સંઘમાં મોટી અવ્યવસ્થા ચાલે છે. આવી અવ્યવસ્થા થવાના અનેક કારણો છે, તેનું કારણ મુનિમહારાજાઓ કે શ્રાવકોમાં પણ કોઇ એક નાયક નથી કે કોઇ કોઇ કલેશકારક પ્રસંગે કે અયોગ્ય પ્રસંગે અટકાવ કરે; જેથી સૌ પોતપોતાની ઈચ્છાનુસાર ચલાવે રાખે છે, વળી કોઇ કોઇ કાર્યોમાં તો તેની અંદર કોઇ કોઇવાર કોઇ કોઇ સર્વવિરતિ ધર્મના ધારકો (જેમાં કે તેઓની જરૂર નથી) તેમાં પણ વચ્ચે આવે છે. અને તેમની દ્વારા પક્ષપાતના મહાન્ ઝેરી વૃક્ષો રોપાય છે, જેમની વિષ ભરેલી છાયામાં અનેક પ્રકારની હાનિ થાય છે.

પ્રિયધર્મ બંધુ, આવા આવા અંતરાયોથી આપણા ધર્મ બંધુઓનો ઉદય આચ્છાદિત થયેલો છે, તેથી મારૂં હૃદય તદન નિરાશ થઇ ગયેલું છે.

તે વિદ્વાન યુવકના આ વચનો સાંભળી બીજા વિદ્વાને નિરૂત્સાહ થઇને કહ્યું "પ્રિય બંધુ, તમારા આ વચનો ઊપરથી મારા હૃદયની આશાનો નાશ થતો જાય છે. અને ભવિષ્યને માટે મોટો ભય ઉત્પન્ન થાય છે, કે શું આપણા જૈન બંધુઓ કોઈ કાળે પણ સારી સ્થિતિમાં નહીં આવે ! તમારા વિદ્વતા ભરેલા વિચારો પ્રગટ કરો અને ઊદયનો માર્ગ દર્શાવો, જ્યાં સુધી ધર્મ બંધુઓ અધમ સ્થિતિમાં છે, ત્યાં સુધી આપણું જીવન નકામું છે. એમ સમજવું."

તે વિદ્વાન્ યુવક આક્ષેપ કરીને બોલ્યો "પ્રિય બંધુ, સાંપ્રતકાળે ઊદયના માર્ગો ખુલ્લા થએલા છે, સર્વ પ્રજા પોતપોતાની શકિત પ્રમાણે ઊદયની શોધ કરતી જાય છે. તેને જૈન પ્રજા નજરે જોવે છે. તેમની ઊન્નતિનો ક્રમ પ્રત્યક્ષ અનુભવે છે, છતાં તે તરફ દુર્લક્ષ રાખે છે, તો પછી આપણે શું કરીએ, આપણા જેવા કેટલાએક પોતાના ધર્મ બંધુઓની દાઝ રાખી પ્રયત્ન કરવા જાય છે, છતાં તેઓ જરા પણ ફાવી શકતા નથી. કારણ કે, અજ્ઞાન અને પ્રમાદની ગાઢ નિદ્રામાં પડેલી જૈન પ્રજા જાગ્રત થવી ઘણીજ અશકય થઇ પડી છે, જેમ અસાધ્ય થએલો રોગ વિદ્વાન ડોકટરો કે વૈદ્યોથી દૂર થતો નથી, તેમ આપણી જૈન પ્રજાનો એ ભયંકર રોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગમે તેવા વિદ્વાનોથી પણ દૂર થવાનો નથી, એજ મારા હૃદયને શલ્યની જેમ ખુંચે છે. હવે માત્ર એટલી આશા રહે છે કે, જો તેમના હૃદયમાં પોતાના ધર્મ અને સદ્વર્ત્તનનું અભિમાન જાગ્રત થાય, હૃદયની અંદર ઊત્પન્ન થએલી સંકુચિત વૃત્તિ દબી જાય, સમાન ભાવ અને નિષ્પક્ષપાતના સદ્ગુણો તરફ પ્રેમ ઊપજે અને પોતાનું જૈનત્વ જાળવવા માટે અભિમાનનો ઉદય થાય તો તેમના ઊદયના અંતરાયો નાશ પામી જાય. પરંતુ એ આશાને મારા હૃદયમાં સ્થાન મળતું નથી. પ્રિય ધર્મબંધુ, જ્યારે આપણાં બંધુઓની વર્ત્તમાન સ્થિતિનો વિચાર હૃદયમાં આવે છે, ત્યારે નિઃશ્વાસની પરંપરાજ છુટે છે. અનેક શ્રીમંતો જોતાં છતાં હજારો અનાથ, અનાશ્રિત, નિરાધાર, જૈનો દુઃખમાં રખડે છે. તેમને રહેવા ઘર નથી, ખાવાને રોટલો નથી, અને સુવાને બીછાનું નથી. આપણાં બંધુઓની આવી દુઃખમય સ્થિતિનો નીકાલ ક્યારે આવશે? એ કાંઇ સૂજતું નથી. આપણાં આર્હત્ ધર્મના કાનુનો કે જેઓમાં નીતિ અને કેવળ દયા ભાવજ સ્ફુરી રહ્યો છે, તે તરફ ગંભીરતાથી જરા પણ વિચાર કરવામાં આવતો નથી. હવે તે વિષે જેટલો અપશોષ કરીએ તેટલો થોડો છે. શ્રીવીર શાસનના અધિષ્ટાયકો વર્ત્તમાનકાળે સહાયભૂત થાય તોજ આપણા ઉદયના સર્વ અંતરાયો દૂર થઈ જાય."

તે વિદ્વાન્ યુવકના આ વચનો સાંભળી બીજો યુવક ક્ષણવાર સ્તબ્ધ થઇ ગયો. તેના હૃદય ઉપર ઘણીજ અસર થઇ આવી હતી, તેથી તેના મુખમાંથી દીર્ઘ નિઃશ્વાસ પ્રગટ થવા લાગ્યા. ક્ષણવાર પછી તેણે મંદ સ્વરથી જણાવ્યું "ધર્મ બંધુ, તમારા વચનોએ મારા હૃદયને કંપાયમાન કર્યું છે. હવે હું નિઃશ્ચય ઉપર આવ્યો છું કે, આપણા ધર્મ નાયક શ્રી વીર પ્રભુના શાસનના અધિષ્ટાયક દેવતા શિવાય કોઇ પણ આપણાં ઉદયના અંતરાયો દૂર કરી શકશે નહીં-મિત્ર, ચાલો હવે આપણે આવતી કાલે આ તીર્થરાજની તીર્થયાત્રા પૂર્ણ કરી સ્વસ્થાને જવાનું છે અને તે પછી આપણા ધર્મબંધુઓના ઉદયના અંતરાયો દૂર કરવા પ્રયત્ન કરીએ અને તે પ્રયત્ન કરવાનું મહાવીર્ય આપણાં હૃદયમાં સ્ફુરે તેને માટે આ તીર્થાધિરાજના આદ્ય ધર્મચક્રીની સ્તુતિ કરીએ." આ વિચારને તે વિદ્વાન્ યુવકે અનુમોદન આપ્યું. પછી બંને ત્યાંથી ચાલી નીકળ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ ૐ ॥

## સ્વર્ગસ્થ સૂરિશ્વરજી શ્રીમાન્ આત્મારામજી-(વિજયાનંદસૂરિ) મહારાજની સ્વર્ગગમન તિથિ.

### લાવણી.

(મુજ ઊપર ગુજરી પિતા પાદશાહ જાણી—એચાલ.)

આનંદ વિજય ગુરૂ રાજ ગયા સુણી સ્વર્ગે,
મલી આતમાનંદ સમાજ વિમલ ગિરિ શૃંગે;
તિથિ જેષ્ટ માસની શુકલ અષ્ટમી રાજે,
દર શાલ નિયમ અનુસાર ઉત્સવ કરે આજે. ॥ આ ॥

પ્રભુ ભક્તિ સહિત ગુણ ગાન અતિ ઉછરંગે,
કરે કર્મ નિર્જરા હેતુ મળી સહુ સંગે;
દશ વિધ યતિ ધર્મ સહિત સૂરિશ્વર રાયા,
સોહે નિર્મલ એ ધ્યાને આત્મ પદ પાયા. ॥ આ ॥

પૂજા વિધિ સહ વિરચાવી મનોહર આંગી,
દેખી મૂરત અતિ શાન્ત હૃદય લય લાગી;
ધ્યાવો એ ગુરૂ ગુણવંત અહર્નિશ ભાઇ,
પ્રકટે તવ આતમ જ્ઞાન આનંદ સુખદાઈ. ॥ આ ॥

સં. ૧૯૭૦ જેષ્ઠ શુકલ અષ્ટમી
પાદલિપ્તપુર
(જિજ્ઞાસુ ઉમેદવાર.)

(પુષ્પ ૯ મું)

## विनयाद्धर्मः

## વિનયથી શું ધર્મ પ્રાપ્તિ થઇ શકે છે?

(લેખક મુનિ મણિવિજયજી મુ. લુણાવાડા.)

**વિનય:**—હે ભવ્ય બાંધવ; વિનય એટલે માન અને ઉદ્ધતાઇને ત્યાગ કરવાપણું, સરલતાપણું, વિનિતપણું તેમજ નમ્રતાપણું વિગેરેને વિનય કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## उक्तं सिद्धांते

अभिगमण वंदण नमं सणेण, पडिपुछिओणसाहूणं,
चिरसंचि अंपि कम्मं, खणेण विरलत्तण मुवेइ, ॥ १ ॥

**ભાવાર્થઃ**—મુનિ મહારાજાઓનું આવાગમન સાંભળી તેમજ ચક્ષુથી દેખીને તેમના સન્મુખ જવું, વંદના નમસ્કાર કરવો, શરીરાદિકની સુખ શાતા પુછવી. આવી રીતે સન્મુખ જવું, વંદન કરવું, નમન કરવું, બહુ માન કરવું, ભકિત કરવી તથા સુખ શાતા પુછવી તેનું નામ વિનય કહેવાય છે. આવી રીતે વિનય કરનારા ભવ્ય પ્રાણીયોના ઘણા કાળથી એકત્ર કરેલા કર્મ તે વિરલ (થોડા) પણાને પામે છે; અર્થાત્ વિનય કરનારના કર્મ ઘણાજ હોયનો પણ વિનય કરવાથી ઓછા થાય છે.

## श्री दसवैकालिकेऽपि

हत्थं पायंचकायंच, पणिहायजिइन्दिओ,
अल्लीणगुत्तो निसिओ, सगासे गुरुणो मुणी, ॥ १ ॥
नपरकउ नपुरउ, नेवकिच्चाण पिठउ
नयऊरुं समासेज्जा, चिठेज्जा गुरुणन्तिओ, ॥ २ ॥
अपुछिउन भासेज्जा, भासमाणस्स अंतरा,
पिठिमंसं नखाओज्जा, मायामोसं विवज्जओ, ॥ ३ ॥

**ભાવાર્થ**—હાથ પગ કાયાને સંકેચ કરીને, મનને તથા વચનને વશ કરીને શાંત, દાંત જિતેંદ્રિય થઈને, મન વચન તથા કાયગુપ્તિ વડે કરી ગુપ્ત થઈને ગુરૂના પાસે મુનિ બેસે તથા. ૧

ગુરૂ મહારાજા આગળ ન બેસે, તેમજ પાછળ ન બેસે, પૂઠ કરીને ન બેસે, તથા બન્ને પાસા તરફ પડખા તરફ ન બેસે, બહુજ નજીક એટલે આગળ ન બેસે, તેમજ બહુજ દૂર ન બેસે કિંતુ મધ્યસ્થતાયે સન્મુખ બેસે. તથા ૨

ગુરૂ મહારાજ ભાષણ કરતા હોય એટલે બોલતા હોય, અથવા-વ્યાખ્યાન કરતા હોય અથવ કોઈના જોડે વાર્તા કરતા હોય તે વખતે પોતાને ગુરૂ મહારાજે કાંઇ પણ પુછયા વિના વચ્ચે સ્વમેવ બોલી ઉઠે નહિ, પાછળ નિંદા કરે નહિ, ગુરૂ મહારાજના પાછળ તેમના અવર્ણવાદ બોલે નહિ તથા માયામૃષાને ત્યાગ કરે એટલે ગુરૂ મહારાજને માયા કપટના વચનો બોલી ઠગે નહિ, તેમજ ગુરૂ મહારાજની આજ્ઞામાં રહી તેની આણાને લગાર માત્ર પણ ઉલ્લંઘન કરે નહિ. તે વિનયવંતના લક્ષણ કહેવાય છે. વળી પણ કહ્યું છે કે, ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यतः—

तेवितं गुरुं पूयंति, तस्स सिप्पस्सकारणा,
सक्कारेन्तिनमंसंति, तुठ्ठानिद्देसवत्तिणो. ॥ १ ॥

**ભાવાર્થ**—વળી તે વિનયી શિષ્યો પોતાને હિતાર્થે શિક્ષા કરનાર ગુરૂમહારાજનો સતકાર કરે, સન્માન કરે, પૂજા કરે, નમસ્કારને કરે તેમજ ગુરૂ મહારાજની આજ્ઞાના ગ્રાહી થાય એટલે ગુરૂ મહારાજ જે જે ઉપદેશ કરે-આદેશ કરે તેને ઘણા માન તેમજ હર્ષ સહીત અંગીકાર કરે. વળી પણ કહેલું છે કે—

यतः—

किंपुणजेसुयग्गाही, अणंत हिअकामए,
आयरियाजंवएभिक्खु, तम्हातं नाइवत्तए. ॥ १ ॥

**ભાવાર્થ**—વળી જે સાધુ શ્રુતગ્રાહી હોય અર્થાત્ સિદ્ધાંતને પઠતો હોય, મુક્તિની ઇચ્છા કરતો હોય તેવાઓને તો ગુરૂ મહારાજ અત્યંત પૂજનીક છે; કારણ કે સિદ્ધાંતના પઠન કરાવવાથી તથા મુક્તિમાર્ગના દેખાડવાથી ગુરૂ મહારાજ વિશેષે કરી પૂજવા લાયક છે. તે માટે આચાર્ય મહારાજ જે જે બોલે અથવા કહે તે તે સાધુ અંગીકાર કરે. પણ અતિક્રમણ કરે નહિ. અર્થાત્ ગુરૂ મહારાજના મુખમાંથી જે જે આદેશ પડે તે તતકાલ ઝીલી લઇ તેમના કહ્યા પ્રમાણે વર્તે વળી પણ કહ્યું છે કે—

यतः—

नीयंसेज्जंगइठ्ठाणं, नीयंच आसणाणिय,
नीयंचपाएवंदेज्जा, नीअंकुज्जायअंजलिं. ॥ १ ॥

**ભાવાર્થ**—વળી વિનયી સાધુ ગુરૂ મહારાજની શય્યા થકી પોતાની શય્યા નીચી કરે, ગુરૂ મહારાજ ચાલતા હોય તેથી દુર ચાલે, તથા પાછળ ચાલે પણ આગલ ચાલે નહિ, ગુરૂ મહારાજથી નીચે સ્થાન કરે અર્થાત્ ગુરૂ મહારાજ ઉપાશ્રયમાં નીચે હોય અને પોતે માળ ઉપર ચડીને બેસે નહિ. ગુરૂ મહારાજના આસનથી પોતાનું આસન નીચું કરે, નીચો નમીને ગુરૂમહારાજના ચરણકમળને વંદના નમસ્કાર કરે, તેમજ નીચો નમીને અંજલી કરે એટલે બે હાથ જોડી મસ્તકે નીચો નમીને અંજલી કરે એટલે હાથ જોડીને ઉભો રહે, તેમજ વિશેષ પ્રકારે શું આજ્ઞા છે ફરમાવો! આવી રીતે મધુર વચનોવડે કરી ગુરૂમહારાજની ભક્તિ તથા બહુમાન કરે વળી પણ કહ્યું છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## श्री आवश्यकेऽपि

विणउसासणेमूलं, विणीउसंजमंजवे,
विणयाउ विप्पमुक्कस्स, कउधम्मो कउतओ. ॥ १ ॥

**ભાવાર્થ**—વીતરાગ મહારાજ તેમજ ગુરૂ મહારાજના શાસન કહેતા આજ્ઞાનું પ્રતિપાલન કરવું તેના મૂળ સમાન વિનય છે; એટલે પરમાત્માનો આણા પાળવી તે જ વિનય છે; વિનય છે તેજ સંયમ છે. કારણ કે વિનય વિનાનું સંયમ શોભાને પામી શકતું નથી. અર્થાત સંયમની પ્રાપ્તિ વિનયથીજ થાય છે, તેમજ સંયમની વૃદ્ધિ પણ વિનયથીજ થાય છે. વિનયવર્જિત માણુસને ધર્મ પણ ક્યાંથી હોય, તેમજ તપ પણ ક્યાંથી હોય, કહેવાની મતલબ એ કે જે માણુસના અંતઃકરણમાં વિનય નથી, તે માણુસ સ્વપ્નને વિષે પણ ધર્મનું તેમજ તપસ્યાનું નામ પણ જાણી શકતો નથી, તો કરી તો કયાંથીજ શકે ? વળી પણ કહ્યું છે કે—

## यत.—

विणउआवहइसिरिं, लहइविणीत्तिंउजसंचकित्तिंच,
नकयाइदुव्विणीउ, सकज्जसिद्धिं समाणेइ. ॥१॥

**ભાવાર્થ**—વિનય થકી શોભા પ્રાપ્ત થાય છે, વિનય થકી વિદ્યા રૂપી લક્ષ્મી તથા લક્ષ્મી–પૈસો પણ પ્રાપ્ત થાય છે, વિનયી માણુસ યશ તેમજ કિર્ત્તિ ઉપાર્જન કરે છે. પરંતુ દુર્વિનિત ઉદ્ધત જે છે તે કોઇ દિવસ સ્વકાર્યની સિદ્ધિને મેળવી શકતો નથી.

**વિવેચન**—વિદ્યા અને મંત્રાદિક જે છે, તે કેવલ વિનયીજ મેળવી શકે છે, પણ બીજો વિનય હીણુ મેળવી શકતો નથી. શ્રેણિક મહારાજે ચંડાલને સિંહાસન ઉપર બેસારી પોતે નીચે બેશી દૂર થકી પણ વૃક્ષોના ફળોને મેળવવાની પ્રાપ્ત કરવાની વિદ્યા મેળવી, તે કેવલ વિનયનોજ પ્રતાપ છે. તથા વિક્રમરાજાને ઘણા ઘણા મહામંત્રો ફલીભૂત થયા, તે પણ કેવલ વિનયનોજ પ્રતાપ છે. વિનય થકી દુર્ઘટ પદાર્થોને પણ મેલવી શકાય છે, તેમજ જે જે પદાર્થની ઇચ્છા થાય તે તે પદાર્થો વિનયથીજ મલી શકે છે. કઠણુ કાર્યો પણ વિનયથી મહા કોમળ થઇ જઇ સિદ્ધતાને પામે છે. માટે વિનય તેજ ઉત્તમ છે.

વિનયીને વિનયની ઉપાસના (સેવના) કરવાથી અર્થાત્ વિનયને ધારણુ કરવાથી ધર્મના સાધન સારી રીતે થઇ શકે છે. પુષ્કસાલના પુત્ર પુષ્પશાળના પેઠે

## दष्टांतो यथा.

માગધ નામના મનોહર દેશને વિષે ગોબર નામનું એક ગામ હતું, તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગામને વિષે પુષ્કસાળ નામનો એક કુટુંબિક વસતો હતો. તેને ભદ્રા નામની સ્રી તથા પુષ્પશાળ નામનો પુત્ર હતો.

એકદા પ્રસ્તાવે તે પુત્ર માતા પિતાને પુછવા લાગ્યો કે ધર્મ કોને કહેવો? ધર્મનું સ્વરૂપ શું ? ત્યારે માતા પિતા કહેવા લાગ્યા કે હે પુત્ર, વિનય વડે કરી માતા પિતાની સેવા ભક્તિ કરવી તેજ ધર્મ છે. કારણ કે ધર્મ દેવની ભક્તિ કરવાથી ઉત્પન્ન થાય છે. અને માતા પિતા તેજ દેવ કહેવાય છે. માતા પિતાની ભક્તિ કરવાથી દેવની ભક્તિ જેટલો લાભ પ્રાપ્ત થાય છે. કહ્યું છે કે:—

यतः—

द्वेऽएवदेवतेतथ्ये, माताच पिताच जीवल्लोकेऽस्मिन्
तत्राऽपिपिताऽभ्य धिको, यस्यवशवर्त्तते माता, ॥ १ ॥

**ભાવાર્થ**—આ જીવ લોકને વિષે-દુનિયાને વિષે યથાર્થ-સત્ય ખરેખર દેવતા માતા અને પિતા બેજછે. શિવાય ત્રીજો દેવ નથી. તેને વિષે એટલે માતા પિતાને વિષે પણ પિતા અધિક છે; કારણ કે પિતાને વશવર્ત્તિ માતા રહે છે. એટલે સ્રી પોતાના સ્વામિની આજ્ઞામાં જ રહે છે, તેથી પુત્રનો પિતા જ અધિક ગણાઇ શકે છે.

માતા પિતાની વિનય વડે કરી ભક્તિ કરવાથી ધર્મની પ્રાપ્તિ થાય છે, એવું જાણી પુષ્પશાળ નિરંતર માતા પિતાને સ્નાન કરાવવું; ચોળવું, ચાંપવું, વસ્રનું ધારણ કરાવવું, નાના પ્રકારના આહારાદિકનું ભોજન કરાવવું તેમજ ઉત્તમ શય્યાનું કરી દેવું એટલે શયન કરવા માટે પથારી પાથરી દેવી વિગેરે વિવિધ પ્રકારની ભક્તિ કરવા લાગ્યો.

એકદા પ્રસ્તાવે તે ગામનો અધિપતિ આવ્યો તેથી તેના માતા પિતાયે તેની ભક્તિ કરી; તે દેખી પુષ્પશાળ વિચાર કરે છે કે આ મ્હારા માતા પિતાના દેવ છે, કારણ કે મ્હારા માતા પિતા તેને પૂજે છે તો જે મ્હારા માતા પિતાનો દેવ તે મ્હારે વિશેષે પૂજનીક છે; એમ ધારી તે અધિપતિની પણ વિશેષે ભક્તિ કરી. વલી અન્યદા તેનો પણ અધિપતિ આવ્યો ત્યારે ગામાધિપતી તેની ભક્તિ કરવા માંડયો, તે દેખી પુષ્પશાલે અધિપતિના અધિપતિની ધર્મ નિમિત્તે વિશેષે ભક્તિ કરી.

કહેવાનું તાત્પર્ય એ છે કે ઉપરા ઉપરી એટલે ઉપરીના પણ ઉપરીની એવી રીતે ધર્મવૃદ્ધિની બુદ્ધિથી ભક્તિ કરતો, અનુક્રમે ઉત્તરોત્તર સર્વનો સ્વામિ જે શ્રેણિક મહારાજ, તેની સેવા કરવા લાગ્યો.

એક સમયે શ્રેણિક મહારાજ પણ વીર પરમાત્માની સેવા કરવા લાગ્યા, તે દેખી પુષ્પશાળ વિચાર કરે છે કે, મોટામાં મોટો મ્હારો દેવ શ્રેણિક રાજા છે, તે પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ભગવંતને પૂજે છે, તો મ્હારો દેવ જે શ્રેણિક મહારાજ તથા તેમના દેવ વીર પરમાત્મા તે મ્હારે ઘણુજ માન તથા ભાવ પૂર્વક પૂજનીક છે.

આવો વિચાર કરી વીરપરમાત્મા પાસે ગયો, ત્યાં ભગવાનને પ્રદક્ષિણા કરી વંદના નમસ્કારને કરી બે હાથ જોડી મસ્તકે અંજલી કરી નમ્ર થઇ ભગવાનને કહેવા લાગ્યો કે—

હે ભગવન્! હું આપની સેવા કરૂં! મને આજ્ઞા આપો! ત્યારે ભગવાન બોલ્યા, હે મહાનુભાવ! અમારી ભક્તિ સાધુ વેષને અંગીકાર કર્યાથી કરી શકાશે.

પુષ્પશાળ પણ તત્કાળ વીર પરમાત્મા પાસે દિક્ષા લઇ, મહા વિનયી થઇ, નિશ્ચલ તથા નિર્મલ મન વચન કાયાયે કરી ભગવાનની ભક્તિ કરવા લાગ્યો.

**વિવેચન**—દુનિયાને વિષે વિનય તેજ મહાન્ છે. વિનય તેજ પરમ વશીકરણ છે. વિનય તેજ મહા મંત્ર છે. વિનય તેજ જ્ઞાન પ્રાપ્તિ કરાવનાર છે. માતા પિતા ગુરૂ આદિક જે છે તે વિનયીને ગુહ્ય વાર્તા કહે છે, ગુહ્ય ભંડાર દેખાડે છે, ગુહ્ય લક્ષ્મી આપે છે, તેમજ ગુહ્ય વિદ્યાઓ પણ વિનય કરનારને જ મળે છે. ગુહ્ય ધર્મ, ગુહ્ય લક્ષ્મી, ગુહ્ય વિદ્યાના ભાજનભૂત થઇ, ઇહલોક તથા પરલોકને વિષે સુખ સંપત્તિ વિનયી માણસો મેળવે છે. દુનિયાના પરમ પદાર્થને ક્ષણ માત્રમાં સાધી શકે છે, તેમજ પરમપદ કહેતા મુક્તિને પણ વિનય વડે કરીને જ મેળવી શકે છે.

આધુનીક સમયના સુધરેલ છેલ છબીલા અને ફાંકડા લોકો પોતાના માતા પિતાનો પણ લેશ માત્ર વિનય કરતા નથી, ઉલટા ઉદ્ધતાઇ ધારણ કરી માતા પિતાને પણ દંડે છે, તો તેઓના અધિપતિ ધર્મગુરૂ તેમજ વિદ્યાગુરૂઓને તો કયાંથી જ માને, અર્થાત્ ન જ માને. અને માનવાની શ્રદ્ધા નહિ હોવાથી, ગુરૂ મહારાજના ઉપદેશને પણ લેશ માત્ર પામી શકતા નથી, એટલે ગુરૂ મહારાજને તો દૂરથીજ નવ ગજના નમસ્કાર કરે છે, તેમનું દર્શન પણ પાપ તુલ્ય માને છે. આવી રીતે માતા પિતા, દેવ, ગુરૂ, ધર્મના વિનયને ત્યાગ કરી બિચારા અજ્ઞાની જીવો સંસાર ચક્રવાલને વિષે પર્યટન કર્યા કરે છે, પરંતુ અવિનયીપણાથી કોઇ કાળે ભવનો પાર પામતા નથી.

પુષ્પશાળ પણ વીરપરમાત્માની ભક્તિ કરી સદ્ગતિના ભોક્તા થયા; તેવી રીતે ત્યાગી તેમજ સંસારી જે કોઇ વિનય કરશે, તેજ ધર્મની વૃદ્ધિ કરશે. સંસારના અંતને પણ તેજ કરશે અને પુષ્પશાળના પેઠે સદ્ગતિને તેજ મેળવશે.

इति विनये पुष्पशाळ संबंध संपूर्णः.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# દાનવીર રત્નપાળ.

( ગતાંક ૯ ના પા. ૨૩૯ થી શરૂ. )

## સુલક્ષણાના વૃત્તાંત ઉપરથી ઉપજતો બોધ.

હે ભવ્ય પ્રાણીઓ, આ સુલક્ષણાના વૃત્તાંત ઉપરથી તમારે સમજવાનું છે કે, આ સંસારના ભ્રમણથી ઉદ્વેગ પામેલા અને દુઃખરૂપ કર્મોના ક્ષયને ઇચ્છનારા જીવોએ સર્વ પ્રકારે મનનો જય કરવાને યત્ન કરવો જોઇએ. સર્વજ્ઞ ભગવાને આ પ્રમાણે ધર્મતત્ત્વનો ઉપદેશ આપ્યો, તે સાંભળી અરૂણનો ઉદય થતાં કમલોની જેમ ઘણાં સભાસદો પ્રતિબોધને પ્રાપ્ત થઇ ગયા.

**પૂર્વ કર્મના વિપાક ઉપર રત્નપાળ રાજાનો પ્રશ્ન**

આ સમયે રાજાએ અંજલિ જોડી પૂર્વ કર્મોના વિપાક ઉપર પ્રશ્ન કર્યો. "સ્વામી, મહાપરાક્રમી એવા મને પરંપરાએ આવેલું મોટું રાજ્ય પ્રાપ્ત થયું હતું, પરંતુ તે અધમ જયમંત્રીએ કયા કર્મથી પાછું લઇ લીધું ? અને મારી સતી સ્ત્રી શૃંગારસુંદરીને કયા કર્મથી તે દુષ્ટ મંત્રીએ દુઃસહ વિડંબનાઓ પમાડી? અને તેણીએ સહન કરી? અને પૂર્વના કયા સત્કર્મના પ્રસાદથી મેં પાછી ચડતા ઉત્કર્ષવાળી ઐશ્વર્ય લક્ષ્મી સંપાદન કરી? કનક મંજરીને કયા કર્મથી કોડ થયો ? અને ગુણમંજરીને કયા કર્મથી અંધતા થઇ ? અને પાછો કયા કર્મથી તે બંનેને ફાયદો થયો ? વળી મેં કયા કર્મથી દેવતાઓને દુર્લભ એવો મહારસ પ્રાપ્ત કર્યો? આ મારા સર્વ પ્રશ્નોનો ખુલાસો કૃપા કરી જણાવો."

**કેવળી ભગવાને રાજાના પ્રશ્નનો ઉત્તર આપતાં કહેલી કથા.**

ઉત્તમ કેવળજ્ઞાનના પ્રકાશથી સર્વ જગત્‌ને જોનારા તે શ્રેષ્ઠ મુનિ પર્ષદામાં રાજા પ્રત્યે આ પ્રમાણે બોલ્યા. " આ ભરત ક્ષેત્રમાં આવેલા **રત્નપુર** નગરમાં પૂર્વે સંગ્રામ કરવામાં વીર એવો **રત્નવીર** નામે એક રાજા થયો હતો. તેને નિષ્પાપી, કુશળ, વિનય વાલી અને યોગ્યતા જાણનારી **શ્રીદેવી** વગેરે નવ રાણીઓ હતી.

તે ગામમાં જન્મથીજ દારિદ્રયના દુઃખથી દગ્ધ થયેલા **સિદ્ધદત્ત** અને **ધનદત્ત** નામે બે વણિક રહેતા હતા. તેઓ લક્ષ્મી મેળવવાને માટે ઘણો ઉપક્રમ કરતાં તથાપિ તેમને લક્ષ્મી પ્રાપ્ત થઇ નહીં. કારણ કે, લક્ષ્મી કર્મને અનુસારે મલે છે.

એક વખતે તે સમાન દુઃખવાલા બંને વણિકો પરસ્પર નિઃશ્વાસ મુકી વાર્તા કરતા હતા કે " હવે આપણો નિર્વાહ શી રીતે થશે?" આ વખતે કોઈ એક પુરૂષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી ચડયો અને તેણે કહ્યું કે, "આશાસિદ્ધિ નામે એક દેવી છે. તેને લાંઘણ કરી આરાધો તો તે તમારૂં દારિદ્ર દલી નાંખશે." આ પુરૂષના વચન ઊપર તેમને પ્રતીતિ આવી. તત્કાળ પોતાના ઇષ્ટ–અર્થની સિદ્ધિને માટે તેમણે વીશ દિવસોની લાંઘણો કરી તેની આરાધના કરી. દેવી આશાસિદ્ધિ તેથી પ્રત્યક્ષ થયા અને તેણીએ આ પ્રમાણે કહ્યું, "તમારે મારી સાથે લેવા દેવાનું શું છે? કે જે તમો બંને મારા મંદિરમાં આવીને લાંઘો છો." બંને વણિકો વિનયથી બોલ્યા. "માતા, અમારે આપની પાસેથી કાંઈપણ લેવા દેવાનું નથી માત્ર અમો બંને દારિદ્રથી દુઃખી થઇ તમારા શરણે આવ્યા છીએ. બાલક માતાના ખોળામાં ખુંદે છે અને મરજી પ્રમાણે માગે છે. અને માયાળુ માતા હર્ષથી તેને આપે છે. તેમાં લેવા દેવાનું શું હોય? હે માતા, આ વખતે લાંઘણો કરીને આપની પાસે ઈષ્ટની યાચના કરીએ છીએ. તેથી અમો બંને કે જેઓ આપના સંતાન છીએ. તેમને આપ વાત્સલ્યથી ઈષ્ટ વસ્તુ આપશો. એવી અમારી ખાત્રી છે." વણિક સિદ્ધદત્ત અને ધનદત્તના આવા વચનોથી ખુશી થઇ આશાસિદ્ધિ દેવી આ પ્રમાણે બોલ્યા, "વત્સ, લક્ષ્મી અને વિવેક એ બે વસ્તુઓમાંથી એક વસ્તુ મારી પાસેથી માગીલ્યો. તે બંનેમાંથી હું એકવાનું આપીશ. બંને આપીશ નહીં." માતાના આ વચન સાંભળી કર્માનુસારી બુદ્ધિવાલો, અને આ લોકના અર્થની ઇચ્છા ધરનારા સિદ્ધદત્તે લુબ્ધ હૃદયથી લક્ષ્મીની માંગણી કરી. અને કર્મના પ્રભાવથી સદ્બુદ્ધિવાળા, અલ્પ લોભ ધરનારા અને પરિણામે શુભની ઇચ્છા રાખનારા ધનદત્તે વિવેકની માગણી કરી. જેને સત્તામાં જેવું વેદનીય શુભાશુભ કર્મ હોય છે, તેનામાં તેવી શુભાશુભ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. જેને માટે સાહિત્યકાર નીચે પ્રમાણે લખે છે.

" પૂર્વે કરેલા કર્મનું જેવું ફલ જાણે ભંડારમાં મુકી રાખ્યું હોય, તે પ્રમાણે તેવું ફલ મેળવવામાં જાણે હાથમાં દીવો ધર્યો હોય, તેવી બુદ્ધિ પ્રવર્ત્તે છે. એટલે જેમ દીવો લઈને ભંડાર શોધાય છે, તેમ બુદ્ધિ પૂર્વકર્મના ફલને શોધી કાઢે છે."

તે પછી દેવી તે બંને વણિકોને ઇચ્છાનુસાર વરદાન આપી અંતર્ધાન થઇ ગયા. બંનેએ પોતપોતાને ઘેર આવી હર્ષથી પારણું કર્યું.

**કોઇ યોગીએ આપેલા બીજ.**

એક દિવસે તે આશાસિદ્ધિ દેવીની પ્રેરણાથી કોઇ મર્યાદાવાલો યોગી સિદ્ધદત્તને ઘેર મધ્યાન્હ વખતે આવી ચડયો. સિદ્ધદત્તે ઉંચી જાતનું આતિથ્ય કરી તે યોગીને વશ કરી લીધો. પ્રસન્ન થયેલા યોગીએ સિદ્ધદત્તને ત્રપુષી–ઔષધીના બીજ આપ્યા અને કહ્યું કે, "હે વત્સ, મેં આ બીજો તે આદર સહિત સિદ્ધમંત્રથી સાધેલા છે. આ બીજ વાવવાથી તત્કાળ ઉગી નીકલે છે. બે ઘડીમાં તો તેમાંથી વેલાઓ પ્રગટે છે અને તેનો મંડપ બની જાય છે. પછી તરતજ તેને ફલો આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનામાં એવી મધુરતા છે કે, જેથી તે અમૃતને પણ નીચે કરી દે છે. જો એ ફલ ખાવામાં આવે તો ક્ષુધા અને તૃષાની પીડા શાંત થઈ જાય છે. તેમજ તે ખાવાથી સર્વ જાતના સંનિપાત, સર્વ જાતના વાયુ, નેત્ર રોગ અને અઢાર પ્રકારના કુષ્ટરોગ પણ તરતજ શમી જાય છે." આ પ્રમાણે કહી તે યોગી ચાલ્યો ગયો. પછી સિદ્ધદત્તે પોતાના ઘરના કોઈ વાડામાં તે બીજ વાવ્યા. તેમાંથી વેલાઓ નીકળ્યા અને તેનો એક મંડપ બની ગયો. અને આખરે તેને ઘણાં ફલ આવ્યા. '**આપ્ત પુરૂષોની વાણી કદિ પણ મિથ્યા થતી નથી.** તેના ફલનો ચમત્કાર જોઈ દુષ્ટ રોગોથી પીડાતા શ્રીમંતો સો, હજાર અને લાખ દ્રવ્ય આપી સિદ્ધદત્તની પાસેથી તે ફલો ખરીદવા લાગ્યા. લોભથી રોગીઓ પાસેથી સ્વેચ્છા પ્રમાણે ગ્રહણ કરેલા ધનવડે સિદ્ધદત્ત અલ્પ સમયમાં ધનવાન્ બની ગયો. તેના ઘરમાં જેમ જેમ ધન વધવા લાગ્યું, તેમ તેમ જાણે તેની સ્પર્ધા કરતો હોય તેમ તેના હૃદયમાં લોભ પણ વધવા લાગ્યો.

તે ઉપર કહેવત છે કે, "જેમ જેમ અધીક લાભ વધેછે, તેમ તેમ લોભ પણ અધિક વધે છે. પૂર્વે પ્રથમ બે માષા સુવર્ણની ઇચ્છા રાખનારો કોઈ એક બ્રાહ્મણ કોટી સુવર્ણથી પણ તૃપ્ત થયો ન હતો. તેને માટે સિદ્ધાંતમાં પણ એમજ કહ્યું છે. બીજે સ્થળે પણ લખ્યું છે કે. "તૃષ્ણારૂપી ખાણ એવી અગાધ અને દુષ્પૂર છે, કે જે કોઇથી પુરાતી નથી, તે ખાણ મોટી મોટી પૂરણી નાંખવાથી ઉલટી વધારે ખોદાય છે."

જેનું મન લોભથી પરાભવ પામેલું છે, એવો સિદ્ધદત્ત એક વખતે રાત્રિને ચોથે પોહોરે જાગી ઉઠયો અને તે મનમાં ચિંતવવા લાગ્યો.–"આવા આવા અલ્પ લાભોથી મારી ધારણા પ્રમાણે દ્રવ્ય એકઠું થશે નહીં. ધૂમશથી કદિપણ ઘડાઓ ભરાતા નથી,તેથી અનર્ગલ દ્રવ્ય મેળવવા માટે હું વાહાણમાં બેશીને બાહેર જાઉં કહેવત છે કે, ઘોડાઓ, વાહાણો અને પાષાણોથી લક્ષ્મી અતિશય વધે છે." આ પ્રમાણે મનમાં નિશ્ચય કહી દ્રવ્યનો અર્થી સિદ્ધદત્ત પ્રભાતે વહેલો ઉઠયો અને દ્વીપાંતરને યોગ્ય એવા કરીયાણાથી એક વાહાણ ભરી લીધું.

**વિમલ મિત્રે આપેલો સિદ્ધદત્તને ઉપદેશ.**

આ વખતે **વિમળ** નામે એક સિદ્ધદત્તનો મિત્ર હતો. તેની વાણી, મન અને બુદ્ધિ શ્રેષ્ટ હતા. તેણે આવી સિદ્ધદત્તને કહ્યું." બંધુ, ત્યાગ અને ભોગની પ્રવૃત્તિ કરનારૂં ધન છે. તેની વાતતો દૂરજ રાખવી. મિત્ર વિચાર કર્ય, અગાઉ તારા ઘરમાં એક દિવસનું અન્ન પણ ન હતું, આજે તને પુણ્યથી આટલું બધું ધન મલે છે, તો હવે લોભને વશ થઇ પ્રાણાંત કષ્ટ આપનારા વાહાણમાં શા માટે બેશે છો? જેઓ નિર્ધન જ હોય છે, તેઓજ તે પ્રાણાંત કષ્ટ આપનારાં વહાણમાં બેશીને વિદેશમાં જાય છે. કારણ કે, તેઓ પોતાના હૃદયમાં એમ માને છે કે, દારિદ્રના કરતાં મરવું વધારે સુખરૂપ છે."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક મરેલા માણસને નિર્ધન માણસે કહ્યું હતું કે, " હે સખા, ક્ષણવાર એ-ઠોથા અને મારા દારિદ્રનો ભાર ઉપાડ. હું તે વડે લાંબા કાળથી શ્રાંત થઇ ગયો છું. હવે તારી શરણે આવી તારા સુખને સેવવા ઇચ્છું છું. નિર્ધન માણસના આવા વચન સાંભળી તે માણસનું શબ તત્કાળ શ્મશાનમાં ગયું અને "દારિદ્રથી મરણ વધારે સુખ રૂપ છે." એવું જાણી તે શબ ચૂપ થઇ ગયું. "

જેઓ જે તે રીતે સુખ દુઃખથી પોતાનો નિર્વાહ કરવાની ઇચ્છા રાખતા હોય, તેવા બુભુક્ષિત પુરૂષો બીજાઓના દ્રવ્ય લઇ વાહાણ ઉપર ચડી જાય છે. જે ધનવંતો કલેશ સહિત કર્મની અંદર વ્યાપારવાળા થઇ પ્રવર્ત્તે છે, તેઓ નિશ્ચે ભોગ તથા ત્યાગથી વિયુક્ત થઇ દૈવ કર્મને કરનારા થાય છે. સદ્ બુદ્ધિમાન્ વિદ્વાનોએ શાસ્ત્રમાં કહ્યું છે કે, " ઉદર દુઃખે પૂરી શકાય તેવું છે. કદિ તે ઈચ્છિત-અન્ન ખાવાથી સંતોષ પામે પણ તે માત્ર બે પહોર સુધીજ, પરંતુ અસંખ્ય સુવર્ણ તથા રત્ન વગેરેથી અને અતિ કોમળ-આહારોથી લુબ્ધ પ્રકૃતિવાળું મન કદિ પણ ક્ષણવાર સંતોષ પામતુંજ નથી. કદિ ઘરમાં મણિ અને સુવર્ણના અસંખ્ય રાશિઓ હોય, તથાપિ પુરૂષોને તુષ્ટિ કે પુષ્ટિ ભોજન વગેરેથીજ થાય છે, તેથી નિર્વાહ જેટલું દ્રવ્ય પ્રાપ્ત થયા પછી જડ પુરૂષો વૃથા કલેશ શામાટે કરતા હશે? અતિ અદ્ભુત દ્રવ્યની પ્રાપ્તિ થાય તો પણ લોભનો અંત કયારે પણ આવતો નથી. કહ્યું છે કે "જે નિર્ધન હોય તે માત્ર એક સૈંકડાની ઇચ્છા કરે છે. સૈકડાવાળો હજારની, હજાર વાળો લાખની, લાખ વાળો કોટીની, કોટી વાળો રાજ્યની, રાજા ચક્રવર્ત્તીપણાની, ચક્રવર્ત્તી દેવપણાની અને દેવ ઇંદ્રપણાની ઇચ્છા રાખે છે. ઈંદ્રપણું પ્રાપ્ત થયા છતાં પણ ઇચ્છા નિવૃત્તિ પામતી નથી; માટે રામ કટોરાની જેમ મૂળમાં અતિ લઘુ એવો લોભ અતિ મોટો થતા વધતો જાય છે. મોટા એવા લાભથી પણ લોભ પરાભવ પામતો નથી. જે * માત્રાથી અધિક હોય, તે માત્રા હીનથી કેમ જીતાય? મિત્ર, આ ઉપરથી સમજવાનું કે, અતિ લોભ મનુષ્યોને મહાન્ અનર્થ ઉત્પન્ન કરે છે. તેવો બનાવ પૂર્વે **શ્રૃંગદત્ત** નામના એક શ્રેષ્ઠીને બન્યો હતો. સિદ્ધદત્તે પુછયું. 'મિત્ર' અતિ લોભ વિષે દ્રષ્ટાંત રૂપ થયેલો તે **શ્રૃંગદત્ત** શેઠ કોણ હતો? " સિદ્ધદત્તના પુછવાથી તેના મિત્ર **વિમળે** શૃંગદત્તનું વૃત્તાંત નીચે પ્રમાણે કહ્યું હતું.

**અતિ લોભ વિષે શ્રૃંગદત્ત શેઠનું દ્રષ્ટાંત.**

વિવિધ જાતના નરરત્નોની ઉત્પત્તિમાં રોહણગિરિ જેવા **રોહણ** નામના નગરમાં **શ્રૃંગદત્ત** નામે એક મહા ધનવાન્ વ્યાપારી રહેતો હતો. એ નગરમાં બધા ઉત્તમ લોકોજ વસતા હતા, માત્ર ગળીની જેમ મલિન હૃદયવાળો શૃંગદત્ત એકજ નઠારો હતો, તેથી વિધિએ તે નગરને કોઇની દૃષ્ટિનો દોષ ન લાગે, તેટલા માટે તેને વસાવ્યો હશે, એમ માનવામાં આવે છે. તે શૃંગદત્તની પાસે

* **લોભ** એ શબ્દમાં એક માત્રા વધારે છે અને **લાભ** એ શબ્દમાં એક માત્રા ઓછી છે એટલે લાભથી લોભ જીતાતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બત્રીશ કોટી સુવર્ણ દ્રવ્ય હતું, છતાં પણ તે લોભથી એવો પરાભવ પામેલો હતો કે તે હંમેશા નિર્લજ થઇ પોતાની જાતે હલકા કામ કરતો હતો. તેને ચાર વિનયી યુવાન પુત્રો હતા અને ચાર તરૂણ પુત્રવધૂઓ હતી. ઘર વ્યવહાર ચલાવવામાં ઘણો ખર્ચ થઇ જાય, એવી બ્હીકથી તે પોતાને ચારે પુત્રોને ઘરમાં રહેવા દેતો નહીં. કાંઇ પણ કામનું બાનું કાઢી બાહેર મોકલી દેતો હતો. પૈસાનો ખર્ચ થઇ જાય, એવા ભયથી તે ચૈત્યમાં, પૌષધશાલામાં, વિવાહ પ્રસંગમાં અને ચૌટામાં કયારે પણ જતો નહીં. કોઇ પણ ભિક્ષુક ઘરમાં પેશે નહીં, એવા ભયથી તે દ્વારના બંને કમાડ બંધ રાખતો અને આડી ભુગોળ ચડાવતો હતો. કદિ કોઈ માગણો યાચના કરેતો તેમને તે કઠોર ગાળો આપતો અને કોઇ બળાત્કારે ઘરમાં પેશી જાયતો તેમને ગળે ઝાલી બાહેર કાઢતો હતો. હંમેશા તે દ્રવ્ય સંબંધી ચિંતાથી આર્ત્ત થઈ ભૂમિ આલેખતો અને ગ્રીવા શિથિલ કરી લમણા ઉપર હાથ મુકતો હતો. આ પ્રમાણે બે કમાડદાન, અર્ગલાદાન, ગાલીદાન, ગળહસ્તકદાન, અને બે લમણે હસ્તદાન એ છ પ્રકારના દાન આપનો તે છતાં તે સર્વ સ્થળે અદાતા તરીકે પ્રખ્યાત થયો હતો. પુણ્યથીજ યશ મેલવાય છે. કૃપણતાને લઇને દ્વારમાં યાચકો ન પેશે અને પુત્રવધૂઓ બાહેર ન નીકળે તેને માટે તે ઇર્ષ્યાથી દ્વારપાળની જેમ દ્વાર ઉપર બેશતો હતો. આ ઉપરથી જણાય છે કે, બ્રહ્માએ તે કૃપણ શ્રૃંગદત્ત શેઠને દાતાના ગુણો ફેલાવવાને માટે રાજા, ચોર, અને નિધિપતિઓનો કોશાધ્યક્ષ બનાવેલો હતો. જો જગતમાં કૃપણ ન થતો હોત તો દાતા પુરૂષ પ્રસિદ્ધ પામતે નહીં. રાત્રિ વિના દિવસ ઓલખાતજ નહીં.

થોડે થોડે કૃપણ શ્રૃંગદત્તનું ઘર મ્લેચ્છના ઘરની જેમ અસ્પૃશ્ય, ચંડાળના કુવાની જેમ ત્યાગ કરવા યોગ્ય અને શેરીના જલની જેમ અશ્લાધ્ય થઇ પડયું હતું, જેમ કેશુડાંનું ઝાડ ફલ્યું હોય તો પણ તેમાં ક્ષુધાતુર શુક પક્ષી શું કરી શકે? તેમ કૃપણ પુરૂષ ધનાઢય હોય તો પણ તેમાં યાચકોનું શું વળે ? શ્રૃંગદત્તની ચારે પુત્રવધૂઓ યૌવન વયની ઉચ્છૃંખલ હતી, તેઓ કારાગૃહમાં પડી હોય તેમ પરસ્પર સખી ભાવથી કષ્ટ વડે કાળ નિર્ગમન કરતી હતી.

**શ્રૃંગદત્તના ઘરમાં યોગિનીનો પ્રવેશ.**

એક વખતે જાણે મૂર્તિમાન્ પાપ હોય તેવો શ્રૃંગદત્ત દ્વાર ઉપર બેઠેલો જોઇ કોઇ યોગિની છુપી રીતે આકાશ માર્ગે આવી તેના ઘરમાં પેશી ગઇ. તેણીને અકસ્માત્ આવેલી જોઇ શ્રૃંગદત્તની સર્વ પુત્રવધૂઓ સંભ્રમથી સન્મુખ બેઠી થઇ. અને આ પ્રમાણે બોલી–“ હે માતા, અમારા પૂર્વભવનો વૈરી તે શ્રૃંગદત્ત સાસરો શું મરી ગયો કે જેથી તમે અમારા ભાગ્યથી આકર્ષાઇને અહિં આવી શકયા ? ” યોગિની ગર્વથી બોલી–“ હે વત્સા, અમો વિવિધ જાતના મંત્રો અને ઔષધીઓને જાણનારી છીએ. આ જગતમાં અમારે કાંઇ પણ દુઃસાધ્ય કે દુર્ગમ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી," યોગિનીના આ વચન ઉપરથી પુત્રવધૂઓએ તેણીને કળા અને કુટિલતામાં કુશળ જાણી પછી વિવિધ પ્રકારના આતિથ્યથી તેણીને પ્રસન્ન કરી. આ પ્રમાણે કહ્યું, "હે માતા, અમે અહીં બાલ્યવયથી કારાગૃહમાં પડેલી છીએ. અમારી ઉપર પ્રસન્ન થઇ વિચિત્ર આશ્ચર્યોથી વિશાળ એવી આ પૃથ્વીનું અમોને દર્શન કરાવો." વધૂઓની આ પ્રાર્થના ઉપરથી તે યોગિની પ્રસન્ન થઇ ગઇ પછી તેણીએ તેમને આધાર સહિત આકાશ ગામિની વિદ્યા આપી, આથી તે ચાર વધૂઓ હૃદયમાં આનંદ પામી પછી જાણે બંધનથી છુટી હોય, તેમ તેઓ સર્વ આભૂષણો પેહેરી વાડામાં પડેલા એક પોલાણવાળા કાષ્ટ ઉપર બેશી જ્યારે રાત્રે ઘરના સર્વ માણુસો સુઇ ગયા ત્યારે ત્યાંથી ઉઠીને સુવર્ણદ્વીપમાં ચાલી ગઇ, સુવર્ણ દ્વીપમાં આવી ત્યાં કોઇ એકાંત સ્થલે કાષ્ટને મુકી પાછો દેવતાઓના ક્રીડાપુરની અંદર તેઓ કૌતુક વડે ઉત્સુક થઇ દાખલ થઇ. તે ક્રીડાપુરમાં ઉંચા શૃંગારને ધારણ કરનારા ઈંદ્રાદિક દેવોને ક્રીડા કરતાં જોયાં અને અપસરાઓનું રમણીય નૃત્ય જોયું, જ્યારે રાત્રિનો છેલ્લો પોહોર આવ્યો ત્યારે તેઓ પેલા કાષ્ટ ઉપર બેશી પાછી પોતાને ઘેર આવી સુઇ ગઇ. આ પ્રમાણે હંમેશા રાત્રે સુવર્ણદ્વીપમાં જતી આવતી તે સુંદર અને યૌવનવતી બાળાઓ કોઇ એક પુરૂષના જાણવામાં આવી. જેઓ બુદ્ધિના બળથી સમુદ્રનું જળ માપી શકે છે. તેઓ પણ ગહન એવું સ્ત્રી ચરિત્ર જાણી શકતા નથી, કહ્યું છે કે, 'ઘોડાનું ઠેકવું, સ્ત્રીઓનું ચરિત્ર, ભવિતવ્યતા, અને વર્ષાદનું વર્ષવું, એ દેવતાઓ પણ જાણી શકતા નથી. તો પછી મનુષ્યો શી રીતે જાણી શકે? અપાર સમુદ્રનો પાર લાવી શકાય છે. પરંતુ પ્રકૃતિથી વક્ર એવી સ્રીઓનું ચરિત્ર જાણી શકાતું નથી, દેવના વિલાસો. દુર્જનોના ભાષણો, અને મનની ઇચ્છાઓ જો સર્વજ્ઞ હોય તોજ જાણી શકે છે."

**કુશળ સેવકનો વૃત્તાંત.**

તે શૃંગદત્ત શેઠને ઘેર કુશળ નામનો એક સેવક રહેતો હતો, એક સમયે તેના જાણવામાં આવ્યું કે, "આ વાડામાં હંમેશા કાષ્ટને કોઇ ફેરવી નાંખે છે, માટે તેની તપાસ કરવી જોઇએ." આવું ચિંતવી તેણે રાત્રે છુપી રીતે જોયું. ત્યાં તે ચારે વધૂઓની ચેષ્ટા તેના જોવામાં આવી. "આ વધૂઓ હંમેશા રાત્રે ક્યાં જતી હશે?" આવી જિજ્ઞાસા થતાં તે એક વખતે અગાઉથી રાત્રે છુપી રીતે તે કાષ્ટની પોલાણમાં સુઇ ગયો. સમય થયો એટલે ચારે વધૂઓ આકાશ માર્ગે ચાલી સુવર્ણદ્વીપમાં આવી, ત્યાં સ્વેચ્છાથી વિહાર કરી પાછી ઘેર આવી. પેલા છુપાઇ રહેલા સેવકે તેઓનું સર્વ ચરિત્ર અવલોકયું, પછી તે સ્થળેથી સોનાની બે ઇંટો લઇ તે પાછો કાષ્ટની પોલાણમાં સુઇ ગયો. વધુઓના આવા ચરિત્રથી તે કુશળ હૃદયમાં ચમત્કાર પામી આ પ્રમાણે ચિંતવવા લાગ્યો. "આહા! સ્ત્રી અબળા અને મુગ્ધા કહેવાય છે, પણ તે મધુરા વિષ જેવી છે. એટલુંજ નહીં પણ તે વિપરીતપણાની લક્ષણાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૃષ્ટાંત રૂપ છે. મુગ્ધ ગણાતી સ્ત્રીઓ પણ મોટા વિચક્ષણ પુરૂષોને ઠગી જાય છે અને તે અબલા ગણાય છે છતાં મહાન્ પરાક્રમી પુરૂષોને જીતી જાય છે. આ લુબ્ધ શૃંગદત્ત શેઠ સદા દ્વારપાળ થઈ તેમની ચોકી કરે છે છતાં પણ તેઓ વિદ્યાના બળથી સ્વેચ્છા વિહાર કરી આવે છે. જગતમાં પણ કહેવાય છે કે, "દુષ્ટ સ્ત્રીઓનું મન ઉચ્છૃંખળ છે. તેથી તેમની ચોકી કરવી એ બાહેરનો દેખાવ છે. કોઈ પુરૂષે સ્ત્રી ઉપર કાંબળો બાંધ્યો હતો તે જોઇ કોઇ કવિએ કહ્યું હતું કે, અરે મૂઢ તેં શું જોઇને સ્ત્રીની ઉપર કાંબળો બાંધ્યો છે. તે સ્ત્રી જ્યારે સ્વેચ્છાથી પ્રવૃત્તિ કરશે ત્યારે તારા કાંબળાનું બલ કાંઈ પણ ચાલશે નહીં.

સ્ત્રી જાતિ લક્ષ્મીને માટે કવિઓ આ પ્રમાણે કહેલ છે. "વિષ્ણુએ જાણ્યું કે મારી સ્ત્રી લક્ષ્મી સમુદ્રની પુત્રી છે તેથી તરંગોની સાથે રમી છે એટલે ઘણી ચપળ હશે, તેથી તેણીને એક સ્તંભવાળા કમળ રૂપી મેહેલની અંદર પૂરી દીધી. અને તે ઉપર બ્રહ્માનો પહેરો મુકયો. તથાપિ એ લક્ષ્મી ચંદ્રના કિરણો સાથે નીકળી સૂર્યના કિરણોની સાથે બાહેર નીકળવા લાગી. આહા! તેવા સ્ત્રી ચરિત્રને નમસ્કાર હો."

આ ઉપરથી એવો બોધ લેવાનો કે, "સ્ત્રીઓને દુરાચારના માર્ગથી નિવૃત્ત કરવી." આ પ્રમાણે ચિંતામાં જાગતો તે કુશળ સુવર્ણની પ્રાપ્તિથી ગર્વ પામતો ઘણીવારે સુઇ ગયો. પ્રાતઃકાલે શ્રૃંગદત્ત શેઠે બૂમો પાડી જગાડવા માંડયો તો પણ તેણે ઉત્તર આપ્યો નહીં. આથી શ્રૃંગદત્ત શેઠે વિચાર્યું કે, આ સેવક પહેલા જ્યારે વખત થાય ત્યારે પોતાની મેલે જાગતો અને બોલાવતો કે તરત ઉત્તર આપતો. તે આજે આટલી બૂમો પાડતાં પણ જાગતો કેમ નહીં હોય? અથવા શું તે જાગતા છતાં જવાબ આપતો નહી હોય? અથવા તે કાંઇ નવીન દ્રવ્યની પ્રાપ્તિથી ગર્વિત થઇ થયો હશે? અથવા કોઈએ ઉંચા નીચા વચનોથી તેને રીસાવ્યો હશે? અથવા તેને કોઇ રોગ થયો હશે? આ પ્રમાણે કલ્પના કરતો શેઠ તેનો નિર્ણય કરવા પોતાને હાથે ઉઠાડી નેત્રોમાં અશ્રુ લાવી બોલ્યો. હે વત્સ, તું મારે ચાર પુત્રોની સાથે પાંચમો પુત્ર છે, આજે તું જુદી રીતનો કેમ બની ગયો છે?"

શ્રૃંગદત્તના આવા સ્નેહ ભરેલા વચનોથી કુશળનું હૃદય આર્દ્ર બની ગયું. પછી તેણે પેલી ચાર વધૂઓનું વૃત્તાંત કે જે તેણે નજરે જોયું હતું, તે સર્વ શ્રૃંગદત્તને કહી સંભળાવ્યું. આ વાત તેને અસંભવિત લાગી તેથી તે વૃત્તાંત પોતાની જાતે જોવાને તે રાત્રે પેલા કાષ્ટની પોલાણમાં ભરાઈ બેઠો. સમય થયો એટલે તે વધૂઓ તે કાષ્ટ ઉપર બેશી સુવર્ણદ્વીપમાં ગઇ પૂર્વની જેમ કાષ્ટને એક તરફ મુકી તેઓ દેવનગરમાં દાખલ થઇ. પાછળથી શ્રૃંગદત્ત પોલાણમાંથી બાહેર નીકલ્યો. ત્યાં પડેલી ઘણી સુવર્ણની ઇંટો તેના જોવામાં આવી. લોભને વશ થયેલ શ્રૃંગદત્તે તત્કાળ સુવર્ણની ઘણી ઇંટો કષ્ટના પોલાણમાં ભરી દીધી. આવો દ્રવ્યની મોટી આવકનો ઉપાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવી ખુશી થતો શૃંગદત્ત તે કાષ્ટના એક ખૂણામાં ભરાઇ બેઠો. નિત્યનો સમય થયો એટલે ચારે વધૂઓ ફરીને પાછી આવી તત્કાળ કાષ્ટ ઉપર ચડી સમુદ્રની અંદર આકાશમાર્ગે ચાલી. તે સમયે સુવર્ણની ઘણી ઇંટોના ભારથી કાષ્ટ દુર્વહ થઇ પડયું, આથી તેઓ સૂર્યનો ઉદય થવાના ભયથી પરસ્પર ખેદ પામી કહેવા લાગી "બ્હેન, આજે આ કાષ્ટ ઉપર બોજો ઘણો લાગે છે. માટે તેને છોડી દઇ બીજું હલકું કાષ્ટ લઇએ તો આપણને ચાલવામાં સુગમતા થશે." વધૂઓની આ વાત કાષ્ટની અંદર રહેલો શૃંગદત્ત સાંભલી ચિંતામાં પડયો. તેણે વિચાર્યું કે, "આ સ્ત્રીઓને મારી ખબર નથી. જો તેઓ આ કાષ્ટને સમુદ્રમાં ફેંકી દેશે તો મારૂં મરણ થશે." આવું વિચારી તે અંદરથી બોલ્યો. "હે વધૂઓ હું તમારો સસરો શૃંગદત્ત આ કાષ્ટની અંદર ભરાઇ બેઠોછું, તેથી આ કાષ્ટને સમુદ્રની અંદર ફેંકી દેશો નહીં." સસરાના આ વચન સાંભળી તે વધૂઓ મનમાં ક્ષોભ પામી ગઇ, પરંતુ પારિણામિકી બુદ્ધિવડે તત્કાળ તેમણે પરસ્પર વિચાર કર્યો. "આ દુષ્ટ શેઠે આપણો દુરાચાર જાણી લીધો છે. જો હવે તે જીવતો ઘેર આવશે તો પછી આપણે વધારે દુઃખરૂપ થશે; તેથી સર્પના ઘડાની જેમ આપણે તેને સમુદ્રમાં ફેંકી દઇએ તો વધારે સારૂં" આવું વિચારી વધુઓએ જાણે પોતાનું મૂર્તિમાન્ દુષ્કર્મ હોય તેમ તે કાષ્ટને સમુદ્રમાં ફેંકી દીધું. તે પછી તે વધૂઓ સ્વેચ્છાથી ત્યાગ અને ભોગ કરતી ઘરમાં સુખે રહી હતી.

આ વાત વિમળ પોતાના મિત્ર સિદ્ધદત્તને કહે છે કે, હે મિત્ર, જેમ લોભી શૃંગદત્ત કે જે, બત્રીશ કોટી સુવર્ણનો પતિ હતો, તે લુબ્ધ હૃદયથી સુવર્ણની ઘણી ઇંટોનો સંગ્રહ કરવાથી જીવનથી ભ્રષ્ટ થયો હતો તેમ તું પણ પ્રાણાંત કષ્ટ આપનારા વાહાણની ઊપર ચડી દ્વીપાંતરમાં જઈ સંતાન, ધન અને આયુષ્યથી ભ્રષ્ટ થા નહીં. તારા ઘરમાં સાત પેઢીના સંતાનો ખાય, એટલું ધન છે, છતાં આવું કષ્ટ વોહોરી લેવાનો શા માટે આદર કરે છે! હે મહાશય, હવે દ્રવ્યવડે દ્રવ્ય ઉપાર્જન કરી ઘરમાં સુખે રહે અને ત્યાગ તથા ભોગથી તારા મનુષ્યજન્મને કૃતાર્થ કર્ય."

મિત્ર વિમળે વિવિધ યુક્તિઓ અને દૃષ્ટાંતોથી સિદ્ધદત્ત શેઠને ઘણું સમજાવ્યો, પણ તેણે વિવેકના અભાવથી પોતાનું હિત માન્યું નહીં. છેવટે અતિ તૃષ્ણાથી ચપળ એવો સિદ્ધદત્ત મંગળ શુકન કરી વાહાણ ઉપર ચડી સમુદ્રમાં ચાલતો થયો. ત્યાં કોઇ સારા દ્વીપમાં જઇ વેપાર કરી તેણે અતુલ ધન સંપાદન કર્યું, પછી તે પોતાના વતન તરફ આવવા ત્યાંથી નીકલ્યો. મધ્ય સમુદ્રે આવતાં નઠારો પવન પ્રગટ થયો અને તેનાથી સમુદ્ર ઉછળવા લાગ્યો. વિકરાળ-આકૃતિવાલા મોજાઓ વેતાળની જેમ અકસ્માત્ ઉડવા લાગ્યા. તેનાથી વાહાણ ઉંચે ઉછળતું ત્યારે જાણે સ્વર્ગમાં જતું હોય અને નીચે ઉછળાતું ત્યારે જાણે પાતાળમાં પેશતું હોય તેમ દેખાવા લાગ્યું. આ વખતે સિદ્ધદત્ત વગેરે વેપારીઓએ જીવવાની આશા છોડી વાહાણને હલકું કરવા કરીયાણાની વસ્તુઓને સમુદ્રમાં ફેંકવા માંડી. જ્યારે વાહાણ હલકું થયું એટલે તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂની જેમ પવન કોઈ ઊજડ બંદર ઉપર ઘસડી ગયો. વાહાણ કાંઠે આવતા સિદ્ધદત્ત વગેરેને જીવવાની આશા ઉત્પન્ન થઈ એટલે તેઓ ખુશી થઈ તે બંદર ઉતરી પડયા. રસ્તામાં ખોરાક ખુટી જવાથી લોકોનો બચાવ કરવાને સિદ્ધદત્તે પેલી ત્રપુષી-ઔષધીનાબીજ વાવી દીધા. તેમાંથી વેલાઓ ઉગી નીકળ્યા અને તત્કાળ તે ફલિત થઈ ગયા. તે ફલોનો સ્વાદ લઈ વાહાણના સર્વ લોકો સુખી થઈ ગયા.

**એક જલમાનુષીનો વૃત્તાંત.**

આ સમયે કોઈ એક જલ માનુષી સ્ત્રી સમુદ્રમાંથી નીકળી ત્યાં આવી અને તે સર્વને બીહરાવતી હલવે હલવે તે ફલો ખાવા લાગી. તે વખતે ધૂર્ત્ત સિદ્ધદત્તે પોતાના હાથમાં એક રત્ન લઈ તે જલમાનુષીને બતાવ્યું. અને તેણીને ફલ ખાતી અટકાવી. પેલી વરદેવીએ આપેલા દાનના પ્રભાવથી જલ માનુષી એવું સમજી કે, "આ માણસ આ ફલના મૂલ્ય તરીકે મારી પાસેથી રત્નો લેવા ઇચ્છે છે." આવા વિચારથી તે જલ માનુષી ફલ ખાવાના લોભથી સત્વર સમુદ્રમાં પેઠી અને અંદરથી વિવિધ રત્નો બાહેર લાવી. પછી તેણીએ તે રત્નો સિદ્ધદત્તને અર્પણ કર્યાં. ત્યારથી સિદ્ધદત્ત પ્રતિદિન તે જલમાનુષીને ફલો આપતો અને તે ફલોના પ્રમાણે રત્નો લેતો હતો. એવી રીતે વિશ્વાસથી જલમાનુષીએ સિદ્ધદત્તને કોટી રત્નો આપ્યાં. તે બધા રત્નોથી વાહાણ ભરી સિદ્ધદત્ત હર્ષ પામતો પોતાના નગર તરફ રવાને થયો.

**રત્નવીર રાજાનો પ્રસંગ**

માર્ગે જતાં **રત્નવીર** નામે એક રાજા મળ્યો. સિદ્ધદત્તની પાસે કોટી રત્નોને જોઈ તેને ચિત્તમાં લોભ ઉત્પન્ન થયો. પછી તરતજ તેણે તે રત્નો લઈ લેવાની આજ્ઞા આપી. આ વખતે સિદ્ધદત્ત ખેદ કરવા લાગ્યો. "અરે! પ્રાણને તૃણવત્ ગણી અને મહાન્ સમુદ્રનું અવગાહન કરી કષ્ટથી મેળવેલી આ મારી સર્વ લક્ષ્મી વૃથા થઈ ગઈ. માતા પુત્રને ઝેર આપે, પિતા તેને વેચીદે અને રાજા સર્વસ્વ હરીલે તો પછી તેનો શો ઉપાય?" આ પ્રમાણે સિદ્ધદત્ત મનમાં ખેદ કરતો હતો. તે પછી તેરમે દિવસે રાજા રત્નવીરે દેવીના વરદાનના પ્રભાવથી તે સર્વ લક્ષ્મી તેને પાછી આપવાનો હુકમ કર્યો. આથી પાછો સિદ્ધદત્ત ખુશી થયો. પછી તે મણીઓને વાહાણમાંથી ઉતારી વેચી દીધા, તે દ્રવ્ય મળવાથી સિદ્ધદત્ત ત્રેસઠ કોટી સુવર્ણનો ધણી થઈ પડયો. આટલા દ્રવ્યથી તેનામાં ભારે ગર્વ ઉત્પન્ન થયો. નિર્વિવેકી સિદ્ધદત્ત પોતાના નગરના મહાજનને તૃણવત્ ગણવા લાગ્યો. તે લોભથી ધર્મમાં તો એક કોડી પણ વાપરતો નહીં. તેમજ પોતાના સ્વજનોનો જરા પણ ઉપકાર કરતો નહીં. કદિ પણ મહાન્ પુરૂષોને પૂજતો નહીં અને ગુરૂઓને વંદના કરતો નહીં. માત્ર દ્રવ્ય ઉપાર્જનમાંજ મન રાખી પશુની જેમ પોતાનું જીવન ગુજારતો હતો. તે સિદ્ધદત્ત વિવેક અને વિનય વગરનો હોવાથી અનુક્રમે સર્વ મહાજનને આંખના પાટાના જેવો દ્વેષપાત્ર થઈ પડયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિવેકી ધનદત્તનો વૃત્તાંત**

આ તરફ ધનદત્ત કે જે દેવીના વરદાનથી નિર્મળ વિવેક બુદ્ધિવાળો થયો હતો. તે હંમેશા ત્રિકાળ પૂજ્ય જનોની પૂજા કરતો. પ્રતિદિવસ તે ગુરૂ પાસેથી ધર્મ સાંભળતો અને મોટા કાર્યમાં પણ કોઇની સાથે કલહ કરતો નહીં. તે જીવહિંસાથી વિરક્ત રહેતો, મૃષા વચન બોલતો નહીં, અદત્તાદાન લેતો નહીં અને પરસ્ત્રીથી પરાઙ્ મુખ રહેતો હતો. તે સાત વ્યસનોને દૂરથી છોડી દેતો, શુદ્ધ હૃદયથી મહાજન સાથે મળીને ચાલતો, દીન તથા દુઃખી જન ઉપર દયાળુ થતો, પરોપકાર કરતો અને અલ્પ ધન છતાં ઉદારતાથી પાત્રને યોગ્ય દાન આપતો હતો. તે હંમેશા પરકાર્ય કરવામાં કુશળ અને પર સમૃદ્ધિ તરફ ઈર્ષ્યા રહિત થઇ સારા આચરણોથી પોતાના જીવનને સફલ કરતો હતો. આવા આવા બીજા ગુણોથી અને વિવેક તથા વિનયથી મહાશય ધનદત્ત નગરના શિષ્ટ જનોને અતિ ઇષ્ટ થઇ પડયો હતો. તેવામાં તેને એક વિદેશી વ્યાપારીનો પ્રસંગ પડયો અને શું બન્યું તે હવે કહેવામાં આવશે.

અપૂર્ણ.

## અમારી સભાનો કરવામાં આવેલ અઢારમો વાર્ષિક મહોત્સવ.

**જેઠ શુદ ૭ ના રોજ ભાવનગરમાં સભાની વર્ષગાંઠ અને જેઠ શુદ ૮ ના રોજ શ્રી સિદ્ધાચળજી ઉપર સ્વર્ગસ્થ મહાત્મા શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ) ની સ્વર્ગવાસ તિથિ નિમિત્તે કરવામાં આવેલ મહોત્સવો.**

શ્રી જૈન આત્માનંદ સભાને સ્થાપન થયા અઢાર વર્ષ પૂરા થઇ ઓગણીસમું શરૂ થવાથી આ માસના શુદ ૭ ના રોજ સભાની વર્ષગાંઠ હોવાથી, આ ઉત્તમ પ્રસંગને માટે પ્રથમ આમંત્રણ પત્રિકાઓ છપાવી બહાર ગામના મેમ્બરોને મોકલવામાં આવી હતી.

તે પ્રમાણે જેઠ શુદ ૭ ના રોજ દર વર્ષ મુજબ વાર્ષિક મહોત્સવ, સભાના મકાનને ધ્વજાપતાકા તોરણો વિગેરેથી શણગારી તેમાં પ્રથમ સ્વર્ગવાસી પૂજ્યપાદ ગુરૂરાજની છબી પધરાવી મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજની બનાવેલી કવિતાઓથી સ્તુતિ કરવા સાથે વાસક્ષેપથી સર્વ સભાસદોએ સવારના સવાઆઠ વાગે પૂજન કર્યું હતું, ત્યારબાદ નવ વાગે પ્રભુ પધરાવી મરહુમ આચાર્ય મહારાજ કૃત સત્તરભેદી પૂજા સુંદર વાજીત્રો સાથે ભણાવવામાં આવી હતી. જે વખતે મેમ્બરો ઊપરાંત અન્ય ગૃહસ્થોએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી, તથા બપોરના વોરા હઠીસંગભાઇ ઝવેરચંદના તરફથી આવેલ રકમના વ્યાજમાંથી તેમજ તુટતા રૂપૈયાતું મેમ્બરોથી થયેલ ફંડથી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જેઠ સુદ ૭ ના રોજ સાંઝની મીક્ષ ટ્રેનમાં આત્માનંદ સભાના ૪૫ સભાસદો શ્રી સિદ્ધાચળજી ગયા હતા.

જેઠ શુદ ૮ ના રોજ સવારના પ્રથમ ડુંગર ઉપર મોટી ટુંકમાં જ્યાં કે સ્વર્ગવાસી ઉકત મહાત્માની મૂર્તિ સ્થાપન કરવામાં આવેલી છે; ત્યાં સર્વ સભાસદો શરીરની શુદ્ધિ કરી પૂજાના કપડાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેરી તૈયાર થઈ હાજર થયા. જે વખતે પન્યાસજીશ્રી **દાનવિજયજી** મહારાજ, મુનિરાજશ્રી કી**ર્તિવિજયજી** મહારાજ અને શ્રી **મોતીવિજયજી** મહારાજ વિગેરે મુનિરાજાઓએ ત્યાં હાજરી આપી હતી. તે વખતે બરાબર દશ વાગે પ્રથમ જૂદા જૂદા રાગ રાગીણીથી મુનિરાજશ્રી **હંસવિજયજી** મહારાજ તથા મુનિ **વલ્લભવિજયજી** કૃત સ્વર્ગવાસી ઉકત માહાત્માની સ્તુતિ વાજીંત્ર સાથે કરવામાં આવી હતી અને તે પુર્ણ થયા બાદ પ્રથમ ત્યાં હાજર રહેલા પન્યાસજી મહારાજ શ્રી દાનવિજયજી મહારાજ વિગેરે મુનિરાજાઓએ અને પાછળથી સભાના સર્વ સભાસદોએ અને ત્યારબાદ ત્યાં હાજર રહેલા અન્ય યાત્રાળુ જૈન બંધુઓએ ગુરૂરાજની વાસક્ષેપથી પૂજા કરી હતી. જે વખતે અપૂર્વ આનંદ અને આલ્હાદ ઉપ્તન્ન થયો હતો, ત્યારબાદ શ્રી નવ પદજી મહારાજની પૂજા રાગ રાગીણીથી વાજીંત્રો સાથે ભણાવવામાં આવી હતી અને તેજ દિવસે શ્રી આદિશ્વર ભગવાન, પુંડરીકજી મહારાજ અને આત્મારામજી મહારાજની મૂર્તીને સુંદર આંગી રચવામાં આવી હતી. વધારામાં શાંતિનાથ મહારાજ રાયણ પાદુકા અને ઘેટી પગલા એ ત્રણ સ્થળે આ વર્ષે આંગી રચવામા આવી હતી અને યાત્રા, પૂજા ભાવના વગેરે ઉત્તમ કાર્યો કરવામાં આવ્યા હતા, બીજે દિવસે જેઠ શુદ ૯ ના રોજ સવારના મોતી સુખીયાની ધર્મશાળાના દેરાસરમાં ભાવના કરવામાં આવી હતી. જ્યાં શ્રીમદ્ ઉપાધ્યાયજી શ્રી**વીરવિજયજી** મહારાજ પધાર્યા હતા, અને તેઓશ્રીએ પોતાની મધુર વાણીથી અને ઉત્તમ પદો પૂજા વગેરે જુદા જુદા રાગ રાગીણીથી બોલી અમૃત ધારા વર્સાવી અપૂર્વ આનંદ કરાવ્યો હતો. આ નિમિત્તં કુલ ખર્ચ રાધનપુર નિવાસી શંઘવી મોતીલાલ મુળજી તરફથી આપવામાં આવેલ હતો.

વળી આ જયંતી પ્રસંગ ઉપર શેઠ નેમચંદભાઇ પીતાંબરદાસ મીંયગામવાળા તરફથી રૂ. ૫૦) પન્યાસની શહેર ભાવનગર તેમજ પાલીતાણામાં જૈનશાળાના બાળકના (વિદ્યાર્થીઓને) માટાઇ તેમજ જમણ આ સભા મારફત આપવા માટે સુચના થયેલ જેથી તે પ્રમાણે કરવામાં આવેલ હતું.

## મુંબઇ લાલબાગમાં મર્હુમ આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી મહારાજ)ની સ્વર્ગવાસ તિથિ જેઠ સુદ ૮ના રોજ ઉજવાયેલ જયંતી.

મર્હુમ જૈન આચાર્ય શ્રીમદ્વિજયાનંદજી સૂરિ ઉરફે મુનિ મહારાજ શ્રી આત્મારામજીની જયંતી ઉજવવાનો મેળાવડો કરવા બાબત શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા તરફથી હેંડબીલો આમંત્રણ પત્રો, તેમજ પ્રોગ્રામ વગેરે કઇ દિવસથી ફેલાવવાનો પ્રયાસ ચાલુ હતો. સદરહુ દિવસે પૂજાવગેરે કાર્ય શ્રી સંઘના તરફથી હોવાને લીધે લાલબાગમાં એક ખરડો પણ ભરાણો હતો. ધાર્યા પ્રમાણે તા-૧-૬-૧૯૧૪ જેઠ સુદી આઠમ સોમવારના દિવસે સવારના સાત કલાકે લાલબાગમાં એક મોટો મેળાવડો મુનિમહારાજ **શ્રીવલ્લભવિજયજીના** પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો, તે પ્રસંગે આખા લાલબાગને અંદર તેમજ બહાર ધજા પતાકાથી સુશોભિત રીતે શણગારવામાં આવ્યો હતો સભાનો મુખ્ય હોલ પણ અચ્છી રીતે શણગારવામાં આવ્યો હતો અને એક ઉંચા આસનપર મરહૂમ પૂજ્ય મુનિ મહારાજ શ્રીઆત્મા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**રામજીની** સુંદર તસબીર પુલતોરા સાથે પધરાવવામાં આવી હતી. સભામાં મહારાજ સાહેબના સઘળા શિષ્યો ઉપરાંત જૈન ગૃહસ્થો તેમજ બાનુઓનો એક અચ્છી સંખ્યાએ હાજરી આપી હતી, હાજર રહેલા જાણીતા ગ્રહસ્થોમાં મી. કલ્યાણચંદ શોભાગચંદ મી. દેવકરણ મૂળજી, મી. મોતીચંદ ગીરધરલાલ કાપડિઆ સોલીસીટર, મી. ગુલાબચંદજી ઢઢા એમ. એ. મી. હેમચંદ અમરચંદ, મી, મુળચંદ હીરજી, મી. મોહનલાલ હેમચંદ વગેરે પણ હતા.

શરૂઆતમાં માસ્તર કાનજી કરમશી માંડવી વિદ્યાર્થી મંડળના વિદ્યાર્થીઓ તરફથી મંગળાચરણ કરવામાં આવ્યું હતું. જે ગાયનો આ માસિકમાં પ્રથમ છપાયેલ છે. ત્યારબાદ—

## ગવૈયા નાથાલાલે ગાયેલું સ્તુતિનું ગાયન.

### શ્રી ગુરૂ સ્તુતિ.

વારી જાઉંરે સદ્‌ગુરૂજી તુમ પર વારનાજી. (અંચલી)
આતમારામજી નામ ધરાયા, આતમકો આરામ બતાયા;
આતમરામ સમા સુખ દાયા, અંતર ઘટમેં ધારનાજી ॥ ૧ ॥
મિથ્યા મત તમદિન કરજાના, કામ જવર ધન્વંતરીમાના;
સત ચિત આનંદ પદકા વાના, સાગર લોભ નિવારનાજી. ॥ ૨ ॥
બાહ્ય નિમિત્ત ગુરૂ ઉપકારી, કાર કારણ મુખ્ય નિજાતમ ધારી;
આતમ હી આતમ પદકારી, સીધ્ધાઅર્થ વિચારનાજી. ॥ ૩ ॥
ઘડી ઘડી પલ પલ ગુરૂજી ધ્યાઉં, મનમે વાણી સેં ગુણ ગાઉં;
કાયાસેં નિજ સીસ નમાઊં, રૂપ પરાયા, છારનાજી. ॥ ૪ ॥
પૂર્ણ કૃપાશ્રી ગુરૂ કીથાવે, આતમ પરમાતમ પદ પાવે;
વિજયાનંદ વધાઈ ગાવે, આતમ વલ્લભ તારનાજી. ॥ ૫ ॥

ત્યારબાદ ગવૈયા નાથાલાલે નીચેનાં ગાયન ગાઇ સભાને આનંદ આપ્યો હતો.

### પદ ૨ જું દેશી ભજનકી.

અશરણ શરણ કરણ સુખ સંપદ, વિપદ હરણ જગવાલા વાલા પ્રભુ વાલા.
સુખ સાગર આગર ગુણ ત્રાતા, ગાતા ગુણકી માલા માલા પ્રભુ માલા. અંચલી૦
અલખ અગોચર અજર નિરંજન; ભંજન દુઃખકી રાસી રાસી પ્રભુ રાસી,
હિતકારી ઉપકારી જગજન; મન્મથ કે હૈ નાસી નાસી પ્રભુ નાસી. અ૦ ૧
તીર્થંકર જગદીશ જીનેશ્વર; યોગીશ્વર અતિ વીરા વીરા પ્રભુ વીરા;
બ્રહ્મા વિશ્નુ જિન શિવ શંકર; મંદર ગિરિ સમ ધીરા ધીરા પ્રભુ ધીરા. અ૦ ૨
નામ અનંતે ગુણ હી અનંતે; વર્ણન કરૂં તુમ કૈસે કૈસે પ્રભુ કૈસે.
દિલ અનુભવમાં આગલ બાલક, કહી ન સકે નિજ જૈસે જૈસે પ્રભુ જૈસે. અ૦ ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે જીન તારક મોહ નિવારક; કરતે ભવિજગ દેવા દેવા પ્રભુ દેવા.
મુનિ નર ખગસુર ગણુપતિ સેવા; ફલ શિવસુખકો લેવા લેવા પ્રભુ લેવા. અ૦ ૪
આતમ નિજ ગુણ દાયક ધારી; શરણ લિયા મૈં તેરા તેરા પ્રભુ તેરા.
આતમ આનંદ વલ્લભ માંગે, ટારો ભવ ભવ ફેરા ફેરા પ્રભુ ફેરા. અ૦ ૫

પદ ૩ જું ( ચાલી મનમાયાના કરનારારે )

સુખકારી પૂજન સુખકારીરે, સૂરિરાય પૂજન સુખકારી.
કરે શુદ્ધ ભાવે નરનારીરે, સૂરિરાય પૂજન સુખકારી. અંચલી૦
યુગ પ્રધાન સૂરીશ્વર સોહે, દેશાદિ ગુણકે ધારી
લોક અનુગ્રહ કારણ ભાસે આચાર પાંચ પ્રકારીરે સૂરિ૦ ૧
સારણ વારણ ચોયણ કરતાં પડિચોયણ દાતારી; ધર્મોપદેશક ગચ્છ
નિયંતા, પ્રમાદ દૂર નિવારી રે. સૂરિ૦ ૨
ભૂપ સમા જીન શાસન દીપે, અનેક લબ્ધિ ભંડારી,
તત્ત્વજ્ઞ તત્ત્વોપદેશક સૂરિ; જીવ પરમ ઉપકારી રે. સૂરિ૦ ૩
પાલે પલાવે ધર્મ અનુપમ, વિકથા કષાય વિડારી.
માત તાત સુત બંધવ સેભી જીવ અધિક હિતકારી, સૂરિ૦ ૪
વંદન પૂજન ભાવ સૂરિ પદ અક્ષય પદ કરતારી,
આતમ લક્ષ્મી સંપત પામે, વલ્લભ હર્ષ અપારોરે સૂરિ૦ ૫

ત્યારબાદ શ્રી આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયાનંદ સૂરિ ઉરફે મુનિ મહારાજ શ્રી આત્મારામજીની વાસક્ષેપથી પૂજા કરવામાં આવી હતી.

તે પછી શરૂઆતમાં માસ્તર કાનજી કરમસીની સ્કૂલના માસ્તર વીરજી રાજપાલે અંગ્રેજીમાં ભાષણ આપ્યું હતું જેનો ગુજરાતીમાં સાર મી. જખુ દેવજી વીરાએ સંભળાવ્યો હતો. જે નીચે મુજબછે.

પૂજ્ય મુનિરાજો, બ્હેનો તથા ભાઇઓ,

આજે આપણે એક માહાપુરૂષની જયન્તિ ઉજવવા એકઠા થયા છીએ અને તમે જાણતા હશો કે હરકોઈ માહાપુરૂષની જયન્તિ ઉજવવામાં, આપણો પોતાનોજ સ્વાર્થ સમાયલો છે. કારણ કે જે મહાપુરૂષની જયન્તિ ઉજવવા આપણે ઉજમાલ બનીએ છીયે તેમના અસાધારણ ગુણો નમુનારૂપે આપણી દ્રષ્ટિ સમક્ષ રજુ થવાથી આપણું ચરિત્ર ઉચ્ચ બનેછે. મહાન પુરૂષો આ દુનિયાના નાટક તખતા ઉપર પોતાને ભજવવાનો પાઠ બરાબર ભજવીને ચાલ્યા ગયા છે પણ જમીન ઉપર પગલાં મૂકતા ગયા છે કે જે પગલાં આપણાં જેવા બાળ જીવોને માર્ગ સૂચવવાનું કામઅચ્છી રીતે બજાવી શકે છે.

ત્યારે આપણે આજે કયા મહાપુરૂષની જયન્તિ ઉજવવા તૈયાર થયા છીએ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે મહાપુરૂષ આપણા આધુનિક જૈનમુનિવર્ગમાં સર્વ શિરોમણિ તરીકે ગણાતા હતા એવા એક ન્યાયાંમ્ભોનિધિ જૈનાચાર્ય શ્રી **આત્મારામજી** મહારાજ કે જેમણે એક ખરા ક્ષત્રિયની માફક કર્મરિપુ સામે યુદ્ધ કરી જૈન સમાજના માનવંત અગ્રેસરનું પદ પ્રાપ્ત કર્યું હતું. શ્રી મદ્‌વિજયાનંદ સૂરિનું શાસ્ત્રજ્ઞાન અને શ્રી મહાવીર પ્રભુના ઉપદેશેલા સિદ્ધાંતોનું રહસ્ય સમજવાની એમની શક્તિ ખરેખર અનુપમ હતી. સ્વધર્મનું પોતાને જે જ્ઞાન પ્રાપ્ત થયું હતું તેનો લાભ બીજા સંખ્યાબંધ માણુસોને આપવાના ઉદાર આશયથી તેઓ પંજાબથી ગુજરાત અને કાઠિયાવાડ સુધી અનેક ગામો અને શહેરોમાં વિચર્યા હતા. અને એમના શિક્ષણથી લોકો એટલા બધા પ્રસન્ન થયા હતા કે એટલી લોકપ્રિયતા એમના જમાનાના બીજા કોઇ મુનિને ભાગ્યેજ મળી હશે. હજારો અન્યધર્મીઓને તેમણે જૈનધર્મનું અદ્ભુત સ્વરૂપ સમજાવ્યું હતું અને તેઓમાં પવિત્ર જૈનધર્મનો શોખ જગાડયો હતો. વિદ્વાન મહાપુરૂષે ઘણું ઘણું વાંચ્યું હતું અને ઘણું વિચાર્યું હતું અને ઘણું લખ્યું હતું. આ સર્વથી ઉપકૃત થએલા જૈનવર્ગે તેમને "જૈનાચાર્ય" નો અત્યંત માનનીય ખિતાબ અર્પણ કર્યો હતો.

બંધુઓ ! જૈનાચાર્ય શ્રી મદ્વિજ્યાનંદજી મહારાજ કાંઇ માત્ર જૈનોનાજ ગુરૂ નહતા. તેમણે જૈનો તેમજ જૈનેતરો, એસિયાટિકો, યુરોપીઅનો તેમજ અમેરિકનોને જૈન સ્યાદ્વાદનો સ્વાદ ચખાડયો હતો. કારણ કે દેશ, જાતિ કે વાડાનો ભેદ રાખ્યા સિવાય સર્વ ઉપર ઉપકાર કરવો એ તેમનો સિદ્ધાંત હતો. સ્વામી યોગજીવાનંદ સરસ્વતિ નામના એક સમર્થ વિદ્વાન સંન્યાસીને આચાર્યશ્રીનાં રચેલાં પુસ્તકો વાંચવાથી જૈનધર્મ પર અને આચાર્ય શ્રી પર એટલી શ્રદ્ધા ઉત્પન્ન થઇ હતી કે તેમણે આચાર્યશ્રીની પ્રસંશા માટે કાવ્ય લખ્યું હતું. જેના ૫૧ અર્થ થઇ શકે છે.

રોયલ એસિયાટીક સોસાયટી કલકત્તાના ઓનરરી સેક્રેટરી ડો. હોર્નલે એઓ સા. આ આચાર્યશ્રી પાસે જૈનધર્મને લગતા અટપટા સવાલોના ખુલાસા મેળવતા. આ યુરોપિયન પંડિતે આચાર્યશ્રીની બહુ તારીફ કરી છે.

આ મહાન આચાર્યશ્રીની કીર્તિ કાંઇ હિંદમાંજ ગોંધાવી રહેવા સરજાયલી નહતી. અમેરિકાના ચીકાગો શહેરમાં ઇ. સ. ૧૮૯૩ માં દુનિયાના તમામ ધર્મની કોંગ્રેસ અથવા સમ્મેલન પ્રસંગે જૈનકોમનો પ્રતિનિધિ મોકલવાનું જ્યારે આમંત્રણ મળ્યું ત્યારે એ આમંત્રણને સ્વીકારીને આચાર્યશ્રીએ **સ્વર્ગસ્થ બંધુ વીરચંદ રાઘવજી ગાંધીને** જૈનતત્ત્વજ્ઞાનના મુદ્દા શીખવીને કોંગ્રેસમાં મોકલ્યા હતા. એ કોંગ્રેસના રીપોર્ટમાં શ્રી મદ્ માટે ઘણા માનભર્યા શબ્દો નોંધાયા છે.

શ્રી આત્મારામજી મહારાજની આટલી બધી તારીફ થવાનાં મુખ્ય કારણો તેમની વિદ્વતા, રહસ્યશોધકવૃત્તિ, ઉદાર મન્તવ્ય, ધર્મપરાયણ જીંદગી, મળતાવડો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્વભાવ અને કેળવણીની હિમાયત કરવાનો ખાસ નિયમ એ હતા. કેળવણીનો સવાલ એ એમનું જીવન હતું. પોતાથી બને તેટલા જોરથી જૈનોને એ વિષયની અગત્ય સમજાવતા અને કહેતા કે "જૈનોની ઉન્નતિ ત્યારેજ થશે કે જયારે જૈનો જમવા, જમાડવામાં. નાચ વરઘોડામાં, અને એવી હજારો ધામધુમોમાં, ખર્ચ કરવાનું છોડી દઈ ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના પ્રચારને રસ્તે પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરવા લાગશે." આચાર્યશ્રીનો એ ઉપદેશ મુનિમહારાજ **શ્રી વલ્લભવિજયજી**એ પણ એવાજ ઉત્સાહથી ચાલુ રાખ્યો છે એ જોઇ કોને આનંદ નહિ થાય ? શ્રી મહાવીર જૈનધર્મ વિદ્યાલયની જે હિલચાલ તેમના ઉપદેશના પરિણામે પગભર થઈ છે તેને ગૃહસ્થો ! તમારા તન, મન અને ધનથી પુષ્ટિ આપશો, તો હું માનીશ કે આપણા મહાન આચાર્યશ્રીએ જે ઉપદેશ માટે આખું જીવન વ્યતીત કર્યું હતું, તે ઉપદેશની સાર્થક્તા કરનારા ખરા ભકતો તમેજ છો. એ ઉપયોગી સંસ્થા જેમ વધારે મજબુત, વધારે ચીરંજીવી અને વધારે ઉપયોગી બનશે તેમ (શ્રી મદ્ વિજયાનંદજી) મહારાજનું નામ વિશેષ અને વિશેષ અમર અને કીર્તિવાન બનશે.

## પંડિત હંસશર્માનું ભાષણ.

ત્યારબાદ પંજાબી **પંડિત હંસરાજ શર્મા**એ સંસ્કૃતમાં સ્તુતિ કરી મહારાજજી સાહેબના ચરિત્રમાંથી લેવા લાયક બોધનું દિગ્ દર્શન કરાવતાં કહ્યું કે મહાત્માઓના ચરિત્રમાં એવી કોઇ પણ વાત નથી હોતી કે જે અનુકરણીય કે આલંબનીય ન થઇ શકે. માહરી એટલી શકિત નથી કે હું મહાત્માનું યથાતથ્ય વર્ણન કરી શકું તો પણ યથાશકિત મહાત્માના ગુણોના આકર્ષણથી કહીશ કે જે મહાત્માની જયંતી ઉજવવા આપણે બધા એકત્ર મળ્યા છીએ તે મહાત્મામાં સત્યનો પ્રેમ એટલો બધો હતો કે જેની બાબતમાં જેટલું વર્ણન કરીએ તે ટલું ઓછું છે. મરહૂમ મહાત્મા પ્રાતઃ સ્મરણીય પૂજ્યપાદ શ્રીમદ્ વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજ જે વખતે ઢુંઢક સંપ્રદાયમાં હતા, તે વખતે એઓની કેટલી માન પ્રતિષ્ટા તે સંપ્રદાયમાં હતી તેનો અનુભવ તે વખતના તેજ સંપ્રદાયના કેટલાક સજ્જનોના કહેવાથી મને પોતાને થયો છે કે મરહુમ પૂજ્ય મહાત્માની બરાબરી કરી શકે તેવી એક પણ બીજી વ્યકિત તે વખતે તે સંપ્રદાયમાં નહોતી! એતો બનવા જોગજ છે કે જે પ્રતાપી પુરૂષ જે વખતે જે સમુદાયમાં હોય તે સમુદાયમાં તેજ પ્રતાપી ગણાય. અહીં સુધી કે લોકો તેમને એક અવતારી જીવ તરીકે માન આપતા હતા. આટલી બધી માન પ્રતિષ્ઠા હોવા છતાં પણ જયારે શાસ્ત્રદ્વારા એઓને પોતાની પ્રથમની વર્ત્તણુંક અનુચિત ભાન થઇ કે તત્કાળ સર્પ કંચુક ત્યાગે તેમ તે સંપ્રદાયનો પોતાની માન પ્રતિષ્ઠાની દરકાર ન કરતાં એકદમ ત્યાગ કરી દીધો! આહા કેટલો બધો સત્ય પ્રેમ! કેટલું બધું નિરાભિમાનપણું ? આવા સત્ય પ્રેમી બન્યા શિવાય કોઇનું પણ કલ્યાણ કદાગ્રહથી થયું નથી, થાતું નથી, કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાશે નહીં, આ અટલ નિયમ સમજવો. સજ્જનો? મરહુમ મહાત્માએ પોતે સત્ય પ્રેમી બની પોતાનોજ કેવળ ઉદ્ધાર કર્યો એટલુંજ નહીં, એમના સત્ય પ્રેમથી આકર્ષાઇ હજારો જીવોએ તેજ સત્યનો પ્રેમ કરી પોતાના ઉપકારી મરહુમ મહાત્માને બનાવ્યા. તાત્પર્ય કે હજારો જીવોને સત્ય પથ ઉપર આણ્યા. શું આ વાત ખરી હશે? આપણને શી ખબર કે તેઓ જરૂર સત્ય પ્રેમી હતા? હું ભાર દઇને કહી શકું છું કે તેઓ જરૂર સત્ય પ્રેમી, નિરાભિમાની અને પક્ષપાત રહિત, યથાર્થ સત્યોપદેશક કોઇની પણ પરવા ન રાખતાં જે સત્ય તે કથન કરવાવાળા એક ઉચ્ચ કોટીના મહાત્મા હતા કે જેની સત્યતા હું આપ લોકોની સમક્ષ તે મહાત્માના બનાવેલ ગ્રંથથી બતાવી આપીશ.

સજ્જનો! આપ જાણતા હશો કે જેનામાં ઉચ્ચ આશય ન હોય તેના ઉદ્ગાર ઉચ્ચ હોવાનો સંભવ નથી. કદાપિ કોઇ મોઢેથી ઉચ્ચ આશય પોતાની માન બડાઇને માટે કહી શકે પણ ગ્રંથમાં અક્ષર રૂપે લખે એ સંભવ નથી, અને જ્યારે અક્ષર રૂપે લખવામાં આવે તો જાણવુંજ જોઇએ કે લખનારનો જરૂર ઉચ્ચ આશયજ છે એ વિના આવું નિડરપણે લખાણ થઇ શકેજ કેમ?

સજ્જનો! જરા મારા ઉપરની દૃષ્ટિ ફેરવી મારા હાથ તરફ દૃષ્ટિ કરશો. જુઓ, આ મારા હાથમાં શું છે? પુસ્તક છે. કયું પુસ્તક છે? મરહુમ મહાત્મા કે જેની આ જયંતી થઇ રહી છે તેમનું બનાવેલું "अज्ञान तिमर भास्कर" નામનું પુસ્તક છે, કે જેની બાબત થોડા સમયપર પંજાબમાં ચર્ચા ઉભી થઇ હતી, જે કારણે આજના આપના પ્રમુખ સાહેબને ગુજરાતમાં આવતાં દીલ્હીથી પાછું પંજાબમાં જાવું પડયુ હતું. જેનો આબેહુબ ચિતાર "भीम ज्ञान त्रिंशिका" નામા પુસ્તક ઉપરથી આપ જાણી શકો છો. સદરહુ અજ્ઞાન તિમિર ભાસ્કર પુસ્તક બનાવવાવાળા કેટલા ભારી વિદ્વાન્ હતા, તેમજ કેવી સુંદર રીતિથી પ્રતિપાદન કરી પ્રતિપક્ષીનું ખંડન કરી સ્વધર્મનું મંડન કરવા સમર્થ હતા, તે વાંચનાર નિષ્પક્ષ વિદ્વાન મંડળજ જાણી શકે છે? સત્ય છે "विद्वाने वहिं जानाति विद्वज्जन परिश्रमम्"

મહાશયો! મારૂં આટલું વિવેચન કરવાનું કારણ મારે મરહુમનો જે લેખ તમને બતાવવો છે તે ઉપર તમારૂં વધારે લક્ષ ખેંચાય તેમજ તમો તેના પરીક્ષક બની પુરૂષાર્થ કરી તેમની ઉચ્ચ લાગણીને માન આપી ઉચ્ચ કામ કરવાને કટિબદ્ધ થાઓ. આહા! મને લેખ વાંચતાં ઉત્સાહ ચઢે છે અને તેની પ્રેરણાથી હું કહું છું કે ઉચ્ચ સ્વરે બોલો! પ્રાતઃ સ્મરણીય પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રી મદ્વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજની જય? (તાલીઓના ગડગડાટ સાથે જય જયની ધ્વનિથી આખો મંડપ ગાજી ઉઠયો)

મહાનુભાવો? મરહુમ પૂજ્ય મહાત્મા લખેછે કે—

"जैन मतके न फैलनेका कारण यह है—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मुसलमानोंके राजमें जैनके लाखो पुस्तक जलादियेगये? और जो कुछ बच रहे हैं वे भंडारोमें बंदकर छोडे हैं! वे पडे पडे गलगये है, बाकी दोसौ तीन सौ वर्षमे तमाम गलजावेंगे! जैसे जैन लोग अन्य कामोमे लाखो रुपये खरचते है वैसे जीर्णपुस्तकोंके उध्धारमे कुछभी नही खरचते! और न कोइ जैनशाला बनाकर अपने लडकोंको संस्कृत और धर्मशास्त्र पढाते हैं!

एवं जैन साधुभी प्रायः विद्या नही पढते, क्योंकि उनको खानेको तो ताजा माल मिलता है वे पढकर क्या करें! कितनेक यतिलोग इन्द्रियोंके भोगोमें पड रहे हैं! वे भी विद्या क्योंकर पढे! विद्याके न पढनेसे लोग इनको नास्तिक कहने लग गये हैं! फिर भी जैन लोगोंको लज्जा नही आतीं. जैन लोक चूरमेके लाडू और दूधपाकादिकके खाने वास्ते तो हजारों इकठे हो जाते हैं परंतु पुस्तकोंकें उध्धार और शिक्षाके लिये सोए पडे हैं! हमारे लिखनेका प्रयोजन तो इतना हीं है कि जैन लोगोंको उचित है कि सब देशवाले मिलकर पाटन, जैसलमेर, खंभातादि भंडारोंके पुस्तकोंका जीर्णोध्धार करावें और बडे बडे शहेरोंमे जैन पाठशालायें बनाकर अपने लडकोंको संस्कृत आदि विद्याको पढावें ॥" (અજ્ઞાન તિમિર ભાસ્કર. ખં. ૨ પૃ. ૪)

મહાનુભાવો? મહાત્માના કેવા ઉચ્ચ આશયના ઉદ્ગારો છે? જેમાં જરા પણ પક્ષપાતને તો નજીક આવવાજ દીધો નથી. શ્રાવક વર્ગને માટે જેવો યોગ્ય હિત શિક્ષા ભર્યો ઉપદેશ આપ્યો છેતેવોજ સાધુઓ પ્રતિ પણ આપ્યો છે! બેશક! નિસ્પૃહ ઉપકારિઓનું એજ કર્ત્તવ્ય છે! હવે હું એ ઉપકારીનો ઉપકાર સંક્ષેપ રૂપથી બતાવતો, સમય અધિક ન હોવાથી એટલુંજ કહીશ કે જ્યાં સુધી મારો અનુભવ છે. જૈનોના તરફથી જે કાંઇ ખંડન મંડનના વિષયમાં ટ્રેકટરૂપે અથવા છાપાદ્વારા લેખરૂપે લખાણો પ્રગટ થયાં છે, કે થાય છે પ્રાયઃ ઘણો ખરો ભાગ તેમાં મરહૂમ પૂજ્ય શ્રીના બનાવેલા ગ્રંથોનો જેવોને તેવોજ જોવામાં આવે છે, અને તેમ નહીં તો તેના સારરૂપે લેવામાં આવ્યો છે. કે આવે છે જો કે મહાત્માનું નામ જાહેર ન લેતાં પોતાની બનાવટ તરીકે જાહેરમાં લાવવી એ પરમ અપરાધ છે. પણ તેનો ભાર કરનારને માથે છે. બાકી મહાત્મા તો ઉપકારી હતા તે ઉપકાર કરી ગયા છે; આપણે તો અહીં મહાત્માના ઉપકાર તરફ ખ્યાલ કરવાનો છે અને તે મેં મારી યથાશક્તિ કરાવ્યો છે તેને આપ લોક લક્ષ્યમાં લઇ મારા બોલવામાં કાંઇ ક્ષતિ થઇ હોય તો તેને માટે દરગુજર કરશો. સજ્જનો? ગુરૂ ભકતો? અંતમાં ખરા ભાવથી ઉચ્ચ સ્વરે બોલો ગુરૂ આત્મારામજી મહારાજકી જય, એ પછી પંડિતજીએ પોતાની બેઠક લીધી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મી. જીવરાજ મેઘજી ડાયાનું ભાષણ.

ત્યાર પછી મહારાજશ્રીની જયંતી ઉજવવા સંબંધી આપણું કર્ત્તવ્ય શું છે એ ઉપર મિ૦ જીવરાજ મેઘજી ડાયાએ અંગ્રેજીમાં ભાષણ આપ્યું, જેનો ગુજરાતીમાં સાર માસ્તર જેઠાભાઇ રાજપાળે સમજાવ્યો જે નીચે મુજબ છે.

સાધુ મહાત્માઓ, સદ્દગૃહસ્થો અને બંધુઓ!

જયન્તિ એટલે બે ઘડી બેસી ભાષણો કરવાં કે સાંભળવાં, ખુલ્લામાં બેસી પવન ખાવો એ નથી. આજ જગપ્રસિદ્ધ શ્રી જૈનાચાર્ય શ્રી વિજયાનંદસૂરી ( આત્મારામજી ) મહારાજની જયન્તિ ઉજવવાનો પ્રકાર જુદો છે. આ મહાત્માનું નામ દરેક જૈનના હૃદયમાં કોતરાઇ રહે, એ મહાત્માએ જેમ જીવનનો સદુપયોગ કર્યો એમ યત્કિંચિત્ સદુપયોગ કરવા દરેક જૈન આજ પ્રતિજ્ઞા લે અને આપણા બાળકોમાં ધર્મ કર્ત્તવ્ય બુદ્ધિ અને આત્મજ્ઞાનનાં બીજો વવાય તોજ આજની જયન્તિ ઉજવાઇ કહેવાય.

બન્ધુઓ! મહાત્મા આત્મારામજી જન્મે ક્ષત્રિય હતા. અને એક મહાવીર તરીકે એમણે જીવન પર્યંત કર્મશત્રુ સામે દારૂણ યુદ્ધ કરી વિજય મેળવ્યો હતો; અને જ્ઞાન અને સ્નેહના સબળ શસ્ત્રથી અજ્ઞાન અને અઢાર પાપોમાં પડેલા આત્માઓનું રક્ષણ કર્યું હતું. મહાત્મા ચરમ તીર્થંકર મહાવીરનું જીવન આત્મારામજીનું આદર્શ હતું. અને એ પરમાત્માને પગલે ચાલી ઉત્તમ જીવન ગાળ્યું હતું. જે સદીમાં શ્રદ્ધાનું નામ નહોતું, અહંભાવનું જોર હતું તે સદીમાં મહાત્મા આત્મારામજીએ પોતાના ઉંડા જ્ઞાન, તર્કશક્તિ અને અસરકારક વ્યાખ્યાન કળાથી એટલુંજ નહિ પણ પ્રાણીમાત્ર પ્રત્યેના પ્રેમથી આ દેશમાં એટલુંજ નહિ પણ જયાં જૈનમતનો છાંટોએ નહતો ત્યાં પણ જૈનમતનો વિજયવાવટો ફરકાવ્યો.

મહાત્મા આત્મારામજીએ ૧૮૯૩ માં અમેરિકાના ચિકાગો શહેરમાં મળેલી દુનિયાની ધર્મ પરિષદમાં જૈનધર્મ ઉપર એક લેખ લખી મોકલ્યો હતો અને તે લેખ મી૦ ગાંધીએ વાંચ્યો હતો. આ લેખએકે અવાજે પાશ્ચિમાત્ય પ્રજાએ વખાણ્યો હતો.

જો કોઇ સાધુ નીકળ્યા હોય-જેણે સંસારનો ત્યાગ કરીને સંસારીને તારવા પ્રયત્ન કર્યો હોય તો તે સાધુ આત્મારામજી હતા. જૈનાચાર્ય આત્મારામજી એજ જૈનધર્મનો છૂપો ભંડાર બહાર લાવી ધર્મવૃત્તિ, અહિંસા, સ્નેહ વગેરે આ યુગમાં ફેલાવ્યા.

આવા પવિત્ર આત્મારામજીનું સ્મરણ કરવું, તેમના પગલે ચાલવું, તેઓ જે કાંઇ કરી ગયા છે કે લખી ગયા છે તે વાંચી મનન કરી-નિદિધ્યાસન કરવું એજ જયન્તિ ઉજવવાનો મહાન ઉદ્દેશ અને પ્રકાર છે. અને એમ કરીશું તો ખાત્રી છે કે થોડા સમયમાં આપણી કોમમાંથી આવા મહાત્માઓ જરૂર પેદા થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## મુનિશ્રી વિમળવિજયજીનું ભાષણ.

ત્યારબાદ મુનિશ્રી વિમળવિજયજીએ જો કે તેમની તબિયત કેટલાક દિવસથી સીક હતી તો પણ ગુરૂભક્તિના ઉત્સાહથી કેટલુંક લંબાણ વિવેચન કરતાં જણાવ્યું કે, મહાશયો ! ( તસવીરના તરફ ઈશારો કરીને ) પ્રાતઃ સ્મરણીય પૂજ્યપાદ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરિ ( આત્મારામજી ) મહારાજની આટલી બધી પ્રસિદ્ધિ આજ સુધી કોઈ પણ સાધુની જે થઇ નથી તેનું શું કારણ ? એમનામાં આ ચાલતી સદીમાં જે અને જેટલો ગુણ હતો તેજ તેનું કારણ છે બીજું કાંઇ નહીં. એ કારણ-એ વસ્તુ અમારા તમારા સર્વ કોઇનામાં થોડે કે ઘણે અંશે છે. પણ જો તેને સફળ કરવામાં ન આવે તો છે તે પણ માનો નથી એમજ થાય. એ વસ્તુ કઇ છે ? એ વસ્તુ પુરૂષાર્થ છે. અમે તમો બધા અત્રે એકઠા થયા છે એ પણ એ પુરૂષાર્થનોજ પ્રભાવ છે. એ પુરૂષાર્થ મરહૂમ પૂજ્ય મહાત્માએ સારી રીતે કેળવ્યું હતું જેના પ્રતાપે એઓ દેશવિદેશમાં સર્વત્ર પ્રાયઃ પ્રસિદ્ધ થયા છે, તેમના પુરૂષાર્થની નિશાની આ અમારી તમારી સામે પાટ ઉપર પુસ્તકનો ઢગલો નજરે પડે છે તે છે. અગર કોઇ એ જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાન તિમિર ભાસ્કર, તત્ત્વનિર્ણય પ્રાસાદ, ચીકાગો પ્રશ્નોત્તર, સમ્યકત્વ શલ્યોદ્ધાર, જૈન પ્રશ્નોત્તર, જૈન ધર્મનું સ્વરૂપ, જૈનમત વૃક્ષ વગેરે વગેરે બધાય ગ્રંથોનું આદ્યોપાંત વારંવાર વાંચન કરે તો હું ધારૂં છું કે ગ્રંથ કર્ત્તામાં જે પુરૂષાર્થ હતું તેનો ઘણો ખરો ભાગ વાંચનારમાં આવ્યા વિના કદાપિ ન રહે. હું લાચાર છું કે મારૂં શરીર અશક્ત છે જેથી વધારે બોલી શકતો નથી તો પણ પુરૂષાર્થ શી ચીજ છે એ બાબત સમજાવવાના આશયથી આ એક કવિની રચેલી કવિતા સંભળાવી હું મારૂં બોલવું સમાપ્ત કરીશ એમ કહી પોતે કવિતા સંભળાવી પોતાનું આસન લીધું હતું. સદરહુ કવિતા આ છે.

## द्रुत विलंबित छंद.

पुरुष क्या पुरुषार्थ हुआ नजो । हृदयकी सब दुर्बलता तजो ॥
प्रबल जोतुममें पुरुषार्थ हो । सुलभ कौन तुम्हें न पदार्थ हो ॥
प्रगति के पथमें विचरो उठो । पुरुषहो पुरुषार्थ करो उठो ॥ १ ॥
न पुरुषार्थ विना कुछ स्वार्थ है । न पुरुषार्थ विना परमार्थ है ॥
समज लो यह बात यथार्थ है । कि पुरुषार्थ वही पुरुषार्थ है ॥
जीवनमें सुख शांति भरो उठो । पुरुष हो पुरुषार्थ करो उठो ॥ २ ॥
न पुरुषार्थ विना वह स्वर्ग है । न पुरुषार्थ विना अपवर्ग है ॥
न पुरुषार्थ विना क्रियता कहीं । न पुरुषार्थ बिना प्रियता कहीं ॥
सफलता वर तुल्य वरो उठो । पुरुष हो पुरुषार्थ करो उठो ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



न जिसमें कुछ पौरुष हो यहां । सफलता वह पा सकता कहां ॥
अपुरुषार्थ भयंकर पाप है । न उसमें यश है न प्रताप है ॥
न कृमि कीट समान मरो उठो । पुरुष हो पुरुषार्थ करो उठो ॥ ४ ॥
मनुज जीवन में जय के लिये । प्रथम ही दृढ पौरुष चाहिये ॥
विजयतो पुरुषार्थ विना कहां । कठिन है चिरजीवन भी यहां ॥
भय नहीं भव सिंधु तरो उठो । पुरुष हो पुरुषार्थ करो उठो ॥ ५ ॥
यदि अनिष्ट अड़ें अड़ते रहें । विपुल विघ्न पड़ें पड़ते रहें ॥
हृदयमें पुरुषार्थ रहे जरा । जलधि क्या नभ क्या फिर क्या धरा ॥
दृढ रहो ध्रुव धैर्य्य धरो उठो । पुरुष हो पुरुषार्थ करो उठो ॥ ६ ॥
यदि अभिष्ट तुम्हे निज सत्वहे । प्रिय तुम्हे यदि मानमहत्वहै ॥
यदि तुम्हे रखना निज नामहै ॥ जगतमे करना कुछ कामहै ॥
मनुजतो श्रमसे न डरो उठो । पुरुष हो पुरुषार्थ करो उठो ॥ ७ ॥
प्रकट नित्य करो पुरुषार्थको । हृदयसे तजदो सब स्वार्थको ॥
यदि कहीं तुमसे परमार्थहो । यह विनश्वर देह कृतार्थहो ॥
सदयहो परदुःख हरो उठो । पुरुष हो पुरुषार्थ करो उठो ॥ ८ ॥

( सारस्वती )

આ વખતે પોણ પોરૂષીનો સમય થવાથી મુનિ મહારાજ પોતાની નિત્ય ક્રિયા કરવામાં રોકાયા જે અવસરનો લાભ લઇ પ્રસંગને અનુસરી શ્રાવિકા સમુદાયે સાંકળચંદ કવીકૃત ગૂંહલી ગાઇ જે પણ પ્રસંગને બંધ બેસતી હોવાથી સભાજનનું ચિત્ત આકર્ષિત કર્યું હતું. ગૂંહલી બોધ લેવા લાયક હોવાથી અત્રે ઉતારવાની જરૂર છે. સદરહુ ગૂંહલી આ છે.

( અરણીક મુનિવર ચાલ્યા ગોચરીએ દેશી. )

એવા મુનિવર ક્યાં મળશે હવે, શ્રી ગુરૂ આતમરામરે;
જંગમ તીરથ સુરતરૂ ક્યાં ગયો, સંઘ સકળ વિશ્રામરે--એવા. ॥ ૧ ॥
શાસન સૂબોરે ઉઠી ચાલીયો, જે સુવિહીત અણગારરે;
પરમત વાદીરે સિંહ શિરોમણી. નિરાધાર આધારરે. ॥ એવા. ॥ ૨ ॥
યુગ્મ બાંણ ભકિત શશિ વર્ષમાં, ગુજરવાળા ગામેરે;
શુકલ સસમીરે પેહેલા જેઠની, કાળ કર્યો તે ઠામેરે. ॥ એવા. ॥ ૩ ॥
ક્યાં દીન ઉગ્યોરે આજ કષાયનો, હીરો શુભ હરતાયોરે; ॥
આજ અમંગળ જગમાં જાગીયો, કાળ ધર્મગુરૂ પાયરે. ॥ એવા. ॥ ૪ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂછયા પ્રતિ ઉત્તરકોણુ આપશે, સંઘ સાજ્ય કોણુ કરશે રે. ॥
કરૂણા સાગર કયાં મળશે હવે. કયાં જઈ સંશય ટળશેરે. ॥ એવા ॥ ૫ ॥
ધર્મ ધુરંધર ધોરી ભાગીયો, જ્ઞાન દિવાકર ડુબ્યો.રે. ॥
શાસનમાંથીરે સિંહ સિધાવીયો. સૂર લોકે ગુરૂ પુગ્યોરે. ॥ એવા ॥ ૬ ॥
આતમરામ સુનામ પ્રસિદ્ધ છે. આનંદ વિજય સંવેગીરે. ॥
શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરૂ. જગ પંડિત સુવિવેકીરે. ॥ એવા. ॥ ૭ ॥
ભવઅટવીમાંરે શિતળ સુરતરૂ, જળનિધીમાં જેમ ઝાઝરે;
અશરણ શરણ કૃપા કર મુનિવરૂ, આલંબન ગુરૂ રાજરે. ॥ એવા. ॥ ૮ ॥
તે ગુરૂ નિશદીન સૌને સાંભરે, જે અતિશય ઉપગારીરે;
પદપંકજ મન મધુકર મેહી રહ્યો, સાંકળચંદ સંભારીરે. ॥ એવા. ॥ ૯ ॥
પરભાતે ઉઠી ગુરૂ ગુણ ગણે, ધ્યાન ગુરૂનું ધારેરે;
આતમરામ રટણ જે નિત કરે, દુરગતિ દૂર નિવારેરે. ॥ એવા. ॥ ૧૦ ॥

## મી. મોતીચંદ ગીરધરલાલ સોલીસીટરનું ભાષણ.

ત્યારબાદ મી૦ મોતીચંદ ગીરધરલાલ કાપડીયા સોલીસીટરે પણ મહારાજશ્રીએ પોતાના જમાનામાં જે કીમત ભર્યો અને સમયોચિત ઉપદેશ પોતાના પુસ્તકોમાં આપ્યો છે, તે વિષે અસરકારક વીવેચન કરતાં જણાવ્યું કે તેઓ નીડર સમ પ્રેમી, દીર્ઘ દ્રષ્ટીવાળા એક અસાધારણ વિદ્વાન અને બાહોશ ગ્રંથકર્તા હતા. તેઓ દરેક માણુસને અને શીષ્યને કહેતા હતા. કે, 'મરણથી કદાપી ડરવું નહીં, તેમ છતાં મરણ કદાપી ઇચ્છવું નહીં અને હમેશાં મરણ માટે તૈયાર થઇ રહેવું.' જે માણસો પોતાના વ્યવહારૂ જીવનમાં મહારાજશ્રીના ઉપદેશોનો અમલ યથાશક્તિ કરશે, તેઓ ખરેખર મહાન નહી તો પણુ સારા માણુસો તો અવશ્ય થઇ શકશે. મહારાજશ્રી પોતે હમેશાં મરણ માટે તૈયારજ થઇ રહેલા હતા. અંત સમયે જ્યારે તેઓને બગાસું આવ્યું ત્યારે તેઓને પોતાના ભાવી મરણની ખાત્રી થતાં સઘળા શિષ્યોને પાસે બોલાવી તેઓની ક્ષામણા કરી પોતાના જવાના વીષે તેઓને કહી દીધું હતું. છેવટે મી૦ કાપડીયાએ જણાવ્યું કે જે આ મહાન પુરૂષના પગલે ચાલે છે, અગર ચાલવાની કોશેષ કરે છે તેઓને ધન્ય છે! મરહૂમ મહાત્માએ ચીકાગો મી. વીરચંદ ગાંધીને મોકલવા બાબત હિમ્મત દેખાડી હતી તેનું મીઠું ફળ હવે આપણુને માલમ પડે છે. એઓએ જૈનોના ઉદ્ધાર માટે જે શબ્દો પોતાના ગ્રંથમાં લખ્યા છે, ખરેખર તે દરેક જૈને સ્મરણ તરીકે ગોખી રાખવા જોઇએ. મરહૂમ ફરમાવે છે કે જ્યાં સુધી જૈનોની પ્રબલ થયેલી એ ઇંદ્રિઓ નાક કે જેને માટે હજારો રૂપિઆ ખર્ચવામાં આવે છે,તેમજ જીભ કે જેના સ્વાદને માટે લાડુ દુધપાકપૂરી વગેરેમાં હજારો રૂપિઆના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખર્ચનો ધૂમાડો ઉડાડવામાં આવે છે તે નિર્બળ નહીં થાય ત્યાં સુધી જૈનોનો ઉદ્ધાર થવો અશકય છે.

મરહૂમ પૂજ્યના બે ગુરૂ ભાઇઓ કે જેમનું નામ **મૂળચંદજી મહારાજ** હતું. જેઓ ગુજરાતમાં વધારે જાણીતા હતા જેમનું આજ્ઞા યંત્ર એવું હતું કે જેનાથી છૂટા પડતાં જલદી કોઇની હિમ્મત નહોતી ચાલતી. તેમજ બીજા મહારાજશ્રી **વૃદ્ધિચંદજી** જેઓ કાઠિયાવાડમાં વધારે જાણીતાછે તેઓ એવા શાંત પ્રકૃતિના હતા કે ગમે તેવોતપેલો આદમી સામો આવી જાય તો પણ એકદમ શાંત થઇ જાય. આ બંને મહાત્માઓએ પોતાના અપૂર્વ ગુણથી સર્વનો પ્રેમ સંપાદન કર્યો હતો, પણ આત્મારામજી મહારાજે તો તે કરતાં પણ જ્ઞાન શક્તિ વગેરે અધિક ગુણોથી સર્વ દેશીય વિદેશીય સાથે પ્રેમ સંપાદન કરી કોઇ અપૂર્વજ કીર્ત્તિ હાંસલ કરી છે. આવા પ્રતાપીઓના નામથી પણ આપણું કલ્યાણ થાય તો પછી તેમનું અનુકરણ કરવાથી તે કહેવુંજ શું.? જો કે કાર્યક્રમમાં મારૂં નામ ન હતું તો પણ મને બોલવાની રજા આપી મારો ઉત્સાહ વધાર્યો છે તે બાબત ઉપકાર જાહેર કરી હું મારી બેઠક લઇશ.

## મી. ગુલાબચંદજી ઢઢ્ઢાનું ભાષણ.

ત્યારબાદ મી, ગુલાબચંદ ઢઢ્ઢાએ ભાષણ કરતાં જણાવ્યું કે આજે આત્મારામજી મહારાજને કાળ કર્યાં ૧૮ વરસ સંપૂર્ણ થાય છે. અને એક વધુ વરસ શરૂ થાય છે. આપણા મહાન તીર્થંકરો કે જેઓ સઘળા ક્ષત્રીય કુળના હતા, તેઓની મ ફક આત્મારામજી મહારાજ પણ ક્ષત્રીય કુળનાજ હતા. જેમ ક્ષત્રીઓ સંસારી જીંદગી દરમિઆન રાજકૌશલ્યતા બતાવે છે; તેમ તેઓ જ્યારે સંસાર ત્યાગ કરી ધરમ દીક્ષા લે છે, ત્યારે તેઓ ધરમ પ્રકાશ કરવામાં તેટલાજ કૌશલ્યાવાન હોય છે. એ વાત જૈનોમાં મશહુર છે. જો આત્મારામજી મહારાજે સંસારમાં રહી સંસારી જીંદગી વહન કરી હે ત તો ખચીતજ તેઓ એક મહાન સંસારી પુરૂષ તરીકે નામ કાઢત, પરંતુ તેઓના માટે નસીબ જુદુજ હતું, અને તેઓ સ ધુ થયા અને પરિણામે સાધુઓની અંદર મળી શકે, તેવી સર્વોત્તમ આચાર્ય પદવી મેળવી. જૈન ધર્મનાં આચાર્ય તરીકે સુપ્રખ્યાત થયા. તેઓએ પોતાની દીક્ષાના સમય દરમયાનમાં પંજાબથી ગુજરાત સુધી પગે ચાલીને કેટલીક વખત મુસાફરો મુશ્કેલીઓ અને હાડમારીઓ વચે કરી છે. મારવાડમાં વગર અન્ન અને વગર પાણીએ પણ તેઓને કેટલાક દિવસ રહેવું પડતું હતું, તેઓ જૈન કોમમાં જાગ્રતી કરવા માટે શારીરિક પરિશ્રમ અગર બીજી મુશકેલીઓની ચિંતા બીલકુલ કરતા નહીં, જૈન ધર્મ ઉપર અજવાળું પાડનારા તેઓએ સંખ્યાબંધ સરસ ગ્રંથો બાહેર પાડયા છે. અને તેઓની એક વિદ્વાન ગુરૂ તરીકેની ખ્યાતી હીંદના જૈન અને જૈનેતરોમાં છે, એટલુંજ નહીં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ હીંદની બાહેર ઈંગ્લાંડ અને અમેરીકા જેવા કેળવાયેલા દેશોમાં પણ તેઓ એક વિદ્વાન તરીકે ગણાયા છે. તેઓનાં જ્ઞાનનો લાભ જૈનેતરો લેતા હતા, એટલુંજ નહી પણ ઘણા યુરોપીઅન વિદ્વાનો અને હીંદી સન્યાસીઓ પણ તેઓના જ્ઞાનનો લાભ લેતા હતા, મી. હરનલ નામના એક યુરોપીઅનની ઘણી શંકાઓ મહારાજશ્રીએ પત્ર વ્યહવારથી દુર કરી હતી, તેઓએ જૈન ધર્મની ખડ્ગ ઝાલી હતી, અને તેઓએ વાદવિવાદ સમર્થ વિદ્વાનો સાથે કરી જૈન ધર્મનો જય હીંદમાં ગવરાવ્યો હતો. અને ચીકાગો ખાતેની ધારમીક કોનફરન્સમાં પણ તેઓએ પોતા તરફથી મી. વીરચંદ રાઘવજી ગાંધીને મોકલ્યા હતા. અને દુનયાના ધરમોમાં જૈન ધરમ ને તે કોનફરન્સે ઉત્તમ તરીકે સ્વીકાર્યો હતો, તે સીવાય મહારાજશ્રીએ ઘણી રીતે જૈન કોમ અને ધર્મની સેવા બજાવી છે.

## મુનિ મહારાજ શ્રી વલ્લભવિજયજીનું વિદ્વત્તા ભરેલું અસરકારક ભાષણ.

ત્યારબાદ પ્રમુખ મુનિ મહારાજ શ્રી વલ્લભવિજયજીએ ભાષણ કરતાં જણાવ્યું કે મહાશયો! આજે જયંતીનો દીવસ છે, છતાં તે દીવસ હું ખુશીનો દીવસ ગણતો નથી. પરંતુ દીલગીરીનો દીવસ માનું છું! જ્યારે એક માણસ–જેમાં પોતાને લાભ–સ્વાર્થ સમાયેલો હોય તેવા માણસ રહિત થાય છે, ત્યારેજ તે માણસ મરણ પામનાર માટે દીલગીરી જાહેર કરે છે. આ સ્વારથી દુનિયામાં પોતાના સ્વાર્થને હરકત આવે તેવો બનાવ બને નહી ત્યાં સુધી કોઇ દીલગીરી જાહેર કરતું નથી, સજ્જનો! આપ કહેશો કે સાધુઓએ દીલગીર થવાની શી જરૂરત છે? હું કહીશ કે દીલગીરી દીલગીરીમાં ફરક છે. એક પ્રશસ્ત, એક અપ્રશસ્ત. પોતાને અંગત નુકસાન થવાથી એક માણસ જે દીલગીરી જાહેર કરે છે, તે સ્વારથી મોહ ગર્ભિત અપ્રશસ્ત દીલગીરી છે. પણ જ્યારે એક માણસના મનમાં એમ આવે કે આવો મહાન પુરૂષ દુનિયામાંથી ચાલ્યો ગયો અને હવે તેની જગા કોણ પુરશે? એવા વિચારથી જે દીલગીરી થાય છે, તે સ્વાર્થ રહિત ભકિત ગર્મિત પ્રશસ્ત દીલગીરી છે. હુ જે દલગીરી કહેવા ચાહું છું તે અપ્રશસ્ત નહિ પણ પ્રશસ્ત છે. અપ્રશસ્ત દલગીરી કર્મ બંધનનું કારણ છે ત્યારે પ્રશસ્ત દલગીરી કર્મ નિર્જરાનું કારણ બને છે.

શાસનનાયક ચરમ તીર્થંકર ભગવાન **શ્રી મહાવીર** સ્વામીના નિર્વાણથી શ્રી ગૌતમ સ્વામીએ જે વિષાદ કર્યો હતો, તે કાંઇ અંગત નુકસાનથી નહોતો. કર્મ નિર્જરવાને એક સાધન રૂપ થયો પણ તે વીષાદ-વિલાપ સ્વાર્થ રહિત હતો,તેમ ભક્તિ ગર્ભિત કે જેનું ફળ ઉત્તરોત્તર સર્વ કર્મ ક્ષય કરી મોક્ષ પ્રાપ્તિનું થયું. શાસ્રકારોનું કથન છે કે–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अहंकारो पि बोधाय, रागो पि गुरु जक्तये। विषादःकेवलायाभूत्, चित्रं श्री गौतमप्रभोः १

સજ્જનો ! આપણે પણ એવા પ્રકારની દલગીરી અત્રે જાહેર કરવાની છે. જે મહાન્ પુરૂષના ગુણોને લઇને દીલગીરી કરવામાં આવે તે મહાન્ પુરૂષોના ગુણોનું જરા પણ અનુકરણ કરવામાં ન આવે તો હું કહીશ કે ફોનોગ્રાફ અને આપણામાં કાંઇ પણ તફાવત નથી ? હાં ફોનોગ્રાફ જડ છે, આપણે ચેતન છીએ. બાકી ફોનોગ્રાફમાં ભરાયલી ચીજ જેમ ઠલવાઇ જાય છે તેમ આપણા અંદર પણ ભરાયલી ચીજ મોઢા દ્વારા ભાષણ રૂપે ઠલવાઈ જાય છે, પણ તેનું અનુકરણ–તે ઉપર અમલ ન થવાથી ચેતન હોવા છતાંય આપણે ફોનોગ્રાફથી જુદા પડી ઉંચા બનવાનો ફાંકો રાખી કે કરી શકતા નથી. માટે આપણે ફોનોગ્રાફ ન બનતાં કર્ત્તવ્યપરાયણ થઇ ફોનોગ્રાફથી જુદા પડી પોતાની ચૈતન્ય શક્તિને ખીલવવાની જરૂર છે. જેવી કે ઉપર શ્રી ગૌતમ સ્વામીના દૃષ્ટાંતમાં વર્ણન કરવામાં આવી છે, તો સજ્જનો ! હવે આપણે એ વિચારવાનું છે કે આપણે જે મરહૂમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય જૈનાચાર્ય **શ્રીમદ્વિજયાનંદસૂરિ (આત્મારામજી)** મહારાજની જયંતી ઉજવવા એકત્ર મળ્યા છીએ. તો બનતા પ્રયાસે તે મહાત્માના ગુણોનું અનુકરણ કરી પોતાની દીલગીરીને સફળ કરવી જોઇએ. ખરૂં કહાવો તો એજ જયંતીનો ઉદ્દેશ છે. ના કે ફક્ત ઉપરની ધામધુમ કરવાનોજ ! ઉપરની ધામધૂમ તો એટલાજ માટે સમજો કે લોકોનું મન તે તરફ આકર્ષાય. અત્રે મારે કહેવું જોઇએ કે સભામાંથી એક ભાઇએ અફસોસ જાહેર કર્યો છે અને તે કેટલેક અંશે ખરો પણ છે તો પણ મુંબઇની જૈનોની વસતીના પ્રમાણમાં નહી તો લાલબાગના મકાનના પ્રમાણમાં તો લોકોની મેદની મળી છે અને તે જોઇ મને તો શું પણ હરેકને ખુશી થવાનો સમય છે. મારા ધારવા પ્રમાણે પજુસણના કે કોઈ ખાસ મોટા પર્વના દિવસ સિવાય એટલી મેદની બીજા કોઈ પ્રસંગે ભાગ્યેજ એકત્ર થતી હશે ! હાં ! લાડુ અને દૂધપાક પૂરીની વાત જુદી છે ! ( હસાહસ )

મહાનુભાવો ! આ શુભ કામમાં આપ લોકો એ પોતાના અમુલ્ય ટાઈમનો ભોગ આપ્યોછે તે ખરેખર પ્રશંસાને યોગ્ય છે; પણ ખરૂં કહાવો તો તમે જે કાંઇ કર્યું છે અથવા કરશો તે પોતાના હિતને માટે જ છે એમાં કોઇને સપાડુ કરવાનું નથી ! અગર એવીજ રીતે નિરંતર થોડામાંથી થોડો પણ સમય ધર્મમાં ગાળશો તો તમારા આત્માનો ઉદ્ધાર થશે. બાકી ફુરસદ ફુરસદ પોકારો તો ફુરસદ તો જ્યાં સુધી દમ છે ત્યાં સુધી મળવાની નથી અને દમ નીકળી ગયા પછી ફુરસદ છે? એમ કોઇ પૂછવાનોય નથી. ( મોટેથી હસાહસ ) પ્રસંગ વશ મારે કહેવું જોઇએ કે માંડવી સ્કૂલ વિદ્યાર્થિ મંડળના મેનેજરની મહેનતથી વિદ્યાર્થિ મંડળે જે કામ કર્યું છે તે આપે નજરે જોઇ લીધું છે કે તે સ્તુતિને પાત્ર છે. સાથે આટલો અફસોસ પ્રદર્શિત કરવો પડે છે કે આપણે જે સભ્યતા ધારણ કરવાની જરૂરની છે, તે સભ્યતાની ખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખર આપણામાં જોવામાંજ નથી આવતી ! પાંચ દશ તો શું પણ પચાસ હજાર આદમી એકત્ર ભેગા થયા હોય અને એક બીજાને ખબર પણ પડવી ન જોઇએ જેના બદલામાં ઘોંઘાટ કરી પોતે સાંભળવું નહીં તેમ બીજાને પણ સાંભળવા દેવું નહીં તે શું આપણને આ છાજે છે ? હું જાણું છું કે દુનિયાનો ઢંગ જુદો છે. " સાચ મિરચાં જુઠ ગુડ " જુઠી જુઠી વાતો તો ગોળ જેવી મીઠી લાગે છે પણ જ્યારે કોઇ સાચી વાત કહે તો તે મરચાં જેવી લાગે છે. પગેથી લેઇ માથા સુધી ચમચમાટ થઈ આવે છે.

આપણે જે મહાત્માની જયંતી ઉજવવા મળ્યા છીએ તેમનામાં જે ગુણ હતો તે આથી ઉલટો હતો. તેઓ " જુઠ મીરચાં સાચ ગુડ " માનવાવાળા હતા. અને એજ કારણને લઈ આજ કાલ જેમ અમુક અમુક શેઠિઆના ગુરૂ અને અમુક અમુક શેઠિયાના ગુરૂ, તેમ તેઓ અમુક શેઠિઆના ગુરૂ તરીકે કહેવાતા નોહતા. કારણ કે શેઠિઆઓના કહેવામાં ચાલવું પોતે પસંદ કરતા નોહતા, પણ શેઠિઆઓ તો શું પરંતુ ગમે તે શ્રાવક હોય તેને ધર્મોપદેશ દ્વારા પોતાના કહેવામાં ચલાવવાનું પસંદ કરતા હતા; કેમકે તેમને પોતાનું ગુરૂપણું કેમ રહી શકે તેનો પૂરેપૂરો ખ્યાલ હતો; અને સાધુ તેમજ શ્રાવકનો ધર્મ સિવાય બીજો કોઇ સંબંધ નથી, તે સારી પેઠે જાણતા હતા; જેથી તેમને એવી પરવાહ રાખવાની જરૂર નોહતી. આજ તો એ હાલ જોવામાં આવે છે કે શેઠનું કહેવું ગુરૂએ તો જરૂર માનવું જોઇએ. શેઠ ચાહે ગુરૂનું કહેવું માને ચાહે ન માને ! જેનો મતલબ ગુરૂ શેઠ કે ગુરૂ ગુરૂ તે તમો પોતે જ વિચારી લેશો. ( હસાહસ )

સજજનો ! મરહૂમ પૂજ્ય મહાત્મામાં કેવાં પ્રકારની બેપરવાહી હતી તેમજ તેમનામાં કેટલું સાહસ હતું તેનું હું તમને જરા દિગ્દર્શન કરાવું છું. પંડિત હંસરાજજીએ જે અજ્ઞાન તિમિર ભાસ્કરની બાબત વર્ણન કર્યું તે પુસ્તક છપાવવાના સમયમાં કેટલાક લોકોએ કહ્યું કે મહારાજ ! આપ સાધુ છો આપને કાયદાની ખબર નથી. આ પુસ્તક છપાવાથી લાયબલ થવાનો સંભવ છે. મરહૂમે જવાબ આપ્યો કે ભાઇ અમો સાધુ છીએ અમારી પાસે ધન નથી જેથી તમને પુસ્તક છપાવવા માટે સુચના કરવી પડે છે.તમો પોતાના હિતને માટે ધન ખર્ચો તો તમારી મરજીની વાત છે બાકી લાયબલ જેવું કાંઇ છે નહીં અને હશે તો તેમાં તમને કાંઇ વાંધો નથી. બનાવનાર હું પોતે બેઠો છું, જેને લાયબલ કરવું હશે તે મારા ઉપર કરશે. તમો બેફિકર રહો. અંગ્રેજ સરકારનું રાજ્યછે જ્યારે આવા ન્યાયી રાજ્યમાંજ આપણા ધર્મ ઉપર આક્ષેપ કરનારાઓને શાસ્ત્રાનુસાર જવાબ આપી પોતાના ધર્મનું રક્ષણ કરવા રૂપ ન્યાયનો ઉપયોગ કરવામાં નહીં આવે તો ક્યારે આવશે ? આહા ! કેટલી બધી ધર્મની લાગણી ! કેટલી બધી હિમ્મત ! બેશક ! દુનિયામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિમ્મતવાન માણસ કદાપિ પોતાની ધારેલી મુરાદ બીજાના દોરવવાથી છોડતો નથી પણ પાર પાડે છે. હું તમને જણાવીશ કે મરહૂમ પૂજ્ય મહાત્માનું જીવનવૃત્તાંત મેં ગયે વર્ષે કહી બતાવ્યું હતું જેથી તે વિષે હાલ હું વધુ ન કહેતાં તેઓ સાહેબ કેવા હિમ્મતવાન, જ્ઞાનવાન્, ગંભીર, નિરાભિમાની, નિડર ખુલ્લા વિચારવાળા હતા, તેનું કેટલુંક દિગ્દર્શન પ્રથમ તમને કરાવી આવ્યો. વળી પણ તેજ કરાવવા ચાહું છું.

મહાશયો ? મરહૂમ કેવા જ્ઞાનવાન્ હતા, તે બાબતમાં ઘણા વક્તાઓ કહી ચુકયા છે; જેથી તમને ખ્યાલ થઇ ગયો હશે વળી પણ ખ્યાલ કરશો. શ્રી ૧૦૮ શ્રી બુદ્ધિવિજયજી (બૂટેરાયજી) મહારાજજીના પાંચ શિષ્યો થયા. શ્રી મુક્તિવિજયજી ( મૂળચંદજી ) મહારાજ. શ્રી વૃદ્ધિવિજયજી ( વૃદ્ધિચંદજી ) મહારાજ. શ્રી નીતિવિજયજી મહારાજ, શ્રી ખાંતિ વિજયજી મહારાજ અને પાંચમા મહૂરમ પૂજ્ય મહારાજ કે જેની જયંતીનો આપણે લાભ લઇ રહ્યા છીએ. પાંચમાંથી શ્રી મૂળચંદજી મહારાજ પ્રાયઃ ગુજરાતમાં વધારે જાણીતા છે અને શ્રી વૃદ્ધિચંદજી મહારાજ કાઠીયાવાડમાં વધારે જાણીતા છે. શ્રી નીતિવિજયજી મહારાજ, તેમજ શ્રીખાંતિવિજયજી મહારાજ કે જે કાઠીયાવાડમાં કેટલેક સ્થળે દાદા ખાંતિવિજય તપસ્વીના નામથી જાણીતા છે, ત્યારે મરહૂમ પાંચમા મહાત્મા ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ, મારવાડ, માળવા, મેવાડ, પંજાબ, વગેરે સર્વત્ર હિંદુસ્તાનમેં એટલુંજ નહીં બલકે હિંદુસ્તાનની બહાર વિલાયતમાં પણ જાણીતા છે.

આનું કારણ શું ? આનું કારણ એજ કે એમનામાં આ સદીમાં જેટલું જ્ઞાન હતું એટલું બીજા કોઇમાં નહતું. એ સર્વ કોઇ જાણે છે. જેમનામાં જેટલું પાણી હોય તેટલીજ તેની વધારે દૂર દેશ સુધિ કિંમત થાય છે. મોતીમાં પાણી છે તો તેની કિંમત થાય છે. પછી જેટલું જેનું પાણી તેની તેટલી કિંમત થાય છે.

અમદાવાદમાં શાંતિસાગરને જવાબ દેવાને એ મહાત્મા ! ત્રણ થુઇવાળાને જવાબ દેવાને એ મહાત્મા ! સુરતમાં હુકમ મુનિને જવાબ દેવાને એ મહાત્મા ! સ્થાનકવાસિઓના સમ્યક્ત્વસાર નામના પુસ્તકનો જવાબ દેવાને તો એ મહાત્મા ! દયાનંદ સરસ્વતીના જૈન ધર્મ સંબંધી આક્ષેપોના જવાબ દેવાને એજ મહાત્મા ! વૈદિક ધર્મવાળાઓને જવાબ દેવાને એજ મહાત્મા ! આહા ! કેટલી બધી વિદ્વત્તા ! કેટલો બધો પ્રતાપ ! (ધન્ય છે ! ધન્ય છે ના પોકારો) સજ્જનો ! મરહૂમના જ્ઞાન ગુણથી મોહિત થઇ શ્રી સંઘે પાલીતાણા મરહૂમની ઇચ્છા નહીં હોવા છતાં પણ તેમને આચાર્યની પદવી આપી હતી. જે બાબત ભરૂચવાળા શેઠ અનોપચંદ પોતાના પ્રશ્નોત્તર ચિંતામણિ નામા પુસ્તકમાં લખી ગયા છે. મારે કહેવું જોઇએ કે તે જમાનાના લોકોને માંડ માંડ ભાગ્યે એકજ આચાર્યનો લાભ મળ્યો હતો પણ ભાગ્યવશે આપણે ખુશી થવું જોઇએ કે આપણા જમાનામાં જૈનોમાં પાંચ છ આચાર્ય સાંભળવામાં આવે છે. આચાર્ય શ્રી વિજયકમળસૂરિ, આચાર્ય શ્રી વિજયનેમિસૂરિ, આચાર્ય શ્રી ભ્રાતૃચંદ્રસૂરિ, શાસ્ત્રવિશારદ શ્રી વિજયધર્મસૂરિ, શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુનિ બુદ્ધિસાગરસૂરિ, શાસ્ત્રવિશારદ શ્રી કૃપાચંદ્રસૂરિ. આહા! મરહૂમ એકજ આચાર્ય મહારાજે પોતાના સમયમાં અનેક પ્રકારે જૈન ધર્મની ઉન્નતિના કામ કરી જૈનોને ઉપકૃત કર્યા એવીજ રીતે વર્ત્તમાન આચાર્ય મહારાજા યથાશક્તિ પોતાનાથી બનતાં ધર્મની ઉન્નતિનાં કાર્ય કરી જૈનોને ઉપકૃત કરે તો જૈન ધર્મની કેટલી જાહોજલાલી વધે તે કહી શકાય નહીં! પ્રસંગ વશ હું જણાવીશ કે હાલમાંજ રતલામથી એક શ્રાવકનો પત્ર મને મળ્યો છે. જેમાં તે લખે છે કે અત્રે એક બ્રહ્મચારી આવેલ છે જેણે બ્રહ્મસૂત્ર ઉપર “ વેદમુનિ કૃત બ્રહ્મભાષ્ય ” નામા ભાષ્ય રચેલ છે. જે નિર્ણયસાગર પ્રેસમાં છપાઇ તૈયાર થયેલ છે. તેમાં સપ્તભંગી, સ્યાદ્વાદ, નવતત્ત્વ આદિનું ખંડન કરેલ છે અને સ્યાદ્વાદ ઉપર અડતાલીશ દોષ લગાવેલ છે. જેનો યોગ્ય જવાબ આપવાની જરૂર છે. જોકે ગમે તેવો ઉત્તર તો અપાશેજ ઉત્તર અપાયા વિના રહેશે નહીં. ભગવાનનું શાસન જયવંતુ છે કોઇને કોઇ જવાબ આપશે પણ જો આ બાબતના યોગ્ય ભાષામાં યોગ્ય જવાબ આપણા આચાર્ય પૈકીમાંથી કોઇ આચાર્ય અથવા પન્યાસોમાંથી કોઇ પન્યાસ આપે તો વધારે વજનદાર ગણાય. એક સામાન્ય આદમી કરતાં પ્રતિષ્ઠિત પદવીધરની રચના વધારે પ્રતિષ્ઠાનું પાત્ર બને એ સર્વ કોઇ સમજી શકે છે.

સજ્જનો! હવે હું તમને મરહૂમની ગંભીરતાનો થોડો પરિચય કરાવીશ કે જે ગંભીરતાની આપણે ખાસ જરૂર છે. હું જાણું છું કે ટાઈમ ધાર્યા કરતાં વધારે થઇ ગયો છે. લોકોમાં સળવળાટ થઇ રહ્યો છે. ટપોટપ ખીસામાંથી ઘડિઆળો નીકળી રહી છે પણ એ ઘડિયાળ કરતાં પોતાના જીવનની ઘડિયાળ તપાસો, તો ખબર પડે કે આપણને કેટલો ટાઇમ થયો અને કેટલો બાકી છે! કોઇ ભાગ્યોદયે આ પ્રસંગ હાથ આવ્યો છે તો તેને સ્થિર ચિત્તે સફળ કરવો જોઇએ. જેવી સાંસારિક કાર્યની ચિંતા રહે છે તેવીજ બલકે તેથી પણ વધારે ધાર્મિક કાર્યની ચિંતા રાખવાની જરૂર છે. જ્યારે પોતાના બાપ દાદાની મુડીના ધણી થઇ બેઠા છો તેનો હિસાબ રાખો છો, તો તેજ બાપ દાદાની ધાર્મિક પુંજીને માટે આંખ આડા કાન કરવામાં આવે એ કેટલી ખેદજનક વાત છે? દુનિયાની મુડી કે જે નશ્વર છે તેને માટે જેટલી જેહમત કરવામાં આવે છે તેના પ્રમાણમાંજ ધાર્મિક મુડી જે આત્માની ખરી રૂદ્ધિ છે તેની સારસંભાળ પાછળ પૂરતો બનતો યથાશક્તિ પ્રયત્ન કરવામાં આવે તો આ આત્મા કેટલો ઉન્નત થઇ શકે. યાદ રાખવું કે દુનિયામાં સાંસારિક ઉન્નતિનું મૂળ ધાર્મિક ઉન્નતિજ છે. મર્યાદા–ધર્મનાં ફરમાનો પ્રમાણે જે સંસારમાં વર્તે છે તેજ સંસારમાં ઉન્નતિ કરી શકે છે–બતાવશો– મર્યાદા રહિત અનીતમાન્ પુરૂષ કોઇ દિવસ ઉન્નતિ કરી શકશે? કદાપિ નહીં. ધાર્મિક ઉન્નતિ આત્માના ગુણ જેમ જેમ પ્રગટ કરવામાં આવે તેમ તેમ આત્મિક ઉન્નતિ વધતી જાય છે કે જેથી અંતમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. અત્રે હું એટલું જણાવીશ કે ગુણ પ્રગટ કરવાને અવલંબનની જરૂર છે. માટે આત્મિક ગુણ પ્રગટ કરવાની ઇચ્છા રાખનારે મરહૂમ મહાત્મા જેવા મહાત્મા પુરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ષોનું આદર્શ રૂપે અવલંબન કરવું જોઇએ. ખરે ગુણી પુરૂષોનું અવલંબન લેવું. તે છોડવાથી આ દુનિયામાંજ આજ કાલના જમાનામાં આપણે કેટલા પાછળ પડી ગયા છીએ એ વિચારવા યોગ્ય છે! ઘણા ખરા કહે છે કે પંચમકાળ છે! હું પુછીશ કે પંચમકાળ બધાયને માટે છે કે ફકત જૈનોનેજ માટે? જે જૈનો જાહોજલાલી ભોગવતા હતા, તે જૈનો આજે ભૂખે ટળવળતા જોવામાં આવે છે અને જેઓ જાહોજલાલીથી દૂર દૂર હતા તેઓ જાહોજલાલી ભોગવી રહ્યા છે આ શું કહેવાય? આનું કારણ બીજું કાંઇ નહીં પણ ગુણીનું કે ગુણનું આલંબન છોડી કેળવણી હીન થઇ પોતાનું પુરૂષાર્થ કળયુગના બહાનાં તળે કમજોરી બતાવી જેઓ બેઠા બેઠા છે તો સમજો કે તેમનામાં પુષાર્થ છેજ નહીં. પંચમ કાળમાં કેવળજ્ઞાન આદિ કેટલીક ઉચ્ચતર શક્તિઓ પ્રગટ થઇ શક્તી નથી. બાકી દરેક શકિતઓ આદગી પોતાના પુરૂષાર્થના અનુસારે ખીલવી શકે છે. જેનું આદર્શ અંગ્રેજ, પારસી વગેરે વિચારશો તો માલમ પડી આવશે. માટે કેળવણીની ખામી તેમજ પ્રમાદવશ થઇ પંચમ કાળનું લુલુ બાહનું કાઢી પોતાની જવાબદારી કે જોખમદારી કાઢી નાખવી ઠીક નથી. આપણે જે મહાપુરૂષની જયંતી ઉજવી રહ્યા છીએ, એ પંચમ કાળના–કળિયુગના હતા કે ચોથા કાળના–સત્યુગના હતા? મરહુમે પોતાનું પુરૂષાર્થ ફોરવ્યું તો આજ આપણે એમને ધન્ય ધન્યના શબ્દોમાં વધાવી લઇએ છીએ.

મહાનુભાવો! મરહુમમાં ગંભીરતા કેવી હતી અને એ ગંભીરતાના કારણે તેઓ, ગમે તેવા અસભ્યતા કરતો આવનાર માણસને કેવો શાંત બનાવી પોતાના ઉપદેશની છાપ તેના હૃદયપટ પર પાડતા તેના થોડા દાખલા હું તમને જણાવીશ. માલેર કોટલામાં એક મુસલમાન મોલવી સૃષ્ટિ રચના સંબંધિ પ્રશ્ન પૂછવા આવેલ જેમાં જરા જાતિ સ્વભાવે કરી અને વળી મુલ્લાં પાછું મુસલમાની રાજ્ય એટલે મુલ્લાંજીનો મીજાજ ખસતાં વાર ન લાગી! સત્યજ છે. જુઠો પડે અને જવાબ ન જડે તો પછી ક્રોધ કરી લડેજ બીજું શું કરે! તો પણ મરહુમે ઠંડા મીજાજથી કહ્યું કે મિયાંજી! ગુસ્સો ન કરો. ભલે અમે કાફર તો કાફર સહી પણ જરા એક વાતનો જવાબ આપશો?

મિયાંજી—હાં બડી ખુશીસે.

મરહુમ—જરા બતલાઇએ હિંદુ જીસકો આપ કાફર કહતે હે ઇનકા બનાને વાલા કોન હે? અપને ઇમાન મુજીબ કહના–હમ રે માનને કે તફના ખ્યાલ નહીં કરના.

મિયાંજી—અજી ઇસમેં કયા કહના હે? જબકિ કુલ કાયનાત (સૃષ્ટિ) કા બનાને વાલાહી ખુદા હે તો હિન્દુકો ભી ખુદાને હી બનાયા હે.

મરહુમ—લાલ મિયાંજી! આપ જરા શોચે તો સહી હિંદુ જીસકો તુમ કાફર કહતે હો ખુદાને કાફર કો કયોં બનાયા? કયા વો જાનતા નહીં થા કિ યે કાફર મેરેસે ખિલાફ (ઉલટે) ચલેગે બસ મિયાંજી ચૂપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અચ્છા જનાબ! મૈં ફિર કભી હાજીર હોઊંગા. કહીને ચાલતા થયા પણ બહાર જઇ લોકોની પાસે મિયાંજીએ કહ્યું કે-બેશક હમારે સાથ ઇનકા અમાન નહી મિલતા હૈ લેકીન અગર કોઇ ફકિર હોવે તો ઐસા હી દુનિયાસે બે પરવાહ, મક્કાર-ફરેબ-દગાબાજીસે રહિત, ખુશમીજાજ, શાંત સ્વભાવ, ગંભીર સચ્ચા બોલાહોવે! મહાશયો! તમે જોયું આ ફળ કે પાછળથી મુસલમાન પણ ગુણ ગાવા લાગ્યો શાને? એ ફળ ગંભીરતાનું તેમજ પોતાની સમજાવવાની શૈલિનું. મને કહેવું પડે છે કે કેટલાકોની એવી પ્રકૃતિ હોય છે કે તે કોઇ કાંઇ વાત પૂછવા આવે તો તેને પોતાના માન્યા શાસ્ત્રોનુંજ પ્રમાણ આપી મનાવવા પ્રયત્ન કરે છે, જો આગલો ન માને તો ઝટ જાઓ તમે નાસ્તિક છો, તમને ધર્મની શ્રદ્ધા નથી વગેરે વગેરે કટુ શબ્દનું પાન કરાવી તેને એવો બનાવી દે છે કે ફરી કોઇ વખત આવે તો શું પણ જ્યાં જાય ત્યાં ઉલટો અવગુણ ગાવે! પણ તે મહાનુભાવો એટલું નથી વિચારતા કે જો આગલા ધણીને તમારાં માન્યાં શાસ્ત્રોનું પ્રમાણ મંજુરજ હોય, જો એનામાં તમારા જેવી આસ્થા હોય તો પછી આડે રસ્તે તે પુછેજ કેમ? અને એવાને મનાવી લીધું તેમાં બહાદૂરી પણ શી? ખરી બહાદૂરી તો ત્યારેજ કહેવાય કે જ્યારે આગલો શ્રદ્ધાહીન છે પણ તમારી સંગતથી શ્રદ્ધાળુ થાય. તેવી શૈલિ મરહૂમમાં હતી. જેનો અનુભવ તેઓના દર્શનનો લાભ લેનારને સારી રીતે છે. મરહૂમમાં એવી કળા હતી કે પુછનારના માન્યા શાસ્ત્ર પ્રમાણેજ તેની સમાધાની કરી આપતાં હતા, પણ સાથે વાત એ કે પોતાનાં સિદ્ધાંતનીજ પુષ્ટી થાય પણ " **सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात् सत्यं प्रियम्** " આ મહા વાક્યને બરાબર માન આપતા. તેઓના હૃદયપટ પર શ્રી મહાવીર સ્વામિની સાથે ગૌતમાદિનો થયેલો સંવાદ બરાબર આલેખાયેલો હતો. જ્યારે ગૌતમ સ્વામી ભગવાન શ્રી મહાવીર સ્વામી પાસે આવ્યા હતા, ત્યારે શિષ્ય થઇને નોહતા આવ્યા પણ વાદી તરીકે મહાવીર ભગવાનને ઇંદ્રજાલિઓ સમજી જીતવાને આવ્યા હતા. પરંતુ ભગવંતે તેને એવા મધુર વચને આમંત્રણ કરી તેના માનેલા શાસ્ત્રદ્વારાજ તેની શંકા દૂર કરી કે જેથી ઝટ અસર થઇ ગઇ. શું આ વાત આપણે જાણતા નથી? જાણીએ તો છીએ પણ તેનો આશય સમજવામાં ફરક રહી જાય છે. જેમ એકજ કૂવાનું પાણી આખા બગીચામાં જાય છે, પણ જેવો છોડવો હોય છે તેવુંજ તેમાં પાણી પરિણમે છે. કાંટામાં કાંટાપણે અને ફૂલની પાંખડીમાં પાંખડીપણે, તેમજ એક સરખી વાણી ગ્રાહક પાત્રના આશય મુજબજ પરિણમે છે. મહાનુભાવો! મરહૂમની ગંભીરતાનો એક બીજો દાખલો સંભલાવી જે બે ઉદ્દેશ બાકી રહે છે તેને સંક્ષેપમાં વર્ણવી હું પોતાનું બોલવું સમાપ્ત કરીશ. જીરા (પંજાબ) માં એક ઇસાઇ મરહૂમની પાસે આવી એકદમ ઉદ્ધતાઇ ભર્યા શબ્દોથી બોલ્યો કે તમે અહિંસા અહિંસા પોકારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માંસ ખાવાનું નિષેધો છો પણ તમો પોતે માંસાહારથી ખાલી નથી ! આટલી વાત સાંભળતાંજ પાસે બેઠેલા કેટલાક સાધુ તેમજ શ્રાવકો ચમકી ઉઠયા ! શ્રાવક લોકો કાંઇક બોલવાની તૈયારી કરતાજ હતા કે ઝટ મહારાજજીએ રોકી કહ્યું કે ભાઇ ઉતાવળા ન થાઓ. એના કહેવાથી કાંઇ આપણે માંસાહારી બની ગયા ? એ શા આશયથી કહે છે એને પૂછવા દો. આ કારવાહી જોઇ ઇસાઇ એકદમ પોતાના મનમાં ભુંઠો પડી ગયો કે આવા ગંભીર પુરૂષને ન છાજતા ઉદ્ધતાઇ ભર્યાં શબ્દ મેં કહ્યા તે ઠીક ન કર્યું ! પણ હવે શું થાય જે ભાષા વર્ગણા નીકળવાની હતી તે નીકળી ગઇ ? મરહૂમે પૂછ્યું—ભાઇ ! તું શાથી કહે છે કે તમો પણ માંસાહારથી ખાલી નથી ?

ઇસાઇ—તુમ દૂધ પીતે હો યા નહીં ?

મરહૂમ—પીતે હૈ.

ઇસાઇ—તો બસ, દુધ, માંસ ઔર ખૂનસેહી બનતા હૈ. જબ માંસ ખૂનસે બના દુધ પી લિયા તો બાકી કયા રહા ? દુધ પીના ઔર માંસ નહીં ખાના કયા યહ ન્યાય હૈ ?

મરહૂમ—બેશક દુધકી પૈદાશ ઇસી તરહ હોતી હૈ ઔર ઇસીલિયે જૈનોંકા માનના હૈ કિ વ્યાંઇ હુઇ ભૈંસકા પંદરાં રોજ, ગાયકા દશ દિન ઔર ભેડ બકરી વગે રહકા આઠ દિન દુધ નહીં પીના; કયોંકિ ઉસકે દુધપણે પરિણમનમેં કસર હોતી હૈ. જબ વો દુધપણે પરિણમન હો ગયા તો વો જુદા પદાર્થ બન ગયા. ઇસ લિયે ઇસમેં હરકત નહીં સમજી જાતી. યહ કોઇ નિયમ નહીં હૈ કિ જીસસે જો પદાર્થ બને ઊસકે ખાનેવાલા મૂલ પદાર્થ કો ભી અવશ્ય ખાવે. અન્નકે ખેતમેં ગંદા પદાર્થ પડતા હૈ, કમાદ ( ઇખ ) ખડબૂજે વગેરહકી પૈદાશ અકસર ગંદકી કે ખાતરોહી હોતી હૈ તો કયા અન્ન, ઇખ, ખડબૂજા વગેરહ ખાનેવાલા ગંદગી ખાતા હૈ યહ માના જાયગા ? ગંદગીસે પુષ્ટ હુએ સૂર કે માંસકો ખાનેવાલા ઇસાઇ ગંદગી ખાવે ગા ? સુન ભાઇ ! બુરા નહીં મનાના તેને જૈસા સવાલ કિયા હૈ વૈસાહી તુજે જવાબ મિલેગા. અગર અપના કહના તુજે મંજૂર હૈ તો વિચાર લે. અગર અન્નાદિ ખાનેવાલા ઇસાઇ ગંદગી ખાતા હૈ યહ તેરા માનના હૈ તે ભલે તેરા અખતીયાર હૈ, હમે ભી તૂ અપની અકલકે અનુસાર તેરી મરજીમેં આવે વૈસે માન લે હમારા ઇસમેં કોઇ નુકસાન નહીં હૈ. મગર હમતો યહી માનતે હૈં કિ અન્નાદિ ગંદગી નહીં હૈ ગંદગી જુદા પદાર્થ હૈ. અન્ન જુદા પદાર્થ હૈ. ઇસી તરહ માંસ ખૂન જુદા પદાર્થ હૈ. દૂધ જુદા પદાર્થ હૈ ઇસલિયે દૂધ પીનેવાલા માંસાહારી હૈ યહ કભી સિદ્ધ નહીં હો સકતા.

ઇસાઇ–મહારાજ તુમને તો મુજે કિસી ચક્કરમેં ડાલ દિયા ઇસકા જવાબ ઔર કયા હૈ યાતો માંસ ખાનેવાલે ગંદગી ખાનેવાલે બને યા માંસકા ખાના છોડ દેવે !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરહૂમ—( જરા ઠંડો થયેલો જોઇ ) ભલા ભાઈ ! જીસકા દૂધ પીના ઉસકા માંસ ભી ખાના યહ તેરા યકીન પક્કા હૈ તો હમ એક બાત પૂછતે હૈં બચ્ચા માતાકા દૂધ પીતા હૈ તો ઉસે માતાકા માંસ ભી તેરે હિસાબ મુજબ ખાના ચાહિયે ઔર ઉસકા ખૂન ભી પીના ચાહિયે !

ઈસાઇ—અરે ! તોબા ! તોબા ! મહારાજ આપ સાધુ હો કર કયા બાત કરતે હૈ ? માતાને તો બચ્ચેકો પાલા હૈ ઉસકી તો જીતની બને ટહલ સેવા કરની ચાયે. વો તો અપને પર ઉપકારકી કરનેવાલી હૈ. ઉપકાર કરનેવાલે પર અપકાર કરના મહા નીચ કામ કહા જાતા હૈ.

મરહૂમ—વાહ ભાઈ વાહ ! જબ તૂં યહ બાત જાનતા હૈ તો ફિર જાન બૂજકર ઉલટા કયોં ચલતા હૈ ? હમ સાધુ હૈં તભી તેરે હિતકે લિયે તુજે સચ્ચી બાત કહ રહે હૈં. દૂધ પિલાનેવાલી માતા ઉપકાર કરનેવાલી હૈ તો કયા હમેશાહ દૂધ ઘી વગેરેહ પુષ્ટિકારક પદાર્થ કે દેનેવાલે જાનવર ઉપકાર કરનેવાલે નહીં હૈં ? માતા તો થોડે સમય તકહી દૂધ પીલાતી હૈ મગર જાનવર તો તા જીંદગી પાલના કરનેવાલે હૈં. અગર ઉપકાર કરનેવાલી માતાકો ઉપકારી માન ઉસકી બનતી સેવા કરની માનતા હૈ તો દૂધ, ઘી વગેરે સે ઉપકાર કરનેવાલે જાનવરોંકી ભી બનતી સેવા કરની મુનાસિબ હૈ ના કિ ઉસકો માર કર ખા જાના ! અગર ઇનસાફ કોઇ ચીજ હૈ તો ખુદ હી સમજલે.

ઇસાઇ—મહારાજ ! ક્ષમા કીજીએ મૈને આપકો તકલીફ દી હૈ. મગર આપકે વચનસે મેરા મન બદલ ગયા હૈ. મૈં સચ્ચે દિલસે કહતા હું જહાંતક મેરા જોર ચલેગા મૈં આપતો માંસ ન ખાઉંગા ઔર કોભી ખાનેસે હટાઉંગા. ( નમસ્કાર કરી ચાલતો થયો. )

સજ્જનો ! ગંભીરતા અને મધુરતાનાં ફળ જોયાં. હવે આપણે એ મહાત્માની નિરભિમાનતાનું થોડુંક દિગ્દર્શન કરીએ. પંડિત હંસરાજજી વર્ણન કરી ચુકયા છે કે પોતે પ્રતિષ્ટાના કે માનના ભૂખ્યા નોહતા જેની પુષ્ટિમાં હું વધારો કરીશ કે એઓ બિલકુલ માનનો પ્રેમ ન કરતાં સત્યનો પ્રેમ કરવાવાળા હતા. પોતે એકલા નોહતા સાથે પંદર સાધુનો પરિવાર હતો. પોતે પોતાની મેળે દીક્ષિત થઇ ફરતા તો શું કોઇ હાંકી કાઢતા ? પણ નહીં તેમને શાસ્ત્ર રીતિ પસંદ હતી. જો મનઃકલ્પિત રીતિજ રાખવી હોત તો ઢુંઢકપણુંજ શા સારૂ છોડતે ? પોતાની મેળે દીક્ષિત થાવું એ જૈનશાસનની રીત ન હોવાથી પોતાના બાવીસ વર્ષ જે ઢુંઢક દીક્ષામાં વ્યતીત થયા તે અરસામાં થયેલા સાધુઓને વંદના કરવી સ્વીકાર કરી પોતે ફરીથી દીક્ષા અંગીકાર કરી પોતાનું નિરભિમાનપણું જગતને બતાવી આપ્યું જેનો પ્રતાપ પ્રથમના માન-આદર સત્કાર કરતાં કઇ દરજે અધિક માન સન્માનના ભાગી બન્યા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ વાત આપણે ભુલવી જોઇતી નથી. વળી મરહૂમ કેવા નિડર અને દીર્ઘ વિચારશીલ હતા જેનું થોડું વર્ણન આપણા સોલીસીટર મી. મોતીચંદ કાપડિઆ કરી ચુકયા છે. જેમાં હું થોડો ઉમેરો કરીશ. એઓએ જૈન પ્રશ્નોત્તર ગ્રંથમાં જૈનોની જુદી જુદી પેટા જાતિઓ એકત્ર થવાથી જૈનની ઉન્નતિ થાશે લખ્યું છે તે આજ નહીં પણ કાલાંતરે થતું નજરે આવે છે અને તે તમો નહીં કરો પણ જમાનો તમારી પાસે ધીરે ધીરે જબરજસ્તીથી કરાવશે.

મહાશયો! આપણે મરહૂમ પૂજ્યના ઘણા ગુણોનું વર્ણન કર્યું હવે એમાંથી આપણાથી જેટલાનું અનુકરણ થઇ શકે તેટલું કરી જયંતી ઉજવવાના ઉત્સાહને સફળ કરવો જોઇએ. એક ક્ષત્રિય વીર પુરૂષનું વર્ણન કરવું તે જોશ વગર થવું અશકય છે, તો જોશના આવેશમાં મારાથી જે કાંઇ અઘટિત કહાયું હોય તે આપ સર્વ દરગુજર કરવાના હેતુ રૂપે મરહૂમ પૂજ્ય મહારાજના નામના તેમજ શાસન નાયક પ્રભુ શ્રી મહાવીર સ્વામીના નામના જયકારો બોલાવશો અને હું મારા આસનપર જઉં છું. આટલું કહી મહારાજશ્રીએ જય જયના અવાજ સાથે પોતાનું આસન લીધું.

ત્યારબાદ મિ. રાયચંદ ફૂલચંદે ઠાનજી કરમસી સ્કૂલના દશ વિદ્યાર્થિઓને રૂ ૧૦) આપવા જણાવવાની હકિકત મિ. મેઘજી હીરજીએ જાહેર કરી હતી. પરંતુ તે રકમ મહારાજ સાહેબના ઉપદેશથી મુંબઇના સંઘ તરફથી ખોલવામાં આવેલ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ફંડમાં પોતા તરફથી રૂ ૧૫) ઉમેરી આપી દીધી હતી. સાથે પાંચ વર્ષ સુધી દર વર્ષે પચીસ રૂપીઆ એ ફંડમાં આપવા કબૂલ કર્યું હતું. તે સિવાય શેઠ દેવકરણ મૂળજી તરફથી વિદ્યાર્થીઓને પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતાં. જે બાદ પ્રમુખ સાહેબનો ઉપકાર માની શ્રી મહાવીર સ્વામીની તથા શ્રી આચાર્ય મહારાજની જય બોલાવી મિલાવડો વિસર્જન થયો હતો.

બપોરે ઘણા ઠાઠથી ઋષિમંડળની પૂજા ભણાવવામાં આવી હતી તેમજ રાત્રે તથા આગલા દિવસે સવારમાં ભાવના ભાવવામાં આવી હતી. આ દરેક પ્રસંગે પ્રભાવના પણ કરવામાં આવી હતી.

## रतलाममां श्री आत्मारामजी महाराजनी जयंती.

इहां शुदि ८ ना दीवसे महाराजश्रीनो जयंतीनो दिवस होवाथी गुजराती मंदीर पासे सडक उपर आवेला उपाश्रये हांडी तकता अने ध्वजा विगेरेथी सणगारवामां आव्यो हतो. सुमारे आठ वागतां धर्म सभा चीकार भराइ हती प्रथम श्राविका वर्गे महाराजश्री हंसविजयजीनुं बनावेल श्री आत्मारा-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मजी महाराजना स्वर्गगमन संबंधी गायन मधुर अने वैराग्यजनक रागथी गाइ बताव्युं हतुं. बाद श्रावक वर्गे सारंगी आदि साथे जयंती संबंधी पदो गायां हतां. बाद मुनिराजश्री हंसविजयजी महाराजे जयंती संबंधी हिंदि भाषामां भाषण आप्युं हतुं जे नीचे मुजब हतुं.

श्री शीतलनाथाय नमः

**आद्येन हीनं जलधावदृष्टं मध्येन हीनं भुविवर्णनीयम्म्**
**अन्तेन हीनं धुनुते शरीरं तन्नामकं तीर्थपतिं नमामि ।१।**

महाशयो ! आजरोज जीस कारणसें आपण इहांपर एकत्र हुवेहै सोतो आपके जाणनेमें आया हिहोगा तथापि इस बातसें जो अनभिज्ञहै उनोके जाणनेके लिये कुछ कहेना चाहीये इसलिये में निवेदन करताहुंकि!!!

सज्जनो आजके शुभ प्रसंगमें अपण इहांपर तपगच्छाधिराज मरहुम श्री विजयानंदसूरीश्वरजी उर्फे श्री आत्मारामजी महाराजकी जयंती करनेको उपस्थित हुवेहै.

सुजनो अब इस जयंतीका क्या उद्देश हे सोभी साथसाथ दिखलानेकी आवश्यकता हे इसलिये में निवेदन करता हुं की महात्माके गुणानुवाद करके इनोके पगले पगले चलनेका प्रयत्न करना और उच्च जीवन गालना एहि इस जयंतीका आशय हे. जीस जीस देशमें पराक्रमी पुरुषोकी पूजा नही होती जीस देशमें महात्माके कीर्तिगान होते नही जीस देशमें बच्चोके सुकमाल मगजमें प्रभाविक पुरुषोंकी जीवनरेखा अंकित होती नही वोह देश उन्नतिके शिखरपर कैसे चढ शक्ताहै? इसलिये वीर पुरुषोकी बिरुदावलिका रिवाज प्राचीन कालसेहि चला आताहे.

सन्मित्रो—जयंती कीसकी होनी चाहिये सोभी लक्ष्य परलेने योग्य हे. इसलिये में प्रदर्शीत करता हुंकी जीनोने पवित्र जीवन व्यतित कीयाहो जन समाजको नैतिक धार्मिक और आत्मिक उन्नतिके अग्रपर चढानेको श्रम उठायाहो ऐसे महात्माके यशोगान गाकर इनोके सद्गुणोकुं ग्रहणकरनेकेलिये इनकी जयंती करनी उचितहै अब जयंती कैसे करना यह बातभी सोपयोगी है, इसलिये प्रतिपादन कीया जाताहेकी विद्याका प्रचार जब बढता जाताहे इस समयमें केवल जय जयकरके बेठ रहेना इस्सें जयंतीका उच्च हेतु साफल्य

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ताको प्राप्त होता नहीहे और श्रोताजनोमेंजी अच्छे संस्कार पमते नहीहे इसलिये जीस महात्माकी जयंती करनीहो उस महात्माकी जींदगीका अज्यास करके तथा जीवन दृष्टांतो जन समाजमें प्रसारके बाल वृध्धादिके हृदय कोमल बने पवित्र होजाय महात्माके पगले चलनेका इरादा होजाय वैसी जयंती करनी उचितहै.

गुणज्ञो!—इतना प्रसंगोपात कहकर अबमें मूल उपदेश पर आताहुं.

यस्याननान्निर्गतावक् संशयाश्च मपोंहति
रविप्रन्नेवतंसूरिं विजयानंददंस्तुमः ॥ १ ॥
कारुण्यामृतपूर्णाय शासनोधारकारिणे
विजयानंददात्रेच सूरिशाय नमो नमः ॥ २ ॥

महाशयो—पंजाव देशके अंदर ल्हेरा गाममें निवास करनेवाला ब्रह्मक्षत्रिय गणेशचंद्रकी पत्नि रुपांक्षत्रियाणीकी कुखसें संवत १८९३ में महाराजश्री आत्मारामजीका जन्म हुवाथा संवत् १९१० में जीवणरामजी पास इनोने लघुवयमें ढुंढकमतकी दीक्षा अंगीकारकरीथी इनोकी बुध्धि बडी प्रबलथी इससें वोह एक दिनमें ३०० श्लोक कंउस्थ करशक्तेथे यादास्त शक्ति तो एसी धरातेथेकी इनोकी मुलाकातके लिये एक दफे आया हुवा आदमीको प्रायः सारी उमरतक जूलतेनहीथे हजारो गाम नगरोंमे विचरे हुवे गामोके नाम तथा वहां निवास करते अग्रगण्य श्रावकोके नाम तथा कोसकी गीणती वगेरे उपयोगी बाबतां विहार करनेवाले साधुओकुं आप अच्छी तरां बता शक्तेथे एसी अलोकिक प्रतिज्ञाके बलसें ढुंढकमतमें प्रचलित सर्व शास्त्रके थोमेहि वर्षोमें आप पारगामी होगयेथे फेर इनोकुं शक पेदा हुवाकी जगवानका अनंत ज्ञान क्या इतने टबा ग्रंथोमें आशक्ताहे नहि नहि तत्वज्ञानसें जरपूर न्यायगर्जित टीकाके ग्रंथ जी होने चाहिये एसा विचार करके सिध्धान्तके प्रौढ ग्रंथोमें प्रवेश करनेके लिये यद्यपि ढूंढक लोक व्याकरणादिनहि पढतेथे तथापि इनोने व्याकरण काव्यकोष अलंकार और तर्कशास्त्रोका अज्यास कीया फेर आगमरुपी आरिसामें अवलोकन करनेसें शुद्ध स्वरुप तथा शुध्ध देवगुरु धर्मका ज्ञान हुवा. और ढुंढकपंथ मनःकल्पित शास्त्र विरुधहै एसी खातरी करके तथा सोनेकीतरां परीक्षा करके श्रीमद् विसनचंदजी तथा हाकमराय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आदि बुध्दिशाली साधुमंडलके साथ ढुंढक मतको वोसिराय दिया और मुहपट्टीयां तोड दीइ तथा हजारो ढुंढक श्रावक श्राविकाकुं प्रतिबोधके शुध्ध सनातन जैन श्वेतांबर संवेग धर्मकी दीक्षा संवत. १९३२ में प्रायः हजार कोशका पेदल विहार करके अमदावाद शेहेरमें श्री बुधिविजयजी उर्फे बुटेरायजी महाराजके पास अंगीकारकीइ तथा श्री शत्रुंजय गिरनार आबुराज वगरे तीर्थोंकी यात्रा करके जन्म सफल हुवा माना. संवत १९४३ में पादलिप्तपूरयाने पालीताणामें अनेक देशदेशांतरके संघने मिलके महाराजको आचार्यपद अर्पण कीया उसवक्तसें ए महात्मा श्री विजयानंदसूरीश्वर नामसें मशहुर हुवे इनोने जैन तत्त्वज्ञानका दर्शन करानेकु आदर्श याने आयना समान जैनतत्वादर्श ग्रंथ बनाया तथा अज्ञानरुप अंधकारको नाबुद करनेके वास्ते सूर्य समान अज्ञान तिमिर भास्कर ग्रंथ बनाया तथा तत्वस्वरुपका निर्णय करनेकु महेलके समान तत्वनिर्णय प्रासाद नामा ग्रंथ बनाया इत्यादि तत्वज्ञान गर्भित अनेक ग्रंथ तथा पूजा संग्रहादि बनाके जैन तथा जैनेतर कोमको अपने आभार निचे दबाइ इन ग्रंथोमें एसा तो यथार्थ उल्लेख कीया हेकी जीसको पढके एक नामांकित सन्यासीजीने जीसके ५१ तरेके अर्थ होवे वैसा मालाबंध काव्य बनाके महाराजकी स्तुति कीइ. और पत्र भेजके दर्शायाथाकी सारीरात आपके दो ग्रंथ देखके मुजे एसा आनंद आयाकी मुजे एक जगतको छोडके दुसरी दुनीयामें आगये. इत्यादि बहुत सालिखाथा महाशयो—महाराजश्रीने अपनी बुध्दिमत्तासें अमेरीकनतक जैन धर्मको मशहुर करदिया और पाश्चिमात्य विद्वानोकुं अपने आभारी बनादिये इसीसें डो. हानेलसाहेबने उपकार मानके नविन श्लोककी रचना पूर्वक आप जैन धर्ममें धूरंधरहो मेरेपरम उपकारीहो इत्यादि प्रकार स्तुतिव उपवादिइ.

विचक्षणो—मूर्तिपूजाके हिमायती इन्महात्माने पंजाबादि अनेक देश नगरोमें अंजनशलाका प्रतिष्ठाकरके संख्याबंध परमात्माकी प्रतिमास्थापनकी सद्गृहस्थों—पुस्तकोध्धार तथा शास्त्रसंशोधनका कार्यमेंभी इनाने कुछ कसर रखी नहीहे.

जीनवाणीके रक्षकके वास्ते तो इनोका इतना प्यारथाकी जैसलमेरमें चुमासि करनेकी मेने आज्ञा मंगवाइ जब वहांका भंडार खुलनेकी तथा प्राचिन पुस्तक लिखाना शुरु कीया तथा भोंयरेमें पुस्तक रक्षणके वास्ते पथरकी

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आलमारीयां बनतीहे इत्यादि बाबतोंसें खुश होकर मुजे १२ वर्षतक इहां रहनेका हुकम फरमायाथा तथा सर्व प्रकारकी मदद देनेको जैन एसोसियेसन तरफसें पत्र भेजवायाथा.

महाशयो—असली साधुत्वका दर्शन करनेको तथा धार्मिक चरचा वार्ता करनेको लिमरी तथा लक्कर आदिगाम नगरके राजा महाराजा इनके पास हाजर होतेथे इतनाहि नहि बल्के पादरी प्रमुख मतांतरीय अनेक हिंदु मुसलमिन इनोके पास वार्तालाप करनेको आतेथें इस चर्चाकी गमत देखनेके वास्ते कै के दफे दोदो तीनतीन कोससें लोक चले आतेथे ऐसीतो अद्भुत युक्तियोंसें यह महात्मा परास्त करतेथे तथा सबालोके उत्तर देतेथेकी जीसको सुणके लोक खुसखुस बनजातेथे और अढारा वर्णके लोक इनोकी बडी तारीफ करतेथे आखीरमें पंजाब देशांतरंगत गुजरानवाला शेहेरमें इनोने इसफानी दुनयाको छोडके संवत् १९५२ जेष्ट शुक्ल सप्तमी अष्टमीके रोज स्वर्गगमन कीया था मानुसूर्य अस्त होगया. सुणतेही सेंकडो शेहेरो तथा गामोमें हडताल पड गइ और हाहाकार मच गया जैन वर्ग शोक सागरमें डुब गया साधु साध्वी निराधार बन गये. इस विरहानलकी शांतिके लिये अमदाबाद मुंबइ, वडोदा, भावनगर, तलाजा आदि गामोगाम समवसरण महोच्छव अठाइ महोच्छव पूजा प्रभावना दान पुण्य होने लगे.

सुमित्रो—जैन कोम जब उदास होगइ तब पंजाबी लोकोका तो पुछना ही क्या इनोके उपरतो बडाभारी उपकारथा हरदम वोह लोक महाराजके दर्शन तथा वचनामृतको पीना चाहतेथे लेकिन दुर्दैवसें अब मृगतृष्णावत् होगया तब दर्शनके ध्याने उन लोकोने चंदा करके एक बडा भारी गुरुमंदिर अग्निसंस्कारकी जगापर बनवाया उसमें अंदाज साठ हजार रुपएकाव्यय हुवा जीसका फोटु इहां विद्यमानहे उस गुरुद्वाराको देखनेके लिये तथा जीसमें पधराइहुइ महात्माओकी चरणपादुकाका दर्शनके लिये हजारां स्वपर-मतके लोक आतेहै और अपनी विरह तृष्णा कुछ मिटातेहै हाल इनोके पट्टपर हमारे बडे गुरुभाइ श्री विजयकमलसूरिजी विद्यमानहै इनका निरुपण करके तथा धर्म कार्यमें इन महात्मासूरी राजाका अनुकरण करनेकी भलामण करके इस प्रसंगकोमें खतम करताहुं.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ગુજરાતપાટણમાં શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીની સ્વર્ગતિથી ઉજવવાનો મોહોત્સવ** જેઠ સુદ ૮ના દિવસે સાગરના ઉપાશ્રયે પ્રવર્તકજી મહારાજશ્રી **કાન્તિવિજયજીના પ્રમુખપણા** હેઠળ મર્હુમ આચાર્યશ્રી વિજયાનંદસૂરી (આત્મારામજી) મહારાજની સ્વર્ગવાસ તિથીના દિવસે જૈન પ્રજાનો મોટો મેલાવડો થતાં પ્રથમ મુનીશ્રી કીર્તિવીજયજીએ સ્તુતિ કરવા પછી પ્રવતકજીમહારાજે આત્મારામજી મહારાજનું જીવન ચરિત્ર ઘણી સરસરીતે સમજાવ્યું હતું, જેની અંદર મહારાજ કેટલાક વર્ષ સુધી ઢુંઢીઆના સાધુ તરીકે રહ્યા હતા, ત્યારપછી કેવી રીતે સંવેગી થયા અને પંજાબમાં શું શું કાર્ય કર્યા ત્યાર પછી અમદાવાદ આવી કેવી રીતે દીક્ષા લીધી, પાલીતાણામાં આચાર્ય પદવી કેવા ઠાઠથી અપાણી તે સર્વનો ખુલાસો તથા ચીકાગોની કાન્ફરન્સનું આમંત્રણ વખતે પ્રતિનીધી ગાંધી વીરચંદ રાઘવજીને મોકલી અનાર્ય દેશમાં ફરકાવેલી ધર્મધ્વજા. તે શીવાય તેમની અભ્યાસની શકતી વગેરે ઘણુંજ વીવેચન કરવામાં આવ્યું હતું, જે સાંભળીને સભા ગુરૂ મહારાજ આત્મારામજીની વિદ્વતાને માટે બહુ મગરૂર બનેલી લાગતી હતી. આ પ્રસંગે પંચાસરાજી પાર્શ્વનાથને દહેરે ઝવેરાતની આંગી તથા પૂજા ભણાવવામાં આવી હતી.

**આકોલામાં થએલો જયંતિ ઓચ્છવ**-આકોલા શહેરમાં હાલમાં બીરાજતા મુનિ મહારાજશ્રી હંસવિજય મહારાજના શિષ્ય **શ્રી દોલતવિજયજી** મહારાજના સદુપદેશથી શ્રી વિજયાનંદ સૂરીશ્વર (આત્મારામજી મહારાજ) જીની જેઠ શુદિ અષ્ટમીએ સ્વર્ગ તીથિ હોવાથી તે દીવસે જાહેર રસ્તા ઉપર ધ્વજા પતાકાઓ બાંધવાંમાં આવી હતી તથા દેરાસરજી એ તેમજ ઊપાશ્રયે પણ ધ્વજા પતાકાઓ બાંધી સવારથી વાજાંવાળાઓને બોલાવી દેરાસરજીએ વાજાં વગડાવ્યાં હતાં તથા મારવાડી સરાફ જુવાનમલજીના તરફથીબારાવ્રતની પૂજા રાગ રાગણીથી હારમોનીયમ વાજા સાથે ભણાવવામાં આવી હતી, તથા શ્રી આત્મારામજી મહારાજની સ્તુતિઓ શ્રી વલ્લભવિ૦ મા૦ની બનાવેલી તે અવસરે ગાવામાં આવી હતી પૂજામાં શ્રાવક શ્રાવિકાઓએ પાપારંભનો ત્યાગ કરીને લાભ લીધો હતો. ભગવાનની આંગી રચવામાં આવી હતી, તેમજ પ્રભાવના પણ થઇ હતી.

## "મેસાણામાં શ્રી આત્મારામજીની જયંતી."

જેઠ શુદિ ૮ ના રોજ પરમપૂજ્ય મહાપરમોપકારી ગુરૂવર્ય ન્યાયાંભોનિધિ શ્રીમદ્વિજયાનંદ સૂરીશ્વરજી (આત્મારામજી) મહારાજ સાહેબની સ્વર્ગ તિથિ હોવાથી જેઠ શુદિ, ૭ ના રોજ અહિંના શ્રાવકોને સદર તિથિની ખબર પડવાથી શુદિ ૮ રોજ વ્યાખ્યાન અવસરે દરરોજ કરતાં ઘણાજ માણસો થયાં હતા આ પ્રસંગે શ્રીમન કનક વિજયજી મહારાજ સાહેબાદિ ૧૧ મુનિરાજો વ્યાખ્યાનના હોલમાં પધાર્યા હતા, સદર અવસરે વિદ્વન્ મુનિ મહારાજ શ્રી **લલિતવિજયજી** સાહેબે સદર સૂરીશ્વરજી મહારાજ સાહેબનું છટાદાર જીવન ચરિત્ર સંભળાવ્યું હતું, આ ઊતમ ચરિત્ર સાંભળી કેટલાક શ્રદ્ધાવાન શ્રાવકો વિગેરેની ચક્ષુઓમાંથી આંસુઓની ધારા વહેવા લાગી હતી. સભા પવિત્ર ચરિત્ર સાંભળી પ્રભાવના લેઇ વિસર્જન થઇ હતી.

ઉક્ત દિવસે ઠાઠમાઠ પૂર્વક વીશ સ્થાનકની પૂજા ભણાવવામાં આવી હતી. કેટલીક પૂજાઓ મુનિરાજ શ્રી લલિતવિજયજીએ તથા મુનિરાજ શ્રી જીતવિજયજીયે મળી ભણાવી હતી. તેથી આનંદ વર્તી રહયો હતો. પૂજા પ્રસંગે વડનગરથી ભોજકો બોલાવવામાં આવ્યા હતા, સદર અવસરે આનંદ આનંદ વર્તી રહયો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

**મુનિવીહાર**—પરમોપકારી હંસવત્નિર્મલ શ્રીમાન હંસવિજયજી મહારાજ સાહેબ તથા પન્યાસજી શ્રીસંપદ વિજયજી મહારાજાદિ મુનિરાજો સલાણેથી વિહાર કરી ધામણોદ મુકામે પધાર્યા હતા. ત્યાં એક જૈન દેરાસર અને એક બે શ્રાવકનાં ઘર હોવાથી મહારાજ સાહેબ ઢુંઢીયાના સ્થાનકમાં ઉતર્યા હતા, અને વ્યાખ્યાન પણ ત્યાંજ ચાલતું હતું, ત્યાં ઢુંઢક બાઇઓ તથા અન્ય કોમના માણુસો હાજર થતાં હતાં. વ્યાખ્યાનની ખરી અસર થવાથી હોલી પૂજવી નહી. ઇત્યાદી નિયમો સારા થયા હતા, એટલુંજ નહિ બલ્કે સ્થાનકમાં બેસવાવાળા એક ભાઇએ પૂજા ભણાવી હતી, આ પ્રસંગે રતલામના શ્રાવકો આવી પહોંચ્યા હતા, તેમણે વાજીત્રો સાથે પૂજા ભાવનામાં પ્રભુના સ્તવનો ગાયા હતાં. ત્યાંથી સદર મહારાજ સાહેબાદિ પરસોડા ગામમાં પધાર્યા હતા. ત્યાં શ્રાવકોના પાંચ છ ઘરો છે. ત્યાંના એક સદ્‌ગૃહસ્થે પૂજા ભણાવી હતી, આ ગામના કેટલાએક લોકોએ મહાન તીર્થ શ્રી સિધ્ધાચલજીની તથા શ્રી સમેતસિખરજીની યાત્રા પ્રમુખના તથા હોળી નહિ પુજવાના નિયમો લીધા હતા, ત્યાંથી નવા ગામમા રાત્રી વ્યતીત કરી મહારાજ સાહેબાદિ રતલામ પધાર્યાં હતા. આ વખતે રતલામના શ્રાવકોએ શહેરને ધજા વાવટાથી શણગારી દબદબા ભર્યું સામૈયુ કર્યું હતું. મધ્ય બજારમાં સરકારી મકાનઉપર શ્રીમાન હંસવિજયજી મહારાજ સાહેબનું સોનેરી અક્ષરેથી નામ લખી આવકાર દાયક બોર્ડ લગાવેલું હતું. છેવટે શ્રી સુમતિનાથ સ્વામી ભગવાનના શિખરબંધ દેરાસરમાં અમૂલ્ય દર્શન કરી નવિન ધર્મશાળામાં વ્યાખ્યાન સંભળાવી ત્યાંજ મહારાજ સાહેબે સ્થિરતા કરી તે ધર્મશાળામાં દરરોજ ધર્મોપદેશ અપાય છે. સદર ગામમાં મહાન મુનિના પધારવાથી આનંદ આનંદ વર્તી રહ્યો છે. ( મળેલું )

# વઢવાણમાં શ્રી જૈન હુન્નરશાળા.

સંવત ૧૯૫૬નો દુષ્કાળ અને તે પછીના ઉપરા છાપરી દુષ્કાળના વર્ષોને લઇને આપણી કોમના ઘણા ભાગની સ્થિતિ એવી થઇ ગઇ છે કે પોતાના બચ્ચાંઓને જમાનાને લગતું વિદ્યા હુન્નરનું જ્ઞાન આપવાનું કાર્ય ઘણું મુશ્કેલ થઇ પડયું છે અને તેથી ભવિષ્યમાં સારી આશા રાખી શકાય એવા આશાવંત સ્વામી ભાઈઓની જીંદગી મજુરી જેવા સાધનોથી પુરી કરાતી જણાય છે.

આવી સ્થિતિવાળા આપણા ભાઇઓને જમાનાને અનુસાર હુન્નર સાથે ધાર્મીક અને વ્યવહારીક કેળવણી આપવાથી પોતાના કુટુંબનો સારી રીતે નિર્વાહ કરી શકે એ હેતુથી અને ગરીબોને બને તેટલે અંશે દુખમાંથી મુકત કરવા. આશરે ૯ માસથી અતરે ( વઢવાણ કાંપ ) " શ્રી જૈન હુન્નરશાળા " શ્રી શંઘની સહાય અને અનુમતિથી ખોલવામાં આવી છે. હાલ તરતંને માટે શરૂઆતથી અત્યાર સુધીમાં (૮) બાળકો (૯) વીધવાઓ અને (૨૧) કન્યાઓ કામ શીખે છે. તેને મફત શીખવાડવા ઉપરાંત કેટલાકની ખાવા પીવાની વીગેરે સરવે સગવડતા અને કેટલાકની માસીક સ્કોલરશીપ આપવામાં આવે છે. તથા દેશીપાકુનામું અને નૈતિકજ્ઞાન અને ધાર્મીક શિક્ષણ ઉપરાંત શીવવાનું,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભરવાનું. ગુંથવાનું, વેતરવાનું, વીગેરે કામ શીખવવામાં આવે છે ને તે રીતે શાળામાં તૈયાર થતો માલ (કોટ, પેરણુ, ખમીશ, ફરાક, પોલકા, ચોળી ટોપીઓ. ઘાઘરા, ઘાઘરી, સાફા, બત્તીઓ) જાહેર લીલામથી વેચી નાંખવામાં આવે છે.

ઉપરના કામમાં ઊમેદવારો માટે બીજી ખબર ન છપાતાં સુધી આવવાની સગવડ છે તો તેનો અવશ્ય લાભ લેવા જૈન હુન્નરશાળા. વઢવાણકાંપ સાથે પત્ર વ્યવહાર કરવાનું જણાવીયે છીયે.

કામ શીખનાર જરૂર પડતા માણસોની અને સાંચા કામની ગોઠવણ કરવામાં આવી છે.

આ શાળાને મદદની પણ જરૂર છે.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયને વધુ મદદ.

પુના ખાતે સ્થાપવા નક્કી થયેલ મહાવીર જૈન વિદ્યાલયને પ્રથમ રૂા. ૫૦૧૩ ની મદદ મળી હતી તે પછી વધુ મળેલી મમદ નીચેપ્રામણે જાહેર કરવા તેમના ઓનરરી સેક્રેટરી જણાવે છે.

૧૦૧ એક સદ્ગૃહસ્થ
૫૧ બાઇ સરસ્વતી તે શેઠ ઉત્તમચંદ મુલચંદઝવેરીની વિધવા
૧૦૧ શેઠ કાળીદાસ શવચંદ
૫૧ રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇ વકીલ
૫૧ ડાકતર નાનચંદ કસ્તુરચંદ મોદી
૫૧ મેસર્સ પ્રાગજી કેશવલાલ અને શી. બી મ્હેતાની કું.
૫૧ શેઠ ડાહ્યાભાઇ સાંકળચંદ અમદાવાદવાળા
૫૧ શેઠ પ્રાગજી ભીમજી
૧૦૧ શેઠ રૂપચંદ રંગીલદાસ
૪૦૧ મેસર્સ રતનજી જીવણદાસની કુંપની
૧૦૧ શેઠ ઓધડભાઇ નેમજી
૫૧ શેઠ અમરચંદ કાનજી
૧૫૧ શેઠ હીરાલાલ અમૃતલાલ
૧૦૧ શેઠ નાગરદાસ પુરૂષોતમ

૬૪૨૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શહેર ભાવનગરમાં મહામોહોપાધ્યાય શ્રીમદ્ વીરવિજયજી મહારાજનું આવકારદાયક આવાગમન.

## દબદબા ભર્યો થયેલ પ્રવેશ મહોત્સવ.

## જૈનોમાં અપૂર્વ ઉત્સાહ.

મહા મોહોપાધ્યાય શાંતમૂર્ત્તિ **શ્રીમદ્ વીરવિજયજી મહારાજ** તથા પન્યાસજી **શ્રીમદ્ દાનવિજયજી મહારાજ** વગેરે ગઇ સાલ ગુજરાતના સીનોર ગામમાં ચાતુર્માસ હતા. ત્યાંથી ગુજરાત અને કાઠિયાવાડના અનેક શહેર યાને ગામોમાં ઉપકાર કરતા શ્રીમાન્ આચાર્ય **મહારાજ શ્રીમદ્ વિજયકમળ સુરિશ્વરજી** સાથે કાઠીયાવાડમાં વળા મુકામે પધાર્યા. તેઓશ્રીનો પ્રથમ ઇરાદો શ્રી પવિત્ર સિદ્ધાચળજીની યાત્રાનો લાભ લેવાનો હતો. પરંતુ ત્યાં પ્લેગ ચાલતો હોવાથી ત્યાં જવું મુલતવી રાખી કાઠીયાવાડના નાના મોટા શહેરની જૈન પ્રજાના સદ્ભાગ્યે સીહોર—વરતેજ વાલુકડ, ગોધા વગેરે સ્થળે ઉપકાર કરતાં કરતાં, નાના ગામોમાં ફરી છેવટે મહુવા તળાજા થઇ પ્લેગનો વ્યાધિ નાબુદ થવાથી શ્રી સિદ્ધાચલજી પધાર્યા હતા. અત્રેના શ્રી સંઘનો–સમગ્ર સમુદાયનો ઉત્સાહ આચાર્ય મહારાજ તથા ઉપાધ્યાયજી મહારાજનો અત્રે ચોમાસું કરાવવાનો હતો. જેથી ગમે તે રીતે આગ્રહ પુર્વક, નમ્રતા પૂર્વક વિનંતિથી અત્રે લાવવા માટે શ્રી સંઘના આગેવાનોનું એક ડેપ્યુટેશન શ્રી પાલીતાણા મુકામે જેઠ શુદ ૧૫ ના રોજ ગયું. સીહોરનો સંઘ પ્રથમથી પાલીતાણા મુકામે વિનંતિ પોતાના ગામ માટે કરવા ગયેલ હોવાથી આચાર્ય મહારાજે તેઓને વચન આપી દીધેલું, જેથી ભાવનગરથી ગયેલ ડેપ્યુટેશનના અતી માન પૂર્વક આગ્રહથી છેવટે ઉપાધ્યાયજી મહારાજે કૃપા કરી ભાવનગર પધારવા હા કહી. ત્યારબાદ સીહોર મુકામે આચાર્ય મહારાજશ્રીનો બડી ધામધૂમથી સામૈયા સહિત પ્રવેશ મહોત્સવ થયો. અને શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ સીહોર પધાર્યા બાદ અત્રેના શ્રી સંઘના જાણવામાં આવ્યું કે ઉક્તમહાત્મા કેટલાક કારણોથી અત્રે પધારવાના નથી, જેથી ફરી સુમારે ચાલીશ પચાસ ગૃહસ્થોનું–શ્રી જૈન સંઘનું એક ડેપ્યુટેશન સીહોર ગયું. ગમે તે કારણોથી આ વખતે અત્રેના આગેવાનોની ઇચ્છા કોઇપણ રીતે અત્રે ઉક્ત મહાત્માને વિનંતિ કરી લાવવાની હતી, અને અત્રેના સંઘના અતી આગ્રહ અને વિનંતિથી પધારવાનું નકી થયું. અષાડ શુદ ૪ ના રોજ પ્રવેશ મુહૂર્ત્ત નકી થયું. દરમ્યાન અત્રે આખા સંઘમાં એટલો બધો હર્ષ હતો કે કયારે શુદ ૪ આવે અને ઉપાધ્યાયજી મહારાજ પધારે. અષાડ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શુદ ૩ ના રોજ શ્રી સંઘે સામૈયાને માટે યોગ્ય ગોઠવણ કરી રાખી, જે હકીકત અત્રેના અગ્રગણ્ય ગૃહસ્થ વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ જો કે જાણતા હતા, પરંતુ તેઓની ઇચ્છા સંઘ તરફથી થતાં સામૈયાનો ખર્ચ પોતે આપવા જણાવી. જે નક્કી થવાથી તેઓના ઉત્સાહે સામૈયાના ઠાઠમાં વૃદ્ધિ કરી. શુદ ૪ ના સવારે આઠ વાગે શ્રાવક શ્રાવિકાઓ સંખ્યાબંધ દાદા સાહેબની વાડીમાં એકઠા થવા લાગ્યા. સુમારે આઠ વાગે ઉક્ત મહાત્મા પધાર્યા. ત્યાં દર્શન કર્યા બાદ સામૈયું શેઠ હઠીસંગભાઇને ત્યાંથી ચડી ચતુર્વિધ સંઘ સાથે દાદા સાહેબની વાડીએ આવ્યું. જે મહારાજ સાહેબના દર્શન કરી ગામમાં ચાલ્યું. આ વખતે માણસોની ગીરદી, અપૂર્વ ઉત્સાહ અને સામૈયાનો ઠાઠ એ ત્રણે ભાવનગર શહેરની ઇતર પ્રજાને પણ આનંદ સાથે ચમત્કારીક લાગતું હતું. સામૈયું ગામ બહારથી ગોઘાના દરવાજે થઇ ગામમાં દાખલ થયું, અને જાહેર રસ્તા ઉપર પસાર થતાં દરેક ખાંચે અને નાકે ઉભા રાખી આ મહાત્માની સમક્ષ ગૂહલી કરવા સાથે અનેક બાઇઓ, બેનો તરફથી વંદન કરવામાં આવતું હતું. વધારે ઐંચાણુકારક તો એ હતું કે ઢાળ બજારને નાકે શેઠ રાયચંદ હીરાચંદના પત્નીએ સાચા મોતીની ગૂહલી કરી. સાચા સોનેરી બાદલા અને ચોખાથી આ મહાત્માને વધાવવામાં આવ્યા હતા. શહેરના રસ્તામાં એટલી બધી ગીરદી હતી કે રસ્તાઓ તેટલો વખત આવવા જવા માટે બંધ રહેલા હતા. છેવટે સામૈયું મહારાજ શ્રીયુક્ત મારવાડીના વંડાના નામથી ઓળખાતા સંઘના મોટા ઉપાશ્રય પાસે આવતાં, મહારાજે આગળ ચાલવું શરૂ કરતાના દરમ્યાન ઉક્ત ઉપાશ્રયમાં બીરાજમાન મુનિરાજશ્રી ઉત્તમવિજયજી મહારાજે વંડામાંથી બહાર આવી શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજને માનપૂર્વક વંડામાં (ઉપાશ્રયમાં) પધારવા આમંત્રણ કર્યું. જેથી તરતજ શ્રીમાન્ ઉપાધ્યાયજી મહારાજ પોતાની સાથેના મુનિરાજોની સાથે પાછા વળી ઉપાશ્રયની ડેલીમાં દાખલ થતાં શ્રી આદિશ્વર ભગવાન અને શ્રી આત્મારામજી મહારાજની જયનો હર્ષનાદ થયો—જયજયકાર થયો. ત્યારબાદ ઉપાશ્રયમાં પધાર્યા બાદ ઉપાધ્યાયજી મહારાજે શ્રી સંઘને મંગલીક સંભળાવ્યું, બાદ હર્ષ સાથે પ્રભાવના લઇ શ્રી સંઘ વીસર્જન થયો.

For Private And Personal Use Only